કિં. ₹૨૦/-
પાના નં.૧

ઑક્ટોબર-નવેમ્બર
૨૦૨૦

સળંગ અંક: ૮૬
વર્ષ : ૧૪

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું પારિવારીક સામાયિક

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

gnyatisetu.com

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

સર્વે
જ્ઞાતિજનોને
દિપાવલીની શુભેચ્છા
નૂતન વર્ષ મંગલમય હો
જ્ઞાતિસેતુ પરિવાર



અમદાવાદ જ્ઞાતિ દ્વારા સ્કોલરશીપ પ્રોગ્રામ
વિદ્યાસેતુ
श्रेष्ठानि विद्या दानानि सर्वदा

જ્ઞાતિજનો દ્વારા • જ્ઞાતિજનો માટે
MED AID

## કોરોનાનાં કષ્ટ દાયક સમયમાં પણ જ્ઞાતિજનોને સહાયરૂપ વિદ્યાસેતુ અને મેડ-એઈડ.

જ્ઞાતિ-ગૌરવ
પાર્થ પ્રફુલ્લભાઈ કંસારા
વાઈલ્ડલાઈફ ફોટોગ્રાફર



સોશ્યલ મીડીયા અને કોવીડ'૧૯...૧૨ | વિશ્વ માનક દિવસ...૧૮ | 'કલમકાર'ની વિદાય...૩૩ | જાણો પિકનીકનો ઈતિહાસ...૩૫

Bhartbhai Soni | Bhaumik Soni | Nishant Soni

The original ™ Since 1973

# Shree Ambica Touch

Gold Testing Lab. | Bullion | Refiners

**Now we are NABL Accredited Lab.** (Indian Gov. Approved)

**Special Services Available**

Manual Gold Testing Lab. | Computerized Gold Testing Lab.
Fire Assay Gold Testing Lab. | Gold Bullion (Online Gold Rate)
Gold Melting & Refining Services | Gold Bar Making Service

આપનાં સોનાની સામે ૯૯.૯૦% ની શુધ્ધતા વાળા ગોલ્ડબાર દરેક સાઈઝમાં ઉપ્લબ્ધ રહેશે.




"Gold Bars with Security Code"

"Bhaumik Jewellers"

First Ever in Gujarat - Online Gold Booking / Live Rate from Website & Mobile App

www.shreeambicabullion.com

Available on the App Store | Available on the Android App Store

We Provide "POWDER FREE" 99.90% Purity Reg. Gold Bars

| C. G. Road | Satellite | Vaadaj | Manekchowk |
|---|---|---|---|
| (079) 26461281 | (079) 26751281 | (079) 27642281 | (079) 22153581 |

**Corporate Office:** GF-01, Gold Souk Complex, B/h. Sapphire Tower, Nr. Iscon Arcade, C.G. Road, Ahmedabad-6, Gujarat. **Phone:** 26461281, 30001281 | **Help Line No.: 94287 39422**

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૫ ● અંક : ૨

ઓક્ટોબર / નવેમ્બર – ૨૦૨૦

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**ડિઝાઈન / મુદ્રણ આયોજન**
જયેશ ઘડિયાળી ૯૦૩૩૨ ૨૭૧૭૨

**વેબસાઈટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૯૭૯૬ ૩૬૨૬૬

**જ્ઞાતિ પ્રમુખ**
ગીરીશભાઈ સોની ૯૮૨૪૦ ૬૩૯૭૦

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
નીલેશ રમેશભાઈ પોમલ ૯૪૨૮૧ ૧૬૧૪૧

● **ભુજ**
મનોજભાઈ બારમેડા ૮૩૨૦૮ ૫૧૩૪૭

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા (ઉદય સ્ટેશનરી)૯૮૭૯૧ ૨૨૨૬૫

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

● **સાબરકાંઠા**
દિનેશભાઈ સોની (વૈશાલી જ્વેલર્સ-તલોદ) ૯૬૦૧૭૧૭૫૫૫

● **આદિપુર**
સુનીલ સોલંકી ૯૯૨૫૪ ૭૬૮૯૧

● **ગાંધીધામ**
કિશોર સોલંકી ૯૮૨૫૫ ૩૩૩૭૧

● **માંડવી**
વિનોદભાઈ હેડાઉ ૯૮૯૮૮ ૩૧૫૨૦

**માનદ્ સંયોજક (ભુજ)**
સુરેશ બીજલાણી ૯૮૭૯૦ ૪૩૫૫૧
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય** : ૧૫,સુપર મોલ, સી.જી. રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯-૪૮૯૭૧૩૨૨

વેબ સાઈટ : www.gnyatisetu.com


ઈ-મેલ : gnyatisetu@gmail.com

છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-
આજીવન (૧૫ વર્ષ) રૂા. ૧૫૦૦/-



**'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.**


## તંત્રી સ્થાનેથી



છેલ્લા લગભગ નવ માસથી કોરોના સંક્રમણના ભયથી ત્રસ્ત અને અસ્ત-વ્યસ્ત થયેલું આમ જનજીવન કોરોનાના વ્યાપક પ્રસાર છતાં, એના ભયને કોરાણે મૂકી, થાળે પડવા લાગ્યું છે. આ સંદર્ભે, આપણા સમાજની પ્રવૃત્તિઓ ફરી ધબકતી કરવા માટે, વ્યક્તિગત, પારિવારીક તેમજ સામૂહિક પહેલની આવશ્યક્તા અને એની પૂર્તિ માટેના આપણા પ્રયાસો પર થોડો વિચાર આવશ્યક છે. જેમકે :

★ આપણા સમાજના ક્યાં અને કેટલા લોકો સંક્રમિત થયા?

★ એમાંના કેટલા ઘર બેઠે અને કેટલા હોસ્પિટલ સહાય થકી ઠીક થયા.

★ એમાંના કેટલાને કોરોના સંક્રમણ મુક્ત થયા પછી અન્ય શારીરિક તકલીફ થઈ અને એના ઈલાજની શું વ્યવસ્થા કરી?

આ વિગતોને આધારે જરૂરતમંદોને આવશ્યક્તા મુજબ શક્ય તબીબી સહાયતા / માર્ગદર્શન અંગે સામૂહિક પ્રયાસનું આયોજન થઈ શકે. જે માટે આપણા સમાજના જ તબીબી સેવારત સભ્યોનો સહયોગ મેળવી શકાય.

અત્રે પ્રશ્ન એ થશે કે, આ વિગતો કોણ અને કઈ રીતે મેળવી શકે? કોણ એ વિગતોનું સંકલન / વિશ્લેષણ કરી શકે અને જરૂરતોને સહાયતા / માર્ગદર્શનનું સંસ્થાગત આયોજન કઈ રીતે થઈ શકે?

સદ્ભાગ્યે આપણા સમાજનું 'મહામંડળ' છે. આ મંડળ કચ્છ તેમજ અન્યત્ર વસતા આપણા 'સ્વજનો' સાથે, જ્ઞાતિ મંડળો, આગેવાનો, કાર્યકરો મારફત સતત સંપર્કમાં છે. અમને વિશ્વાસ છે કે મહામંડળના સુજ્ઞ અગ્રણીઓ આ બાબતે સક્રિય રીતે વિચારશીલ હશે. મહામંડળનો આ અંગે કોઈ અભિગમ હોય તો 'સેતુ' એમાં સહભાગી થવા ઉત્સુક છે.

આ તો થઈ સમાજના કોરોના સંક્રમિત સભ્યોની વાત. આ અંગે સામૂહિક અને સંગઠિત, સંસ્થાગત રીતે સમયોચિત પ્રયાસ અવશ્ય થઈ શકે.

તદુપરાંત, આપણા સમાજના કેટલાક પરિવારો પણ હશે, જેઓ કોરોના સર્જીત સામાજીક, આર્થિક તેમજ વ્યવસાયીક મુશ્કેલીઓનો ભોગ બન્યા હશે અને એમને સમયોચિત માર્ગદર્શન / સહાયતાની આવશ્યક્તા હશે. આવા પરિવારોને મહામંડળ સંસ્થાગત **હૂંફ** આપી શકે. મહામંડળ આવી કોઈ પ્રવૃત્તિ અંગે અવશ્ય વિચારતું જ હશે. 'સેતુ' પણ એમાં સહભાગી થવા તત્પર છે.

ઉપરોક્ત બંને બાબતો અંગે 'સેતુ'ના સુજ્ઞ વાચકોના વિચાર / અભિપ્રાય / સૂચનો સાદર આમંત્રિત છે.

અસ્તુ.

**– હંસરાજ કંસારા**

# હિંદુઇઝમ – (૧૪)

**પ્રેષક : તુલસીદાસ કંસારા**

*અનલોકડાઉન સમયમાં બહાર પડેલ 'જ્ઞાતિસેતુ'ના જુલાઈ-૨૦૨૦ના અંકમાં સાત પ્રશ્નો (૪૧થી ૪૭)ના ઉત્તરમાં આપણે દંડવત પ્રણામ, અપવાસ, પુસ્તકોનું સન્માન, યજ્ઞોપવિત કે જનોઈના પ્રસંગની ઉજવણી, કમળના ફુલનું મહત્ત્વ, આપણા શરીરમાં આવેલ સાત ચક્રો અને કુંડલિની શક્તિ તેમજ મંત્રો બાબત હિંદુ માન્યતાઓ વિશે જાણ્યું. હવે, આ અંકમાં આપણે અન્ય સાત પ્રશ્નોમાં "ૐ" પ્રાર્થના કે પૂજા બાદ "શાંતિ, શાંતિ, શાંતિ"નું ઉચ્ચારણ, યોગ શું છે, હિંદુ ધર્મ અને વિજ્ઞાન વચ્ચે શું કોઈ મતભેદ છે, સ્ત્રીનું મહત્ત્વ, હિંદુ લગ્ન અને તેની અર્થસૂચકતા કે મહત્ત્વ, પાપ અને નર્કનો વિચાર, હિંદુ ધર્મમાં શૈતાનનો વિચાર, વગેરે વિશે વિશેષ જાણીશું.*

*સવાલ-૪૮ : "ૐ"નું રટણ શા માટે કરવામાં આવે છે?*

*જવાબ* : "ૐ" અથવા તો પ્રણવ એ ભગવાનનું વૈશ્વિક નામ છે અને તે રીતે "ૐ"કાર ભગવાનનું પ્રતિનિધિત્વ કરે છે. "ૐ"ને અક્ષરબ્રહ્મ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે હિંદુ ધર્મની વૈશ્વિક ઓળખનું પ્રતીક છે. "ૐ"કારનું રટણ મંત્ર તરીકે અથવા ધ્યાન ધરવા માટે પણ કરવામાં આવે છે. "ૐ" એ મૂળ અવાજ છે. તેમાંથી મંત્રો શીખે અન્ય અવાજો ઉત્પન્ન થયેલ છે. એવું માનવામાં આવે છે કે ઇશ્વરે "ૐ" નો ઉચ્ચાર કર્યો અને એમાંથી પ્રકૃતિનો ઉદ્‌ભવ થયો.

"ૐ" ના મંત્રમાં ત્રણ અવાજો સમાયેલા છે : "અ...ઊ...મ". આ ત્રણેય અક્ષરો ત્રણ અવસ્થાઓને પ્રતિબિંબિત કરે છે (જાગૃત, સ્વપ્ન અને ઊંડી ઊંઘ), ત્રણ ગુણો (સત્ત્વ, રજસ્ અને તમસ્), ત્રણ દેવો (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ), ચાર વેદોમાંથી ત્રણ વેદો (ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ), ત્રણ દુનિયાઓ (ભૂલોક, ભૂવાહા - અવકાશ અને સ્વાહા – સ્વર્ગલોક). વેદોનું સંપૂર્ણ સત્ત્વ "ૐ" ના મંત્રમાં નિવેશિત થયેલ છે. માંડુક્ય ઉપનિષદમાં "ૐ" નો મહિમા વર્ણવેલ છે. નિયમિતપણે "ૐ" નું રટણ શ્વાસોચ્છ્‌વાસની ક્રિયામાં સુધારો લાવે છે, મગજને શાંતિ આપે છે અને આધ્યાત્મિકતાને ઉચ્ચ સ્તરે લઇ જાય છે.

*સવાલ-૪૯ : પ્રાર્થના કે પૂજા પછી "શાંતિ"નું ત્રણ વખત ઉચ્ચારણ શા માટે કરવામાં આવે છે?*

*જવાબ* : સામાન્ય રીતે પ્રાર્થના પછી "ૐ શાંતિ, શાંતિ, શાંતિ..." ત્રણ વખત બોલવામાં આવે છે. જેનો મતલબ દુઃખ તેમજ વિઘ્નોમાંથી મુક્તિ અને શાંતિ માટેની તીવ્ર ઇચ્છા હોય છે. બધા જ દુઃખો અને શોક, મુસીબતો, ત્રણ સ્તોત્રમાંથી આવે છે. આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિકા.

૧. આધિદૈવિક મતલબ દેવો દ્વારા પ્રેરિત પ્રાકૃતિક આપદાઓ જેમકે ધરતીકંપ, પૂર, દુષ્કાળ, ચક્રવાત અને અન્ય કુદરતી હોનારતો – જે દરેક માનવ પ્રત્યે દેવોના કોપને કારણે થાય છે.

૨. આધિભૌતિક એ માનવ અને પ્રાણીઓને કારણે થાય છે. માનવો યુધ્ધ, પર્યાવરણને નુકસાન અને ગુનાખોરી તેમજ અન્ય દુઃખદાયક ક્રૂર કર્મો કરે છે, જેને કારણે આવી આપત્તિો આવે છે.

૩. આધ્યાત્મિકાનો ઉદ્‌ભવ માનસિક સ્થિતિ અને ગુસ્સો, હતાશા જેવા અભિગમથી થાય છે.

પોતાના રોજબરોજના કે ખાસ કામોમાં આવા વિઘ્નોથી બચાવવા માટે ભક્ત ભગવાનને પ્રાર્થના કરે છે. જેથી તે ૐ શાંતિનું ત્રણ વખત ઉચ્ચારણ કરે છે. પ્રથમ વખત તે દેવોની ન દેખાતી આપદાઓ માટે, બીજી વખત શાંતિ જરા ધીમેથી બોલીને માનવો અને તેના સંજોગોને ઉદ્દેશવામાં આવે છે અને છેલ્લે એકદમ ધીમેથી બોલીને પોતાની જાતને, પોતાના મનને ઉદ્દેશીને શાંતિનું ઉચ્ચારણ થાય છે.

*સવાલ-૫૦ : યોગ એટલે શું?*

*જવાબ* : યોગ એટલે સંયોજન, એકાત્મકતા, જોડાણ. મહર્ષિ પતંજલીના યોગસુત્રમાં જણાવ્યા પ્રમાણે યોગનું અંતિમ ધ્યેય છે ભગવાન સાથેનું જોડાણ, તેમની સાથેની તાદાત્મયતા. તેઓ એમ પણ વર્ણવે છે કે યોગ વ્યક્તિનો સર્વાંગી રૂપે એટલે કે શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ પણ કરે છે. ધીમે ધીમે વ્યક્તિના વિચારો અને આચારો અંતિમ દૈવી શક્તિ સાથે તાદાત્મયતા સાધે છે.

યોગના અનેક પ્રકારો છે. કેટલાક તેમાંના કર્મયોગ અથવા તો આચરણના યોગ કહેવાય છે. તે એવા લોકો માટે છે જેઓ ક્રિયાશીલ છે. ભક્તિયોગ જેઓ ભાવનાત્મક રીતે ભગવાનને ભજે છે, રાજયોગ ગુઢ કે રહસ્યમય સ્વભાવવાળા લોકો માટે છે જ્યારે વિવેકબુદ્ધિ અને તત્ત્વજ્ઞાનીઓ માટે જ્ઞાનયોગ છે અને હઠયોગ શ્વાસોચ્છવાસ અને શારીરિક સૌષ્ઠવ તેમજ શરીરની આંતરિક વ્યવસ્થા માટે છે. લય અથવા કુંડલિની યોગ, કુંડલિની શક્તિની જાગૃતિ માટે છે જે મેરૂદંડના મૂળ સાથે સંકળાયેલ છે અને મંત્રયોગ પોતાના વિકાસ અને સંરક્ષણ માટે મંત્રોના રટણ બાબતનો યોગ છે.

યોગનો અર્થ એવો પણ કરવામાં આવે છે કે તે શારીરિક કસરતો (હઠયોગ) અથવા તો ધ્યાનની પ્રક્રિયા (રાજયોગ) છે, જે પતંજલી યોગ તરીકે પણ ઓળખાય છે. ખરેખર તો શારીરિક કસરતો કરતા સર્વાંગી યમ – નિયમ અને સંયમ દ્વારા આત્માના વિકાસ અને તે રીતે ઈશ્વરના સાક્ષાત્કાર ઉપર ભાર મૂકે છે.

મહર્ષિ પતંજલી અષ્ટાંગયોગ વિશે યોગસૂત્રમાં શારીરિક તેમજ માનસિક કસરતો, આત્મબળ કે આત્મનિયંત્રણ વિગતે જણાવે છે. આ આઠ પગલાઓ છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

યોગસુત્રમાં જણાવ્યું છે કે લાંબા સમય સુધીનો યોગનો અભ્યાસ ચોક્કસ રીતે એક અકલ્પનીય શક્તિ જન્માવે છે, જેને સિદ્ધિ કહેવાય છે. પરંતુ કોઈએ પણ તેના માટેની ખેવના કે ચાનક રાખવી જોઈએ નહીં કારણકે તે આધ્યાત્મિક વિકાસમાં અડચણરૂપ બને છે, બાધક બને છે.

***સવાલ-૫૧ : શું હિંદુધર્મ અને વિજ્ઞાન વચ્ચે તકરાર કે મતભેદ છે?***

*જવાબ* : હિંદુધર્મ ક્યારેય પણ વિજ્ઞાનની સાથે તકરારમાં નથી ઉતર્યું. મંડુકા ઉપનિષદે જ્ઞાનને બે વર્ગમાં વર્ગીકૃત કરેલ છે : પરા અને અપરા (spiritual અને temporal – આધ્યાત્મિક અને દુન્વયી કે ઐહિક). કથા ઉપનિષદ શ્રેય અને પ્રેમ એટલે કે આધ્યાત્મિક અને ભૌતિક નામે બે રસ્તા વર્ણવે છે. વિજ્ઞાન જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સાથે સંબંધ ધરાવે છે જ્યારે ધર્મ માનવીની ભાવનાત્મક કે આધ્યાત્મિક જરૂરિયાતો સંતોષે છે. બંને અલગ અલગ કાર્યક્ષેત્રમાંથી ઉદ્‌ભવેલ છે. એક તર્ક કે કારણ આધારિત છે, જ્યારે બીજું આસ્થા આધારિત છે. હિંદુ ધર્મમાં બંને એકબીજાના પૂરક છે. આમ છતાં પણ આધ્યાત્મિક જ્ઞાનને ઉચ્ચ કક્ષાનું માનવામાં આવે છે. ભારતના મહાન ઋષિ વૈજ્ઞાનિકો આધ્યાત્મિકતાને વરેલા હતા અને તેમણે અદ્‌ભુત વૈજ્ઞાનિક શોધખોળો કરેલ છે.

***સવાલ-૫૨ : હિંદુ ધર્મમાં સ્ત્રીઓનું સ્થાન શું છે?***

*જવાબ* : હિંદુ ધર્મમાં એવી માન્યતા છે કે બધી જ ઉત્પત્તિઓ – સર્જનો દૈવી કે પવિત્ર રીતે થયેલ છે તેમજ વ્યાપેલ છે, ફેલાયેલ છે. બધા જ સરખા છે. કોઈપણ પુરૂષ કે સ્ત્રી ઉચ્ચ નથી કે નીચ નથી. આમ છતાં પણ આધ્યાત્મિક ઉન્નતિ માટે અને આનંદ માટે હિંદુ શાસ્ત્રોએ નીતિમત્તાના ધોરણો પુરૂષ અને સ્ત્રીઓ માટે નક્કી કરેલ છે. પ્રાર્થનાના સ્થળે કે આધ્યાત્મિક સાધના વખતે સ્ત્રી અને પુરૂષોને અલગ અલગ વિભાગમાં રાખવાનું તેમના પ્રત્યે ભેદભાવ ના કહી શકાય. આ એક શિસ્ત છે જે દરેક દૈવી કે પવિત્ર બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટેનો માર્ગ મોકળો કરે છે અને આધ્યાત્મિકતાના પ્રયત્નોને વેગ આપે છે, પ્રોત્સાહન આપે છે.

હિંદુઓ સ્ત્રીઓને નદી, જમીન ઇત્યાદિના રૂપમાં જુએ છે. તેઓ સરસ્વતીને ભજે છે, જે જ્ઞાનની દેવી છે. લક્ષ્મી જે ઐશ્વર્યની દેવી છે, સીતા એક આદર્શ પત્ની છે અને દુર્ગા જે શક્તિની દેવી છે. વૈદિક સમયમાં થઈ ગયેલા ગાર્ગી એક મહાન વિદ્વાન હતી અને મૈત્રિયીએ સાક્ષાત્કાર માટે પોતાની બધી જ સંપત્તિનો ત્યાગ કરેલ. આંદલ, મીરાંબાઈ અને તેવાં અન્ય આધ્યાત્મિકતાની યાદીના પ્રતીકો છે.

હિંદુ ધર્મમાં પતિ અને પત્ની એકબીજાના પૂરક કહેવાય છે અને નહીં કે એકબીજાના પ્રતિસ્પર્ધી. તેથી જ પત્નીને સહધર્મચારીણી કહેવામાં આવે છે.

***સવાલ-૫૩ : હિંદુ લગ્નોની અર્થસૂચકતા અને તેનું મહત્વ શું છે?***

*જવાબ* : હિંદુઓના સોળ સંસ્કારોમાંથી લગ્ન એક સંસ્કાર છે. તે પવિત્ર અગ્નિની સાક્ષીએ અને મા-બાપ, કુટુંબીજનો અને મિત્ર

વર્તુળની હાજરીમાં બ્રાહ્મણ દ્વારા વેદમંત્રોના ઉચ્ચારણો સાથે સંપન્ન કરવામાં આવે છે. લગ્ન એ સામાજીક પરંપરા છે, જે ચાર મુળભૂત માન્યતાઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષની વિભાવનાઓમાંથી ત્રીજા નંબરની કામ-વાસનાને સંતોષવા માટે જ નથી. લગ્નના મંત્રો અને પ્રતિજ્ઞાઓ પુરૂષ અને સ્ત્રીના મેળાપને એક પવિત્ર બંધન લેખે છે. હિંદુ ધર્મમાં પત્નીને સહધર્મચારીણી અથવા તો તેને જીંદગીની રાહમાં નૈતિક મૂલ્યોનું આચરણ કરતી પત્ની, અર્ધાંગિની કહેવામાં આવે છે, જે પતિને સલાહ સૂચન આપે છે અને ધર્મની રાહ પર પતિને અનુસરે છે, સંગાથ આપે છે, મદદ કરે છે.

*સવાલ-૫૪ : પાપ અને નર્કની વિભાવના શું છે?*

*જવાબ* : હિંદુ ધર્મ કર્મના સિદ્ધાંત અને પુનઃજન્મમાં માને છે. સારા કર્મો પુણ્ય અથવા તો યોગ્યતા તરફ લઈ જાય છે અને ખરાબ કર્મો પાપમાં પરિણમે છે. દરેક જણને તેના પાપ માટે આ જન્મ અથવા તો પછીના જન્મમાં સજા મળે છે. પાપી માટે નર્ક એક પીડાકારક અને રીબાવી નાખનાર અનુભવ આપનાર જગ્યા છે. પુરાણો નર્કમાં આવી ૨૮ જગ્યાઓ વર્ણવે છે, જે દરેક ચોક્કસ પ્રકારના પાપ માટે બનાવવામાં આવેલ છે. એક વખત સજા પૂરી થઈ જાય એટલે જીવ ફરીથી જન્મ-મરણના ચક્કરમાં પ્રવેશ કરે છે અને આખરે મનુષ્ય જન્મ મેળવે છે, જે તેના માટે મુળભૂત ઈચ્છાઓ અને માયામાંથી છુટવાની એક તક છે.

હિંદુધર્મ કાયમી, હંમેશ માટેની અધોગતિ કે સર્વનાશમાં નથી માનતો. જીવને સુધરવાની અને પુનઃજન્મ મારફતે ઉચ્ચ કક્ષાએ પહોંચવા માટેની તક આપવામાં માને છે. હિંદુધર્મ કહે છે કે આત્મા કે જીવ એ સ્વભાવથી કે આંતરિક રીતે પાપી નથી, પરંતુ શુદ્ધ છે, પવિત્ર છે.

■ ***End Piece :***

***Hinduism is the mother of all religions.***

***– Swami Vivekanand***


## જ્ઞાતિસેતુ

***"જ્ઞાતિસેતુ" – એ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ દ્વારા દર બે માસે અમદાવાદથી પ્રસિદ્ધ થતું સમાજનું પારિવારિક સામાયિક છે.***

**'જ્ઞાતિસેતુ'નું લવાજમ : ● રૂા. ૩૦૦/- (ત્રણ વર્ષ માટે) ● રૂા. ૧૫૦૦/- (પંદર વર્ષ માટે)**

'જ્ઞાતિસેતુ'ના લવાજમ ધારકો, વિજ્ઞાપન સહયોગી તેમજ દાતાઓને નમ્ર નિવેદન છે આપના લવાજમ, જાહેરાત તથા શુભેચ્છા સહયોગની રકમ 'જ્ઞાતિસેતુ'ના સ્થાનિક સહયોગીઓ અથવા અમદાવાદ કાર્યાલય પર જમા કરાવી શકશો. ***અથવા*** નીચે જણાવેલ બેંકમાં RTGS / NEFT દ્વારા ટ્રાન્સફર કરી શકશો ***અથવા*** રોકડા કે ચેક (**"શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ"**ના નામનો) લખીને **"પંજાબ નેશનલ બેંક"**માં કોઈપણ શાખામાં જમા કરાવી શકશો.

***વધુ જાણકારી માટે સંપર્ક*** : ★ મનુભાઈ કોટડિયા મો. 96012 75078 ★ અતુલ સોની : મો. 97250 38140

***બેંકની વિગત*** : *ખાતાનું નામ :* **શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ**

*બેંકની વિગત :* પંજાબ નેશનલ બેંક. ★ *બ્રાંચ :* ઑફ સી.જી. રોડ

*સેવિંગ્સ એકાઉન્ટ નં. :* 5194000100003759 ★ ***IFS Code :*** PUNB0519400


***કાર્યાલય*** : જે. જે. જ્વેલર્સ, ૮, સુપરમોલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

ઈ-મેઈલ : gnyatisetu@gmail.com

# કટ્ટા નુખના પરિવારના પુરસાદાદાનો મહિમા

**સંકલન : તીર્થ પી. સોની - નખત્રાણા**

સંવત ૧૫૦૫ના અરસામાં કટ્ટા પરિવાર તુણા બંદરે ઉતરેલ. જે રાજસ્થાનથી આવેલ. તે પૈકી કેટલાક કુટુંબ ચોટીલા તરફ ગયેલ અને બીજા તુણા બંદરે આવેલ. તુણાથી મુંદ્રા બંદરે સ્થાયી થયા જ્યાં કટ્ટા પરિવારના માતાજી ચાંદરા માં નું મંદિર આવેલ છે. જ્યાં આજે પણ ભુજનાં વેલજી સંગજીના પરિવાર જુઆર વગેરે કરવા જાય છે.



સોની બાબુલાલભાઈ ગોવિંદજીભાઈ કટ્ટા - નખત્રાણા

મુંદ્રાથી થોડાક કુટુંબ ધૂણઈ ગયેલ. જ્યાં આપણા સોની કુટુંબના ૨૫૦ ઘર હતા અને ત્યાં પણ કટ્ટા પરિવારના સતીમાં અમરબાઈમા નું સ્થાનક આજે પણ ગામના બહારના ભાગમાં ટેકરી ઉપર આવેલ છે. ત્યાં દર વરસે આસો સુદ-૧૪ ના પૂજા અર્ચના કરી અને પેડી ચડાવે છે.

આ કટ્ટા પરિવાર પૈકી એક કુટુંબ નખત્રાણા તાલુકામાં સંવત ૧૬૦૦ના અરસામાં આવેલ અને તેઓએ ચાવડકા અને વિથોણની બાજુમાં વસવાટ કર્યો.

તે વખતમાં આ પરિવાર માલ ઉછેરનો ધંધો કરતા. ખાસ કરીને ગાયોનો ઉછેર પોતે જાતે કરતા તથા માણસો મારફતે કરાવતા કારણકે સોના ચાંદીના કામકાજ બહુ જ ઓછા. એટલે આ વ્યવસાય કરતા.

સંવત ૧૬૦૦ - ૧૭૦૦ના વચ્ચેના ગાળામાં બહારવટીયા, લુંટારાનો ઘણો જ ભય હતો.

માલને સીમાડામાં ચરાવવા માટે લઇ જવા પડે અને આ પરિવાર કરતા.

એક વખત સીમમાં ગાયો ચરાવતા હતા ત્યારે બહારવટીયાઓને ગાયોને હંકારી જતા જોયા એટલે તેમણે સામનો કર્યો અને તેઓ એકાદ જણ હોવાથી અને બહારવટીયા ઘણા હોવાથી સામનો કરતાં શહીદ થયા અને ત્યારથી જ્યાં શહીદ થયા ત્યાં તેમનો પાળીયો કરવામાં આવેલ અને દર વરસે આસો સુદ-૧૫ (પૂનમ)નાં દિવસે પૂજા આરતી પેડી કરતા, જે આજે પણ તે દિવસે ત્યાં પૂજા અર્ચના થાય છે, પેડી ચડે છે. રખીયા ભજનીક ત્યાં આવે છે, ભજનભાવ કરે છે અને તેઓ પણ ત્યાં પ્રસાદ સાથે લે છે.

- **પરચા :**

**૧.** આ મૂર્તિ (પાળીયો) ઉભો કરેલ તે જગ્યાએ વડીલોએ તલાવડી નાની બનાવેલ પરંતુ આવ બરાબર ન હોવાના કારણે તેમાં રેતી ભરાઈ જતા, તલાવડીમાં એકાદ માસ પાણી રહેતું. આ તલાવડીમાં ખામેત્રો કરાવવા માટે કટ્ટા પરિવારના વડીલોની એક મીટિંગ કરવામાં આવેલ. તેમાં આ તલાવડીની જગ્યાએ શેલોર વાવ કરવી એવું નક્કી કરવામાં આવેલ. તે અરસામાં બે-ચાર દિવસ બાદ મીટિંગવાળા પૈકી એક જણને સપનામાં પુરસાબાપા આવેલ અને કહેલ કે સેલોર કરાવશો નહીં કારણકે મારી ગાયો પાણી પી શકશે નહીં. માટે તલાવડીમાં ખાણેત્રો કરાવો. ત્યારબાદ આ તલાવડીમાં ખાણેત્રો કરાવેલ છે.

**૨.** પુરસાદાદાની મૂર્તિ ખંડિત થઈ ગયેલ હોતાં તે મૂર્તિને વિથોણ લઈ જઈ કારીગર - કડિયા પાસે સમારકામ કરાવવું એવું નક્કી કરીને રીક્ષા લઈ આવી, મૂર્તિ લઇ જવા કહેલ. તે રીક્ષા લઇ આવેલ અને મૂર્તિને ઉપાડી રીક્ષામાં મૂકવા બે થી ત્રણ જણ ઊભા થયા અને મૂર્તિ ઉપાડી, પણ મૂર્તિ ઉપડી નહીં. ત્યારબાદ બાકીના છ સાત માણસો હતા તેમણે પણ મૂર્તિ ઉપાડી રીક્ષામાં મૂકવા સાથ દેવા જણાવેલ. પરંતુ નવ જણાથી મૂર્તિ ઉપડી નહીં. આ બધા પરથી એમ નક્કી કરેલ કે બાપાને ગામમાં જવું નથી.

વડીલોએ બનાવેલ મૂર્તિ ઘણી જીર્ણ થઈ ગયેલ હોવાથી તેમજ ખંડિત થઈ ગયેલ હોવાથી ચાલીસેક વર્ષ પૂર્વે નાના અંગીયાવાળા હંસરાજભાઈ તથા નખત્રાણાવાળા બાબુભાઈએ નાના અંગીયાના પટેલ કાનજી ભગત જે સલાટનું કામ કરતા તેની પાસેથી પહેલા જેવી મૂર્તિ હતી તેવી જ કરાવી અને તેની શાસ્ત્રોક્ત વિધિથી એટલે કે હોમ હવન કરાવી અને તેની સ્થાપના કરાવેલ છે. તેમજ જૂની મૂર્તિ હતી તે શ્રી મંગલભાઈ તથા બાલુ મહારાજ નારાયણ સરોવર મધ્યે દરિયામાં તારી આવેલ.

## કોઈના બેલી બનીએ

*સમાજથી તરછોડાયેલા કોઈની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કરીએ,*
*કોઈ નિરાધાર અથવા વિકલાંગને મદદ કરીએ,*
*કોઈને કદી દુઃખ ના પહોંચાડીએ,*
*એકાકી અને વૃદ્ધ માટે થોડો સમય કાઢીએ,*
*કોઈનાં આંસુ લૂછીએ,*
*કોઈને ભયમુક્ત કરીએ,*
*કોઈનો કાર્યભાર ઓછો કરીએ,*
*પિંજરમાં કેદ કોઈ પક્ષીને મુક્ત કરીએ,*
*કોઈના જીવન ઉપર સ્મિત લાવીએ,*
*કોઈના હૃદયમાંથી ગ્લાનિ અને હતાશા દૂર કરીએ,*
*ધિક્કારને બદલીએ પ્રેમમાં*
***– તો જીવન બને અર્થપૂર્ણ.***

અતુલ સોની

# Med-Aid મદદગાર, લે સ્વજનની સંભાળ

કચ્છ તેમજ અન્ય સ્થળોએથી આપણા જ્ઞાતિ સ્વજનોને ગંભીર બીમારીના ઈલાજ હેતુ અમદાવાદ આવવું પડે છે. બીમારની રહેવાની વ્યવસ્થા તો હોસ્પિટલમાં થઈ જાય છે પરંતુ તેની સાથે આવતી વ્યક્તિને ઉતારાની કઠિન સમસ્યા હોય છે. આ સ્થિતિ ધ્યાનમાં રાખીને અમદાવાદની Med-Aidના સ્વયંસેવકો, ખાસ કરીને મનુભાઈ કોટડિયાએ જૈન સમાજ સાથે ભ્રાતૃભાવ કેળવી, સિવિલ હોસ્પિટલની નજીક આવેલા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે રહેવાની વ્યવસ્થા ગોઠવેલ છે. પરંતુ વૈશ્વિક મહામારી કોરોનાએ સમગ્ર લોકજીવન અસ્તવ્યસ્ત કરી નાખે છે. સમાજના અનેક પરિવારો કોવિડ-૧૯ અને લોકડાઉનના બેવડા મારથી આર્થિક, સામાજીક અને શારીરિક રીતે પરેશાન થયેલ છે. લોકડાઉન સમય દરમ્યાન અને ત્યારબાદ પણ કોરોના સિવાયની સારવાર માટે હોસ્પિટલમાં જવું દુષ્કર થઈ ગયેલ.

એપ્રિલ અને મે માસ દરમ્યાન અમદાવાદમાં લોકડાઉનનો ખૂબ સખ્તાઈથી અમલ થઈ રહેલ. તમામ વેપાર ધંધાની સાથે તમામ હોટલ, ગેસ્ટહાઉસ, ધર્મશાળાઓ કે મંદિરમાં અપાતા ઉતારા સહિતના રહેવાના તમામ સ્થળો લોકડાઉનને કારણે બંધ હતા. આ સમયે બહારગામથી સારવાર અર્થે આવતા દર્દી અને તેના પરિવારજનોને અકલ્પ્ય મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો.

આપણા સમાજના માંડવી નિવાસી એક બહેનને હૃદયની તકલીફના કારણે તાત્કાલિક ઓપરેશન કરાવવા અમદાવાદ આવવાનું થયું. તેઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલ સંલગ્ન યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ થયા. તેમની સાથે આવેલ તેમના પતિ શ્રી રાજેશભાઈને, હોસ્પિટલની સારવાર દરમ્યાન રોકાવાની જગ્યા ક્યાંય ના મળી. તે સમયે કોરોનાના ભયથી હોસ્પિટલમાં, દર્દીના કોઈ સગાને રહેવાની છુટ નહોતી. આવી વિકટ પરીસ્થિતિમાં તેમણે અમદાવાદ જ્ઞાતિના અગ્રણીઓનો સંપર્ક કરેલ. અમદાવાદ જ્ઞાતિના આગેવાન સેવાભાવી શ્રી મનુભાઈ કોટડિયાએ તેમને સાંત્વના આપી, જરૂરી મદદ કરવા બીડું ઝડપ્યું. સામાન્ય સંજોગોમાં હોસ્પિટલની નજીક આવેલ 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ'માં આસાનીથી રૂમ મળી શકે પરંતુ લોકડાઉનને કારણે તે પણ બંધ હતું. શ્રી મનુભાઈ કોટડિયાના સઘન પ્રયાસથી 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ'નું સંચાલન કરતા 'શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ'ના ટ્રસ્ટીઓ અને તેમના મંત્રી શ્રી પ્રદીપભાઈ મહેતાને પરીસ્થિતિ સમજાવેલ. સરકારી સુચનાને કારણે વિશ્રામ ગૃહ શરૂ ન થઈ શકે તેવી સ્થિતિ હોવા છતાં શ્રી મનુભાઈ કોટડિયાની રજુઆત અને ટ્રસ્ટીઓ સાથે તેમના વર્ષોના સંબંધોને કારણે 'શ્રી કચ્છી વિશ્રામ ગૃહ'માં એક રૂમ ખાસ કિસ્સા તરીકે ખોલી આપવામાં આવેલ. જેમાં દર્દીના પતિ શ્રી રાજેશભાઈ સોની રોકાઈ શક્યા.

'જ્ઞાતિસેતુ' સાથે વાતચીતમાં શ્રી રાજેશભાઈ (માંડવી)એ અમદાવાદ જ્ઞાતિનો આભાર માનતા જણાવ્યું કે, "મારી પત્નીને નવજીવન પ્રાપ્ત થયું છે. સારવાર દરમ્યાન અમદાવાદના સર્વશ્રી મનુભાઈ કોટડિયા, અતુલભાઈ સોની, દિનેશભાઈ સોની (તલોદ) વગેરેનો ખૂબ સહકાર મળેલ. કોરોનાના કપરા કાળમાં અમદાવાદ જ્ઞાતિની Med-Aid યોજનાને કારણે અમને મોટી હૂંફ મળી રહી. હોસ્પિટલમાં પણ શ્રી મનુભાઈ કોટડિયા અવારનવાર સારવાર અંગે પૃચ્છા કરી જરૂરી સહાય કરતા રહેલ. અમને એમ થયું કે ખરેખર, અમદાવાદ જેવા મોટા શહેરમાં પણ આવા કપરા સમયમાં અમારા માટે જ્ઞાતિના અગ્રણીઓ અંગત સ્વજન જેવી જ લાગણી દાખવે છે. અમે પોતીકાપણા માટે અમદાવાદ જ્ઞાતિના સદા ઋણી રહીશું. સમાજના વ્યક્તિ પ્રત્યે આવી લાગણી માટે તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું."

અમદાવાદ જ્ઞાતિ દ્વારા શ્રી ગીરીશભાઈ સોનીના ચેરમેન પદે ચાલતી સ્વાસ્થ્ય સેવા સંબંધી "Med-Aid" સેવા છેલ્લા ચાર વર્ષથી કચ્છ અને અન્યત્રથી અમદાવાદ સારવાર માટે આવતા દર્દીઓને ખૂબ સહાયરૂપ થઈ રહેલ છે. Med-Aid સમિતિમાં સેવાભાવી કાર્યકરો જોડાયેલ છે. દર્દીને જરૂરી માર્ગદર્શન આપવા, જરૂર પડે રહેવા કરવા, દર્દીના સગા માટે ટિફીન વ્યવસ્થા કરવા, દર્દીને માટે જરૂર પડે લોહી મેળવવા સહાયરૂપ થવા જેવી તમામ પ્રવૃત્તિઓથી દર્દીના પરિવારજનોને અમદાવાદમાં સમાજ તેમની સાથે છે તેવો અહેસાસ થાય છે.

સેવાકીય પ્રવૃત્તિમાં સર્વશ્રી મનુભાઈ કોટડિયા, અતુલ સોની, ગીરીશભાઈ સોની, જયમીનભાઈ સોની, હર્ષદભાઈ સોની, જયેશભાઈ ઘડિયાળી વગેરે સક્રિય રીતે સંકળાયેલા રહે છે. શ્રી મનુભાઈ કોટડિયા આ પ્રવૃત્તિમાં નિઃસ્વાર્થભાવે શક્ય તેટલી તમામ સહાય માટે દર્દીનો પરિવાર અમદાવાદ હોય ત્યાં સુધી સતત સંપર્કમાં રહી જરૂરી હૂંફ અને સહાય પૂરી પાડતા રહે છે.

હાલમાં પણ બળદિયા (કચ્છ)થી કેન્સર વિભાગમાં સારવાર / તપાસ અર્થે આવેલ જ્ઞાતિભાઈને શ્રી મનુભાઈ કોટડિયા દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. સિવિલ હોસ્પિટલમાં કેન્સર વિભાગમાં ફરજ બજાવતા સમાજના યુવા કાર્યકર શ્રી દીપેન સોની તેઓની સાથે રહી તમામ રીપોર્ટસ કરાવવા / તપાસ કરાવવા માટે ખૂબ સહાયરૂપ થયેલ છે.

આમ, અમદાવાદ સમાજની Med-Aid યોજનાથી કચ્છના નાના ગામોમાંથી સારવાર અર્થે અમદાવાદ આવેલ દર્દી અને તેમના પરિવારજનોને જરૂરી માર્ગદર્શન આપી શક્ય તેટલી રીતે મદદરૂપ થવા પ્રયાસ કરવામાં આવે છે.

અતુલ સોની

## વિદ્યાર્થીઓને સહાયરૂપ "વિદ્યાસેતુ"

અમદાવાદ જ્ઞાતિ સંસ્થા દ્વારા માત્ર અમદાવાદમાં વસતા જ્ઞાતિજનો માટે જ નહીં પરંતુ દેશભરમાં વસતા સર્વે જ્ઞાતિ પરિવારજનો માટે ઉપયોગી પ્રવૃત્તિઓ વર્ષોથી ચાલે છે. છેલ્લા ૧૬ વર્ષથી "જ્ઞાતિસેતુ"નું પ્રકાશન સમગ્ર દેશમાં વસતા પરિવારજનો માટે સેતુરૂપ બની રહ્યું છે. અમદાવાદ સારવાર અર્થે આવતા સમાજના દર્દીઓ તથા તેમના પરિવારોને સમાજની હૂંફ, યોગ્ય માર્ગદર્શન તથા જરૂર પડે શક્ય તે રીતે સહાયરૂપ થવા "Med-Aid" યોજના ચાલે છે. જેનો લાભ કચ્છના છેવાડાના ગામોમાંથી અમદાવાદ સારવાર માટે આવેલ ઘણા દર્દીઓ અને તેમના પરિવારજનોને મળેલ છે.

સંસ્થા દ્વારા ચાલતી "વિદ્યાસેતુ" યોજના હેઠળ સમાજના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય કરવામાં આવે છે. આ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં જ સંસ્થા દ્વારા દાતાઓના સહયોગથી કચ્છના નાના ગામે વસતા જરૂરિયાતમંદ બે વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર આપવામાં આવેલ. તેમજ મૂળ કચ્છના અને હાલ જામનગર રહેતા પરિવારની એક તેજસ્વી દીકરી, જેમણે ધોરણ-૧૦ (SSC)માં ૯૪% મેળવેલ છે. પરિવારની આર્થિક સ્થિતિ તેને આગળ અભ્યાસ કરાવવામાં બાધારૂપ બનેલ, ત્યારે સમાજના એક NRI દાતા દ્વારા તેની શૈક્ષણિક ફી તેમજ અન્ય ખર્ચ માટે આ વર્ષે રૂા. ૧૧,૦૦૦/-ની સહાય ઉપરાંત અમદાવાદના એક દાતા દ્વારા ઓનલાઇન શિક્ષણ માટે કોમ્પ્યુટર આપવામાં આવેલ છે.

આ ઉપરાંત અમદાવાદ સમાજની "વિદ્યાસેતુ" સમિતિના ચેરમેન અતુલ સોની તેમજ મનુભાઈ કોટડિયા દ્વારા લાભાર્થી વિદ્યાર્થીઓના અભ્યાસ બાબતે અવારનવાર જાણકારી મેળવી તેમને મુશ્કેલી જણાય ત્યાં સહાયરૂપ થવા પ્રયાસો કરવામાં આવે છે.

"વિદ્યાસેતુ" સમાજના શ્રેષ્ઠી દાતાઓ, કે જે જરૂરિયાતમંદ ધોરણ ૧૦, ૧૧ કે ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સહાયરૂપ થવાની ભાવના છે. તેમના અને સમાજના જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓ વચ્ચે 'સેતુ'રૂપ કાર્ય કરે છે.

ભવિષ્યમાં પણ 'વિદ્યાસેતુ'ને સમાજના દાતાઓનો સહયોગ મળતો રહેશે અને વધુને વધુ વિદ્યાર્થીઓને તેમના ઉચ્ચ અભ્યાસના અગત્યના વર્ષોમાં સમાજનો સહયોગ મળતો રહેશે તેવી આશા છે.

## ખરેખરું નિજાનંદ અને સ્વાસ્થ્ય....

જ્ઞાન, બુધ્ધિ, તર્ક, ચિંતન, મનન, વિચાર – આ તમામ જ માનવ મનને કેળવતા વિચારો છે. જે મગજને બાહ્ય જીવન સાથેના સામંજસ્યમાં જોડી રાખવા સક્ષમ બનાવે છે. જે સીધું જ માનવ શરીર અને તેની સ્વસ્થતા સાથે જોડાયેલ છે. વાત કરીએ "સ્વાસ્થ્ય"ની. જે પ્રવર્તમાન સમયમાં પૃથ્વી પર વસનારા દરેકના મનોમસ્તિષ્કમાં રહેલું છે. 'સ્વસ્થ' હોવું એટલે શું? દેખાવે સુડોળ હોવું? દરરોજ કસરતો કરવી? નિયમિત સંતુલિત આહાર લેવો? નિયમિત પ્રાણાયામ કરવો?

હા, આ તમામ બાબતો એક આદર્શ સ્વાસ્થ્ય સાથે જોડાયેલી જરૂર છે પરંતુ 'સ્વસ્થ હોવું'ની સંપૂર્ણ વ્યાખ્યા ના કહી શકાય.

ખરેખરા અર્થમાં તો સ્વસ્થ હોવું અર્થાત્ શારીરિક ક્રિયાઓ કરવા સક્ષમ હોવાની સાથે મન પણ અત્યંત પ્રસન્નચિત્ત, ચિંતામુક્ત અને હળવું હોવાની ચરમસીમા એટલે સંપૂર્ણપણે સ્વસ્થ.

તમે જ કહો, આપણે સૌને મળતા ચોવીસ કલાકમાં દરેકે દરેક કલાક, દરેક ક્ષણ અને દરેક સેકન્ડ કોઈ ખુશ, આનંદિત, પ્રસન્નચિત્ત રહી શકે ખરું? વિના કોઈ મુંઝવણ, કોઈ જ પ્રકારની ચિંતા વિના, વિના કોઈ ક્રોધને સ્થાન આપીને, કે મનના તરંગોને કાબૂમાં રાખીને? મોટાભાગના લોકોનો ઉત્તર હશે "અશક્ય!"

અને છતાય 'હા, હું સ્વસ્થ છું!' તેવું કઈ રીતે કહી શકાય? માનસિક સ્વસ્થતા, એ શારીરિક સ્વસ્થતાની આવશ્યક કડી છે તેવું અવશ્યપણે કહી શકાય. અઘરું ખરું, પણ 'અશક્ય' તો નથી જ.

***શ્રી સદ્‌ગુરૂ કહે છે :*** "Complete sync with our existence is called Yoga..."

"યોગ" દ્વારા અસ્તિત્વને ખીલવવા દેવું, તે પણ એક અનેરો નિજાનંદ છે. જે મનના તરંગોને સ્થિર કરે છે. જે રીતે ઉછળતા દરિયાઇ મોજા શાંત પડે ને વમળ થઈ જાય, બસ એવું જ કંઈક!

'યોગ' માનવ શરીરના અસ્તિત્વને માત્ર શારીરિક નહીં પરંતુ માનસિક રીતે પણ લયમાં લાવી જીવનલક્ષી ધ્યેય તરફના માર્ગને વધુ સ્પષ્ટતા પ્રદાન કરે છે.

જુદા જુદા આસનો, ધ્યાન આ બાબતોને રોજીંદા જીવનમાં એક આદત બનાવી કેળવવામાં આવે, તો લાંબાગાળે ચમત્કાર સર્જી શકે છે અને જાતના અસ્તિત્વને એક જુદી જ કેડીએ લઈ જઈ શકવા સક્ષમ બનાવી શકે છે.

કદાચ! એ જ અધ્યાત્મનો અને અધ્યાત્મ તરફ વળવાનો ઉત્તમ માર્ગ હોઈ શકે, સાચું ને?

***The way out is in! Isn't it?!***

***ફોરમ સોની - રાયણ મોટી***

# તમારા શરીરને જાણો... – (૨)

**ડૉ. આરોહી પરમાર**



**ડૉ. આરોહી પરમાર**

*નમસ્તે મિત્રો...*

આજકાલ જ્યારે કોરોનાની બીમારીએ આ દુનિયાને ઘેરી લીધી છે ત્યારે સૌ કોઈ તેમના પોતાના શ્વસનતંત્રની સંભાળ રાખવા માટે સાવધ છે. મારા છેલ્લા લેખનમાં, મેં તમને બધાને આપણા શરીરની મુળભૂત પ્રણાલીઓ વિશે માહિતી આપી હતી. આજે આપણે શ્વસનતંત્ર વિશે જાણીશું...

શ્વાસ, એ માનવ જીવનનું લક્ષણ છે. માણસ ખોરાકની ગેરહાજરીમાં થોડા દિવસ જીવી શકે છે, પાણીની ગેરહાજરીમાં થોડા કલાકો વિતાવી શકે છે, પરંતુ જો શરીરમાં ચાર મિનિટ સુધી કોઈ શ્વસન નથી હોતું, પછી શરીરના કોષો ઓક્સિજનના અભાવને લીધે મરવાનું શરૂ કરે છે અને સૌપ્રથમ તેની અસર મગજ અને હૃદય પર પડે છે. આનું કારણ એ છે કે શ્વાસ દ્વારા બાર્ય વાતાવરણનું ઓક્સિજન શરીરના આંતરિક કોષોમાં પહોંચે છે અને આ ક્રિયાની ગેરહાજરીમાં, આંતરિક કોષોને ઓક્સિજન મળતું નથી અને ઓક્સિજનની ગેરહાજરીમાં, કોષમાં ઉર્જા ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિના અભાવને લીધે, આ કોષો મરવાનું શરૂ કરે છે.

“શરીરમાં સ્થિત સિસ્ટમ, જે પ્રેરણાના સ્વરૂપમાં વાતાવરણના ઓક્સિજનને લે છે અને તેને શરીરના આંતરિક કોષો સુધી લઇ જાય છે અને સમાપ્તિનું મહત્ત્વનું કાર્ય – શરીરના આંતરિક કોષોમાં કાર્બન ડાયોક્સાઇડ છોડવાનું કરે છે. તેને શ્વસનતંત્ર કહેવામાં આવે છે.”


માનવ શ્વસન પ્રણાલીની રચના અનુનાસિકથી ફેફસાં અને ડાયાફ્રેમ સુધી વિસ્તરે છે. જે શ્વસનનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે. શ્વસન એ તે શારીરિક-રાસાયણિક પ્રવૃત્તિઓનું સંયોજન છે જેમાં બાહ્ય વાતાવરણનો ઓક્સિજન શરીરના અંદરના કોષો સુધી પહોંચે છે અને ખોરાકના રસ (ગ્લુકોઝ)ના સંપ્રકમાં આવે છે અને ઓક્સિડેશન દ્વારા ઉર્જા મુક્ત કરે છે અને શરીરમાંથી ઉત્પન્ન કરેલા કાર્બન ડાયોક્સાઇડને દૂર કરે છે.

- **શ્વસનતંત્રની રચના :**

માનવોમાં ફેફસાં દ્વારા શ્વસન કરવામાં આવે છે. આવા શ્વસનને પલ્મોનરી શ્વસન કહેવામાં આવે છે. જે માર્ગ દ્વારા હવા બહાર ફેફસામાં પ્રવેશે છે અને ફેફસામાંથી કાર્બન ડાયોક્સાઇડ બહાર આવે છે તેને શ્વસન માર્ગ કહે છે. મનુષ્યોમાં, બાહ્ય હવા અને ફેફસાની વચ્ચે હવાની હિલચાલ માટે ઘણા અવયવો છે. આ અવયવોને શ્વસન અંગો કહેવામાં આવે છે. આ અવયવો એકસાથે શ્વસનતંત્ર બનાવે છે. આ અવયવોનું વર્ણન નીચે મુજબ છે :

૧. અનુનાસિક પોલાણ
૨. ફેરીંક્સ
૩. ટ્રેકિઆ
૪. બ્રોન્ચી અને બ્રોંચિઓલ્સ
૫. એલ્વેઓલી
૬. ફેફસા
૭. ડાયાફ્રેમ

આ બધા અવયવો એકસાથે શ્વસનતંત્ર બનાવે છે. આ પ્રણાલીમાં, જ્યારે વાયુમાર્ગ અવરોધિત થાય છે ત્યારે શ્વસનતંત્ર બંધ થઈ જાય છે. પરિણામે થોડી જ મિનિટોમાં વ્યક્તિ ગુંગળામણથી મરી જાય છે. આ અંગોની રચના અને કાર્ય નીચે મુજબ વર્ણવેલ છે.




- **અનુનાસિક પોલાણની રચના અને કાર્ય :**

માનવ શ્વસનતંત્ર નાકથી શરૂ થાય છે. બાહ્ય નસકોરાની એક જોડી નસકોરાના અંતમાં સ્થિત છે. અનુનાસિક એક કાર્ટેલેજીયસ રચના છે. આ અનુનાસિક પોલાણમાં, ત્રણ વળાંકવાળા સ્નાયુઓ સુપીરીયર નોઝલ કોંચા, મધ્ય નોઝલ કોંચા અને ઇન્ફિરીયર નોઝલ કોંચામાં જોવા મળે છે. ક્રોધ અને ઉત્તેજનાની સ્થિતિમાં, આ સ્નાયુઓ વધુ સક્રિય બને છે અને ઝડપી શ્વસનમાં ભાગ લે છે. સંવેદનાત્મક નાડીઓ આ અનુનાસિક પોલાણમાં જોવા મળે છે, જે ગંધની માહિતી આપે છે.

૧. અનુનાસિક પોલાણમાં સ્થિત ટર્બિનલ હાડકાં અનુનાસિક પોલાણને સપાટ બનાવે છે. જેથી તેની અંદરનો વિસ્તાર

નોંધપાત્ર રીતે વધે છે અને હવામાં લેવાયેલા તાપમાન શરીરમાં તાપમાનની બરોબર હોય છે.

૨. અહીં સ્થિત મ્યુકોસ ગ્રંથિઓ લાભ સ્ત્રાવ કરે છે. આ લાભ અનુનાસિક માર્ગોને ભેજયુક્ત રાખે છે અને તેમાંથી પસાર થતી હવા ભેજવાળી બને છે.

૩. અહીં હાજર સેન્સરી ચેનલો હવાની સ્વચ્છતા પ્રદાન કરે છે.

૪. અહીં સ્થિત રોમ કુપ એક ફિલ્ટરની જેમ કાર્ય કરે છે અને હાનિકારક જંતુઓ અને ધૂમ્રપાન અને ધૂળ વગેરેના કણોને રોકે છે.

- **ફેરીંક્સની રચના અને કાર્ય :**

ફેરીંક્સ, અનુનાસિક પોલાણ પાછળથી મોંમાં ખૂલે છે. આ સ્થાનને મુખ્ય પોલાણ અથવા ફેરીંક્સ કહેવામાં આવે છે. તે ફનલના આકારનું હોય છે, જે આગળથી પહોળું છે અને પાછળથી પાતળું છે. તે ત્રણ ભાગોમાં વહેંચાયેલું છે : (એ) નાસોફેરીંક્સ, (બી) ઓરોફેરીંક્સ, (સી) લારિનીગોસ્ફેરીંક્સ.

(એ) નાસોફેરીંક્સ : આ અનુનાસિક ભાગનો ભાગ છે અને નરમ તાળવાનો આગળનો ભાગ છે. અનુનાસિક છિદ્ર નાકમાંથી ખૂલે છે. આ ભાગમાં, એક જોડી શ્રવણ નળીઓ કર્ણગુહાથી આવે છે. આ નળીઓ કાન સાથે સંબંધિત છે.

(બી) ઓરોફેરીંક્સ : આ નરમ તાળવાનો એક ભાગ છે જે ગળા સુધી છે. આ ભાગ શ્વાસની સાથે સાથે ખોરાક માટે પણ એક નળી તરીકે કામ કરે છે. એટલે કે શ્વાસ અને ખોરાક બંને આ ભાગમાંથી પસાર થાય છે.

(સી) લારિનીગોફેરીંક્સ : એપીગ્લોટીસ પાછળ અન્નનળી સાથે સંકળાયેલ તે ભાગ છે. તેમાં બે છિદ્રો છે. પ્રથમ છિદ્ર એ ફૂડ પાઇપનો પ્રવેશદ્વાર છે અને બીજો છિદ્ર શ્વસનમાર્ગનો દરવાજો છે. તે છે, અહીંથી એક તરફ ખોરાક અને બીજી બાજુ શ્વાસ લેવાની વ્યવસ્થા છે.

- **ફેરીંક્સ કાર્યો :**

ફેરીંક્સ શ્વસનતંત્રનો મુખ્ય અંગ છે. આ અંગ હવા અને ખોરાકનું કાર્ય કરે છે. શ્વાસના રૂપમાં લેવામાં આવતી હવા આ ફેરીંક્સ દ્વારા શ્વસન માર્ગ સુધી પહોંચે છે.

- **ટ્રેકિઆની રચના અને કાર્ય :**

આ નળી છે, જે કંઠ સ્થાનથી શરૂ થાય છે અને ફેફસા સુધી પહોંચે છે. તે લગભગ ૧૦થી ૧૨ સે.મી. તે ગળાની લાંબી અને સંપૂર્ણ લંબાઈમાં સ્થિત છે. તેનો થોડો ભાગ થોરાસિક પોલાણમાં સ્થિત છે. આ શ્વાસનળી અંગ્રેજી ભાષાનો આભાસી આકારની 'સી'ની અપૂર્ણ રીંગમાંથી રચાયેલી છે. બાદમાં, આ શ્વાસનળીને અનુક્રમે જમઈ અને ડાબી બાજુ – બે ભાગોમાં વહેંચવામાં આવે છે, જેને બ્રોન્ક્સ કહેવામાં આવે છે.

- **શ્વસન કાર્ય :**

આ શ્વસન માર્ગ દ્વારા, શ્વાસ ફેફસાં સુધી પહોંચે છે. આ શ્વસન પાઈપમાં હાજર ગોબ્લેટ સેલ્સ લાળને સ્ત્રાવ કરે છે. આ મ્યુકોસ એ એરવેઝને ભેજવાળી અને સરળ બનાવવા તેમજ તેની અંદરની અંદર સમાઈ ગયેલી હવાને શુદ્ધ બનાવવા માટે કામ કરે છે. ધૂળના કણો અને સૂક્ષ્મ જીવો જે ખેંચાય છે, તે શ્વાસની આ લાળમાં પણ અટવાઈ જાય છે અને ફેફસાની અંદર પહોંચવાથી નુકસાન થતું નથી.

- **બ્રોન્ચી અને બ્રોંચિઓલ્સ :**

શ્વાસનળીને થોરાસિક પોલાણમાં જઇને બે ભાગમાં વહેંચવામાં આવે છે. આ શાખાઓને બ્રોન્ચી કહેવામાં આવે છે. શ્વાસનળીની કરોડરજ્જુના પાંચમા થોરાસિક વર્ટીબ્રાના સ્તરે જમણી અને ડાબી બાજુએ બે ભાગોમાં વહેંચાય છે. દરેક બ્રોન્ક્સ તેની બાજુના ફેફસામાં પ્રવેશ કરે છે અને ઘણી શાખાઓમાં વહેંચાય છે. આ શાખાઓને બ્રોંચિઓલ્સ કહેવામાં આવે છે. આમાં કાર્ટીલેજની અધૂરી રીંગ્સ છે. આ રીતે, બ્રોન્ક્સ વિવિધ નાની રચનાઓમાં આગળ વધે છે અને તેની સૌથી નાની રચનાને એલ્વેઓલી કહેવામાં આવે છે.

*કાર્ય :* શ્વાસનળી દ્વારા શ્વાસ (હવા) શ્વાસનળી અને શ્વસન દ્વારા ફેફસામાં પ્રવેશે છે.

- **એલ્વેઓલી :**

બાદમાં દરેક બ્રોંચ પર ૨થી ૧૧ શાખાઓમાં વહેંચાયેલું છે. શ્વાસનળી ફરીથી શાખાઓ અને પેટા ભાગોમાં વહેંચાય છે. આ શ્વાસનળીની શાખાઓને એલ્વિઓલર ડ્યુક્ટ્સ કહેવામાં આવે છે. આ નળીઓનો અંત પાઉચ જેવી માળખું બનાવવા માટે ફૂલી જાય છે. આ રચનાને એલ્વેઓલી કહેવામાં આવે છે. આમ, દ્રાક્ષના ટોળું સમાન રચના અહીં બનાવવામાં આવી છે. આ રચના એક જ કોષની દિવાલથી બનેલી છે અને લોહીના રૂધિરકેશિકાઓનું નેટવર્ક અહીં મળી આવે છે.

**એલ્વેઓલીના કાર્યો :** આ એર કોથળો એકલા કોષની દિવાલોથી બનેલા છે અને રક્ત વાહિનીઓનું નેટવર્ક અહીં મળી આવે છે. આ એર કોથળીઓનું કાર્ય ઓક્સિજન અને કાર્બન ડાયોક્સાઇડનું વિનિમય કરવાનું છે. એટલે કે, વાયુઓના વિનિમયની મહત્ત્વપૂર્ણ ક્રિયા આ સ્થાન પર કરવામાં આવે છે.

***આગામી પ્રકાશનમાં, શ્વસનતંત્રના મુખ્ય અંગ ફેફસાં અને ડાયફ્રામ અને સંબંધિત રોગો વિશે આપણે જાણીશું.***

# સોશિયલ મીડિયા અને કોવિડ-૧૯

પ્રો. રસિકભાઈ મહિચ્છા




સમસ્ત વિશ્વમાં દેશ વિદેશોની સીમાઓના બંધનની પરવા કર્યા વિના જે ઇન્ફોર્મેશન ટેકનોલોજી આપણને માહિતી, તસવીરો અને આપણાં વિચારોને એકથી વધુ વ્યક્તિઓ વચ્ચે પરસ્પર કોમ્યુનિકેશન કરી આપે તેને સોશિયલ મીડિયા કહેવાય છે. હવે તો ભાગ્યે જ કોઈ હશે કે જે સોશિયલ મીડિયાથી અજાણ હશે. વોટ્સ એપ, ફેસબુક, ટ્વિટર, ઇન્સ્ટાગ્રામ, ગૂગલ, યુ-ટ્યુબ, પિંટરેસ્ટ, ટીકટોક, શેર-ઇટ અને તેના જેવા અનેક અવતારો અને પ્લેટફોર્મ્સ છે કે જે વિશ્વ સમુદાયના અનેક દેશોના વિવિધ જાતિ-ભાતિના લોકો બેધડક વાપરી રહ્યા છે. શરૂઆતમાં કેટલાક જૂની વિચારધારા ધરાવતા લોકો (Orthodox) એવું માનતા, કે આ સોશિયલ મીડિયા એટલે બાળકોની રમત (કિડ્સ પ્લે). પરંતુ જેમ તેનો વ્યાપ વધતો ચાલ્યો અને તેમાં રહેલી ઉપયોગની સગવડતા (user friendliness) વધતી ગઈ તેમ તેનો પ્રભાવ વધતો ગયો. End-to-end પ્રાઇવસી અને સિક્યુરીટીને કારણે વૉટ્સએપ મેસેજીંગ એપ્લીકેશન official communcations ના માધ્યમ તરીકે સ્વીકારાઈ છે. બેંકો, ઑફિસો, શાળા કોલેજો અને સરકારી દફતરોમાં વોટ્સ એપ ઓફિશિયલી ચાલે છે.

ઇન્ફોર્મેશન ટેકનોલોજી માનવ વિકાસની ત્રીજી અને સંદેશા વ્યવહારના ઇતિહાસની પહેલી સૌથી મોટી ક્રાંતિ ગણાય છે. તેનાથી સંપૂર્ણપણે નવા યુગની શરૂઆત થઈ છે. સોશિયલ મીડિયા ઇન્ફોર્મેશન ટેકનોલોજીની એક પ્રોડક્ટ છે. જે પ્લેટફોર્મ કે જે આપણને સ્થાનિક અને વૈશ્વિક સ્તરે સંદેશા વ્યવહાર અને સામાજીકીકરણ કરવા સક્ષમ બનાવે છે તે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ કહે છે.

સોશિયલ મીડિયા આજે દરેક ઉંમરના ઘણા લોકોના જીવનનું અને ખાસ કરીને યુવાનોનું અભિન્ન અંગ બની ગયું છે. તેના વિના જીવી શકાય નહીં એવું લાગવા માંડ્યું છે. સવારથી મોડી રાત સુધી આવા મીડિયાના ઉપયોગમાં તેઓ વ્યસ્ત રહીને ઘણા લોકો બંધાણી (Addicted) થઈ ગયા છે.

સોશિયલ મીડિયા આપણને દુનિયાના દરેક ખૂણેથી લોકો સાથે મિત્રતા કરવાની મંજૂરી આપે છે. તે વૈશ્વિક સમુદાયના આપણે એક અંગ છીએ તેવી અનુભૂતિ કરાવે છે. જ્યાં આપણે રાજકીય, ધાર્મિક, આર્થિક અને સામાજીક સત્તાઓથી વિભાજીત નથી પરંતુ આપણે આપણા વિચારો, સિદ્ધાંતો, માન્યતાઓ અને હિતોથી સંગઠિત છીએ. આપણે હંમેશાં આપણા જીવનના દરેક ક્ષેત્રના લોકોના સંપર્કમાં રહી શકીએ છીએ. વધુને વધુ 'લાઇક' મળે, વધુને વધુ 'ફોલોઅર્સ' મળે તો આપણને આપણી વ્યક્તિગત તાકાતની અનુભૂતિ થાય છે.

સોશિયલ મીડિયા દરેક સામાન્ય માણસને પોતાની અભિવ્યક્તિની સંપૂર્ણ આઝાદી આપે છે. પછી તે કોઈ ઉદ્દેશને ટેકો આપવા માટે હોય કે કોઈ પણ સંવેદનશીલ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય મુદ્દા વિશે અભિપ્રાય આપવાનો હોય, કે પછી કોઈ બિઝનેસની સંભાવનાઓ અને નોકરીની તકો ઊભી કરવાની હોય અથવા સરકારની નીતિ રીતિનો વિરોધ કે ટેકો આપવાનો હોય! સોશિયલ મીડિયા, એ વૈશ્વિક દર્શકો સાથેનો તબક્કો છે, જે આપણી પ્રતિભાઓને ઉજાગર કરે છે. વિશ્વમાં આતંકવાદ ફેલાવવો હોય અથવા શાંતિ સ્થાપવી હોય, સોશિયલ મીડિયા એક બ્રહ્માસ્ત્ર છે.

આ માહિતી-ક્રાંતિની તાકાત તો જુઓ. એક જમાનાના શિરમોર ગણાતા Illustrated Weekly of India, ધર્મયુગ, રીડર્સ ડાઇજેસ્ટ જેવા મેગેઝીનો કાળની કોટડીમાં કપાઇને ધરબાઈ ગયા. હવે તો પ્રત્યેક સેકંડે અને મિનિટે મળતા સમાચારો, માઇક્રો બ્લોગ્સ, અલ્ટ્રા હાઈ રીઝોલ્યુશન વિડિયોગ્રાફી દ્વારા આપણા સ્માર્ટ ફોનમાં એલર્ટ સાથે સ્ટ્રીમિંગ થતા રહે છે. બસ, આપણે તેને જોવાની દરકાર કરવાની રહે છે. આપણને સાહિત્ય, રમતગમત, રાજકારણ, ધર્મો, ફિલ્મો, સંગીત, ઇતિહાસ, ભૂગોળ, જ્યોતિષ, ખગોળશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, તબીબી વિજ્ઞાન, અંતરીક્ષ, લીગલ વગેરેની અથથી ઇતિ સુધીની માહિતી માત્ર એક ક્લિકથી ઉપલબ્ધ છે. કોઈને કશું પૂછવાની જરૂર નથી.

આનું એક મુખ્ય કારણ મલ્ટી યુઝર રીસોર્સ છે. પહેલા કેટલાક બુદ્ધિશાળી લોકો (જેને આપણે લેખક કહેતા) રિસોર્સ અથવા કન્ટેન્ટ જનરેટ કરતા અને બાકી સમુદાય તેને ફૉલો કરતા. હવે દરેક જણ લખે અને દરેક જણ તેને ફૉલો કરે. મતલબ કે જેને ખબર છે કે જાણકારી છે, તે લખે છે અને જેને જાણવું છે તે વાંચે. આનું ખૂબ સુંદર ઉદાહરણ વીકિપીડિયા છે. એનસાઇક્લોપીડિયા બ્રિટાનિકા એક જમાનામાં પાંચ હજારથી વધુ કિંમતમાં મળતું. તેથી માત્ર યુનિવર્સિટીની લાઇબ્રેરીમાં ઉપલબ્ધ હતું. હવે વીકિપીડિયાની એપ મોબાઇલ ઇન્સ્ટોલ કરો અને ફ્રી એનસાઇક્લોપીડિયા વાપરો.

સંદેશા વ્યવહારના શક્તિશાળી સાધનો એટલે કે સોશિયલ મીડિયા જ્યારે માનવજાત પાસે હાથવગા છે ત્યારે કોવિડ-૧૯ની મહામારી આવી છે. આ મહામારીએ અભૂતપૂર્વ કટોકટી સર્જી છે. ચીનમાં વુહાન શહેરમાં જન્મેલા કોરોના વાઇરસની માહિતી સંચારણની અસર માનવજાત પર શું થઈ, કેટલી થઇ અને ક્યારે થઈ તેનું પૃથક્કરણ વિશ્વની અનેક નાની મોટી યુનિવર્સિટીમાં તેમજ લેબોરેટરીઓમાં થયું છે અને હજુ થઈ રહ્યું છે. પરંતુ મોટી રીતે વિચારીએ તો તેની અસરો ત્રણ ભાગમાં વહેંચી શકાય.

★ પોઝીટીવ અથવા હકારાત્મક અસરો.

★ ન્યુટ્રલ અસરો અથવા બિન અસરકારક અસરો.

★ નેગેટીવ અથવા નકારાત્મક અસરો.

કોવિડ-૧૯ મહામારીનું સંક્રમણ થતા આપણા દેશ સહિત ઘણા બધા દેશોમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું. ઘરમાંથી બહાર નીકળવાની સંપૂર્ણ મનાઇ ફરમાવવામાં આવી. ફેસબુક, વોટ્સએપ, ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબ જેવા પશ્ચિમી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અનેક પ્રકારની સાચી ખોટી માહિતી ફેલાવવામાં ધૂમ લાગી ગયા છે. લોકડાઉન દરમ્યાન સ્કૂલ કોલેજ કે ઓફિસો બંધ હોય ત્યારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ ખૂબ એક્ટીવ બની ગયા છે. બેંગ્લોરની એક માર્કેટ રીસર્ચ ફર્મ નિલ્સન ગ્લોબલ કનેક્ટ મુજબ માર્ચ – એપ્રિલ ૨૦૨૦ માસમાં સોશિયલ મીડિયા મેસેજ ટ્રાફિકમાં પચાસ ગણો ઉછાળો નોંધાયો હતો. તેમાંય આપણા લોકલાડીલા વડાપ્રધાનના રાષ્ટ્રજોગ વાયુસંદેશ પછી મેસેજીંગ ટ્રાફિકમાં જબ્બર સર્જ આવતો. આ મેસેજ ટ્રાફિકની પોઝીટીવ, ન્યુટ્રલ અને નેગેટીવ – એમ ત્રણે પ્રકારની અસરો વર્તાઇ હતી.

પોઝીટીવ અને ન્યુટ્રલ અસરોમાં માસ્ક પહેરવું, સેનેટાઇઝ કરવું, ઘરથી બહાર ન નીકળવું વગેરે કહી શકાય. પરંતુ એ નિયમોની અમલવારી વિવિધ સ્થળે જુદી ટકાવારીમાં નોંધાઈ હતી. પરિણામ સ્વરૂપ તેની અસરકારકતા ઘણી ઓછી રહી હતી. કોરોના વોરિયર્સનો કોન્સેપ્ટ પણ ઘણા લોકોએ સોશિયલ મીડિયા દ્વારા પૂરતા જોશથી વધાવી લીધો. અનેક જગ્યાએ ડોક્ટરો, નર્સો અને પેરામેડિક્સના સન્માન થયા. કદી ધાર્યું ના હોય એમ પોલીસ કર્મીઓના પણ ઉચિત સન્માન થયા. તેમને માસ્ક, સેનીટાઇઝર અને પી.પી.ઈ. કીટ પણ અપાયા અને તેમની સેવા બદલ નવાજાયા. કોરોના થાય તો શું કરવું? તેનાથી બચવા શું કરવું? કઈ કઈ દવા લેવી, કઈ થેરાપી અજમાવવી, ક્વોરન્ટાઇનમાં શું કરવું વગેરે વગેરે માટે તો સોશિયલ મીડિયા લોકોને મદદ કરવા હદ વટાવી ગયા એમ કહીએ તો ચાલે. મેસેજો વાંચીને આપણને એમ થાય કે માનવતાની સરવાણી સોશિયલ મીડિયામાં ધોધમાર વહી રહી છે!

ઘરે બેઠા બેઠા યુવાનો અને બાળકોમાં સર્જન શક્તિનો વિકાસ પણ થયો. ઘણી સંસ્થાઓ દ્વારા ઓનલાઇન પેઇન્ટીંગ સ્પર્ધાઓ, સંગીત સ્પર્ધા, વાર્તા લેખન સ્પર્ધા, મ્યુઝીકલ કારાઓકે સ્પર્ધાઓ, કાર્યક્રમો અને વેબિનાર યોજાયા અને હજુ યોજાય છે. લોકડાઉન વખતે જ્યારે ટ્રેનો અને બસોનો વ્યવહાર થંભી ગયો હતો અને શ્રમિકોને પોતાના વતન જવાના પ્રશ્નો ઊભા થયા ત્યારે ઘણી સેવાભાવી સંસ્થાઓ આગળ આવી. તેમને ભોજન રહેવાસની વ્યવસ્થા જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં કરી આપી. તેમાં સોશિયલ મીડિયાનો ફાળો સારો રહ્યો તથા રાષ્ટ્રીય અને ધાર્મિક ભાવાત્મક એકતા સાધવામાં મદદરૂપ રહ્યા.

તેમ છતાં પોઝીટીવ અસરો પર લોકોનું વાસ્તવમાં નકારાત્મક વલણ આધિપત્ય મેળવ્યું હોય એવું મોટાભાગનું માનવું છે. ઘણા એક્સપર્ટનું એવું પણ માનવું છે કે સોશિયલ મીડિયા પર નકારાત્મક માહિતીનો પણ ભરપૂર પ્રચાર થયો હતો. લોક સમુદાય પર જ્યારે કેટલીક સકારાત્મક અને કેટલીક નકારાત્મક માહિતીનો વરસાદ થાય ત્યારે છેવટે કયા પ્રકારની પરિણામ સ્વરૂપ અસર ઉત્પન્ન થાય છે તે માનસશાસ્ત્રીય સંશોધન વિષય બને છે. આ વિજ્ઞાનને ઇન્ફોર્મેશન ડાયનેમિક્સ અથવા ઇન્ફોડેમિક્સ કહેવાય છે.

એ બિલકુલ સત્ય છે કે સાચી કરતાં ખોટી માહિતી / અફવા / ગેરસમજ અને ઉશ્કેરણીજનક સનસનીખેજ સંદેશા વધુ ઝડપે ફેલાય છે. ન્યુઝ પેપરમાં હેડલાઇન જેટલી આકર્ષક હોય તેટલું તેનું વેચાણ વધુ થાય. પરંતુ એ જોવા મળ્યું છે કે મોટાભાગના લોકો વિચાર્યા વિના મેસેજ ફોરવર્ડ કરી નાખે છે. જેને કારણે અફવાઓનું બજાર ગરમ રહે છે. એટલે સત્તાવાળા તરફથી ઘણા મેસેજને ફોરવર્ડ કરવામાં નિયંત્રિત કરવામાં આવે છે. ચીનમાં તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એવી અફવા શરૂ થઈ હતી કે વુહાન પ્રયોગશાળામાં બાયો વેપન્સ સંશોધનને પરિણામે કોવિડ-૧૯નું આનુવંશિક ઉત્પાદન થયું હતું, જે તે સમયે બહાર પાડવામાં આવ્યું હતું. આવી અફવાઓને કારણે પશ્ચિમ અને ચીનના વૈજ્ઞાનિકો માટે આ વાયરસ માટે રસી બનાવવામાં પરસ્પર સહયોગ કરવો મુશ્કેલ બન્યો છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પણ અતિશયોક્તિ અને અનવેરીફાઈડ મેડિકલ અફવાઓ અને માહિતી ફેલાવવામાં આવી હતી. ઇરાનમાં ટ્વિટરથી કોવિડના ના-સાબિત ઉપચારો અંગેના મેસેજની અસરથી ઘણા લોકોને જાનથી હાથ ધોવાનો વારો આવ્યો હતો. એવું પણ કહેવાય છે કે સનસનીખેજ મેસેજ ફેબ્રિકેટ કરવાની ફેક્ટરીઓ કામ કરે છે અને ઉશ્કેરણીજનક માહિતીઓ, બ્લોગ, ઇમેજીસ અને વીડિયોના સ્વરૂપમાં બનાવીને સ્ટ્રેટેજીક રીતે સોશિયલ મીડિયામાં મૂકવામાં આવે છે. આવા વિઘ્ન સંતોષીઓ અને સમાજદ્રોહીઓ માટે સોશિયલ મીડિયા ઉપયોગી હથિયાર છે.

આ સિવાય સોશિયલ મીડિયાના બીજા ઘણા ગેરફાયદા છે જેમ કે સાઇબર બુલિંગ, એકાઉન્ટ હેકિંગ અને ચીટીંગ, ઓળખચોરી (Identity theft), રીલેશનશિપ ફ્રોડ અને હનીટ્રેપ, આરોગ્ય પર ખરાબ અસર - ડિપ્રેશન અને અભ્યાસમાં નિષ્ફળતા અને સામાજીક અને પારિવારિક જીવનનું કંકાસ અને તણાવ વગેરે રહેલા છે.

દુનિયાભરમાં લાખો વપરાશકર્તાઓ દરરોજ સોશિયલ મીડિયાનો ભરપૂર ઉપયોગ કરે છે. તેના વિશે મિશ્ર પ્રતિક્રિયાઓ છે. તેનું ઘણું મહત્ત્વ અને ફાયદા છે. પરંતુ તેની સાથે કેટલાક જોખમો પણ છે. સોશિયલ મીડિયાએ સંદેશાવ્યવહારની ક્ષિતિજો પહેલાં કરતાં વધારે વધારી છે. સોશિયલ ડાયમેન્શન વધાર્યા છે. જીવનની ગતિ કાયમ માટે બદલી નાખી છે. રોજબરોજના જીવનમાં ઘણા નાના મોટા જરૂરી કામ આપણે સોશિયલ મીડિયા મારફતે સરળતાથી કરી શકીએ છીએ. એટલું જ નહીં, પરંતુ એ કામોની કાર્યક્ષમતા, ચોક્કસતા અને ભરોસાપાત્રતા વધાર્યા છે. કોરોના વાયરસની આ મહામારીથી અમલમાં આવેલ વર્ક ફ્રોમ હોમ, સ્ટડી ફ્રોમ હોમ વગેરે કારણોથી આપણા જીવનમાંથી સોશિયલ મીડિયાને નાબૂદ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

**વિચાર મંચ**

# ગમતા સરનામે ઘર બની જાય એ જ જીવન છે, અંધકારમાં પ્રકાશ પાથરી શકે તે અમૂલ્ય જીવ છે.

**મનાલી દિનેશભાઈ સોની**

બાળપણથી આપણા સંસ્કારમાં એક વાક્યને સીંચવામાં આવે છે કે "સેવા પરમો ધર્મઃ". પરોપકાર જ માનવનો સર્વોપરી ધર્મ છે. કોઈપણ ગરીબ અથવા જેને જરૂર પડે ત્યારે તેની પડખે ઊભા રહી, એને સાથ આપવો અને એની મદદે આવી એ જીવનમાં કંઈક મેળવી શકે તે માટે સહકાર આપવો એ જ માનવનો પ્રથમ ધર્મ છે. મેવા મળવાની આશા વગર જે વ્યક્તિ સેવા કરી જાણે, પારકાને મદદરૂપ બની જાણે, પૈસા-વગનો દુરૂપયોગ કર્યા વગર, એ જ માધ્યમને સારી રીતે કોઈક પુણ્યના કામમાં વાપરી શકે તો જ આ ચોરાસી લાખના ફેરામાંથી મુક્તિ મળે.

આજની પેઢીમાં "સેલિબ્રેશન" (ઉજવણી) શબ્દ ખૂબ જ પ્રચલિત છે. દરેક વ્યક્તિને કોઈક ને કોઈક મનગમતા દિવસે અથવા તારીખ પર સેલિબ્રેશન કરવું ગમે જ. તહેવાર, એનીવર્સરી, જન્મ દિન, રીઝલ્ટ કે નોકરી મળ્યાની ખુશી, પહેલી સેલેરી કે નોકરીના પ્રમોશન – આમ બીજી ઘણી બધી વાતમાં આપણે સેલિબ્રેશન કરીએ છીએ. હવે તો ફેસબુક પણ ફ્રેન્ડ - એનિવર્સરી ઉજવી આપણને યાદ અપાવે છે, મિત્રતાના આ ડિજીટલ યુગમાં.

આપણા બધા જ સેલિબ્રેશન ક્યાંક ને ક્યાંક આપણા જ સંબંધી કે મિત્રો સાથે ઉજવીએ છીએ. અહીં વાતનો મર્મ છે કે ઉજવણી પોતાના લોકો સાથે બધા જ કરે પણ બીજા માટે કંઈક કરી છૂટી કે બીજાને મદદ કરી તમે તમારી ઉજવણીને વધુ મધુર ને યાદગાર બનાવી શકો.

આ વાતને યથાર્થ કરતી એક ઘટના આપ સૌ સમક્ષ રજૂ કરીએ છીએ. આપણી જ્ઞાતિના આગેવાન શ્રી દિનેશભાઈ જેઠાલાલ સોનીની સુપુત્રી મનાલી અને તેમના જમાઈ જેનીસકુમારે આ સપ્ટેમ્બર મહિનાની શરૂઆતમાં જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચી એમને ન્યુટ્રીશનવાળો ખોરાક મળી રહે એમ ૧લી સપ્ટેમ્બરથી ૭મી સપ્ટેમ્બર સુધી ન્યુટ્રીશન વીક ઉજવી ખૂબ જ સુંદર માનવતાને પ્રજ્વલિત કરતું કાર્ય કર્યું છે.

એક ઉમદા વિચાર, "કે મારે ગરીબ બાળકો અને જરૂરતવાળા લોકોને આ ન્યુટ્રીશન વીકમાં કંઈક ન્યુટ્રીશન (પોષક તત્ત્વવાળો ખોરાક) મળી રહે તેવો ખોરાક આપવો છે!" (મનાલી સોની). બસ, આ એક વિચારે મનાલી સોનીએ પ્રથમ દિવસે ૧૫ ગરીબ બાળકોને કેળા ખવડાવ્યા. એ પછી એમના પતિ તથા પરિવારના સાથથી બટાકા પૌંઆ અને બિસ્કિટનું વિતરણ કર્યું અને એ પણ ૨૫થી ૪૦ લોકો સુધી પહોંચાડ્યું.

આ કાર્યમાં બીજા ઘણા મિત્રો તથા સંબંધીઓએ રૂપિયા ડોનેટ કર્યા અને પૂરા એક એઠવાડિયામાં ૧૫ જેટલા સહાયકની મદદથી ૧૨થી પણ વધુ ખાદ્ય વસ્તુઓ જેવી કે ખીચડી, બિસ્કીટ, કપ કેક, બટાટા પૌંઆ, અમુલ કૂલ, સુખડી, સફરજન, કેળા વગેરે ૯૦૦થી પણ વધુ ગરીબ લોકો સુધી પહોંચાડ્યા.

ખરેખર આ માનવતાભર્યા પગલાને અમે સૌ જ્ઞાતિવાળા હરખભેર વધાવીએ છીએ અને આમ જ આગળ આવા કાર્ય કરતા રહે અને ગરીબ તથા જરૂરિયાતવાળા લોકો સુધી એમની સેવાને પહોંચાડતા રહે તેવી આશા.

આ લેખને અહિંયા રજૂ કરવા માટેનો મૂળ હેતુ એટલો કે આપણી આજની પેઢી આ વાંચીને પ્રેરણા લે અને કોઈ પણ ગરીબ કે જરૂરિયાતવાળા લોકોને મદદ કરી, એમના ખાસ દિવસની ઉજવણી કરે.

*એક હાથ લંબાવી તો જુઓ,*
*મદદ માટે બીજા સો હાજર થશે.*
*પરોપકાર કરી તો જુઓ,*
*ઈશની મહેર જાહેર થશે.*

*કોઈકના આંસુ લૂછી,*
*બે આશ્વાસન આપી તો જુઓ,*
*એની ખાલી પોટલીમાંથી*
*પ્રેમના મોતી ઝળહળશે.*

*પૈસા ને પાવરના અજવાળા*
*તો બધે જ પથરાશે,*
*પણ કોઈકના અંધકારમય જીવનમાં*
*મદદનો દીવો કરી તો જુઓ,*
*અંતરની આતમામાં,*
*શાંતિનો સૂરજ ઊગી નીકળશે.*

*એક હાથ લંબાવી તો જુઓ,*
*મદદ માટે બીજા સો હાજર થશે.*
*પરોપકાર કરી તો જુઓ,*
*ઈશની મહેર હજાર થશે.*

*– શાહ જેનીસ*



# સૂર્ય નમસ્કાર


**મીતા એન. સોલંકી**

*હેલ્લો ફ્રેન્ડ્સ,*

શરદ ઋતુ બીમારીની ઋતુ છે. જો કે ૨૦૨૦નું આખું વર્ષ શરદ ઋતુ કરતાય વધું ખરાબ રહ્યું.

આજે હું માત્ર અને માત્ર સૂર્ય નમસ્કાર ક્રિયાની વાત કરીશ. આ ક્રિયા મુળભૂત રીતે વ્યાયામ અને બ્રિધીંગનું સુંદર કોમ્બિનેશન છે. આ ક્રિયામાં ૧૨ પોઝના અલગ અલગ મંત્ર રહેલા છે.

૧. ૐ મિત્રાય નમઃ
૨. ૐ રવયે નમઃ
૩. ૐ સૂર્યાય નમઃ
૪. ૐ ભાનવે નમઃ
૫. ૐ ખગાય નમઃ
૬. ૐ પૂષ્ણે નમઃ
૭. ૐ હિરણ્યગર્ભાય નમઃ
૮. ૐ મરીચયે નમઃ
૯. ૐ આદિત્યાય નમઃ
૧૦. ૐ સવિત્રે નમઃ
૧૧. ૐ અર્કાય નમઃ
૧૨. ૐ ભાસ્કરાય નમઃ



આ મંત્રો દ્વારા શ્વાસોચ્છ્વાસ સાથે ૧૨ અલગ અલગ આસન કરવામાં આવે છે. આ આસન દરમ્યાન શ્વાસ - પ્રશ્વાસ કરવાથી વધુ ફાયદો મળે છે.

સૂર્ય નમસ્કારના મંત્રો દ્વારા થતા ફાયદાઓની વાત કરીશ તો પાનાઓ ઓછા પડશે. થોડા ખાસ ફાયદાની વાત કરું તોઃ

૧. કરોડરજ્જુની સ્થિતિસ્થાપકતા ખૂબ સારી બને છે.
૨. વ્યાયામોનો કોમ્બો હોવાથી બધી જાતની એક્સરસાઇઝ એક જ સૂર્ય નમસ્કાર આવડી જવાથી થઈ જાય છે.
૩. સૂર્ય સામે જ કરવાથી વિટામિન-ડી ની કમી નથી થતી.
૪. નવી શક્તિ, આત્મબળ, સ્ફુર્તિ અને આનંદનો સંચાર થાય છે.
૫. ઉત્તમ પ્રકારના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે.

***સૂર્ય નમસ્કાર કરતી વખતે કેટલાક નિયમો પાળવા ફરજીયાત છે :***

૧. બાર વર્ષ પછી નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ કરવું.
૨. બ્લડ પ્રેશર, અસક્ત, કોઈ તકલીફ હોય તો નિષ્ણાતના માર્ગદર્શન હેઠળ કરવું.
૩. તેનો સમય સવારે ૬ સુધી ઉત્તમ છે. પૂર્વ દિશામાં મુખ રાખી કરવાથી ઉત્તમ ફાયદો થાય છે.
૪. ખૂલતા કપડા પહેરીને જ કરવું.
૫. ઝડપથી, આંચકા ન લાગે તેમ લયબધ્ધ રીતે કરવું.
૬. પૂરક (શ્વાસ લેવો), કુંભક (શ્વાસ રોકવો) અને રેચક (શ્વાસ છોડવો) સાથે સૂર્ય નમસ્કાર કરવાથી ઉત્તમ પરિણામ મળે છે.
૭. ક્રિયા દરમ્યાન મોઢું ન ખોલવું.
૮. ડબલ બ્રિધીંગની ક્રિયા દસથી વીસ વખત કરવી. લાગેલો થાક તરત ઉતરે છે.
૯. શારીરિક ક્ષમતા અનુસાર વધુમાં વધુ સૂર્ય નમસ્કાર કરવા જોઈએ.

અંતમાં શવાસન જરૂર કરવું.

સૂર્ય જીવનનો આધાર છે. આમ, સૂર્ય નમસ્કાર કરવાથી યોગાસન ઉત્તમ પ્રકારનું સ્વાસ્થ્ય મેળવાય છે. શરીર, મન અને પ્રાણનો સંપૂર્ણ સુસંવાદિત વિકાસ થાય છે.

ટૂંકમાં, જે લોકોને આરોગ્યપૂર્ણ જીવન જીવવું છે, સ્વસ્થ સુંદર શરીરની ઈચ્છા છે, એવા લોકોએ સૂર્ય નમસ્કાર કરવા જ જોઈએ. આથી જ અમે વધુમાં વધુ સૂર્ય નમસ્કાર કરવાની અપીલ કરીએ છીએ. જે સ્વસ્થ હોય, અસ્વસ્થ, જવાન કે વૃધ્ધ મોટા હોય કે નાના પુરૂષ હોય કે સ્ત્રી – સર્વેએ આનો અભ્યાસ કરવો જોઈએ.

**શાંતિપાઠ**

*ૐ સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ ।*
*સર્વે ભદ્રાણા પશ્યન્તુ મા કશ્ચિદ્ઃખભાગમવેત્ ॥*
*ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ*

*વિચાર ગમે તેટલો સુંદર હોય, પણ આચાર વિના નકામો છે.*

# આપણાં પરિવારો – (૨૭)

પ્રેષક : તુલસીદાસ કંસારા - અમદાવાદ




ભુજથી માતાના મઢ જતાં, દસેક કિ.મી. પહેલાં આવતું રવાપર (તા. નખત્રાણા) ગામમાં આપણા સમાજના ૩૫-૪૦ ઘરો આવેલ છે અને અઢીસો જેટલીક વસ્તી હશે. ગામની વસ્તી લગભગ પાંચેક હજાર થાય, જેમાં નવસો જેટલા ઘરો આવેલ છે. આમ, ગામની વસ્તીમાં આપણી સંખ્યા પાંચ ટકા લેખી શકાય. આ ગામના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી, ખેતમજૂરી, પશુપાલન તેમજ મહદ્ અંશે નોકરીઓ છે. આપણા ચાલીસ ઘરોમાંથી ચોથા ભાગના સોની કામ સાથે સંકળાયેલા છે. મૂળ તો સોની કામ અર્થે ગામમાં વસવાટ કરેલ હશે, પરંતુ સમયના વહેણ સાથે વસ્તીમાં વધારો થતાં અને અભ્યાસની તકો મળતાં ગામના વિકાસ સાથે ટોટલ ઘરકામ સિવાયના અન્ય વ્યવસાયીક કામોમાં રોકાયેલ ૭૦-૮૦ ભાઈઓ અને બહેનોમાંથી સોનીકામ સિવાય ફોટોગ્રાફી, સ્પેરપાર્ટસ વેપાર, અન્ય વેપાર, ફરસાણ, ડ્રાઈવિંગ, ગેરેજ, મોટર મિકેનિક્સ, એજન્સીના કામ, પ્રોવિઝન સ્ટોર્સ, બ્યુટીપાર્લર, વાસણ - કટલરી, ટાયર પંક્ચર, ઈલેક્ટ્રોનિક્સ, પેઈન્ટીંગ્સ વગેરે વિવિધ કારીગરીના કામો અને વેપાર તેમજ નોકરીઓ તરફ આપણા સમાજના ઘણા લોકો વળેલા છે. અભ્યાસનું પ્રમાણ પણ સમાજમાં સારૂં એવું વધેલ છે.

અટક પ્રમાણે જોતાં સૌથી વધારે પરિવારો કટ્ટાના લગભગ એક ડઝન, બારમેડાના આઠ-દસ, બુધ્ધભટ્ટી સોલંકીના ૪-૫, પોમલ - બગ્ગાના બબ્બે અને સાકરીયા, ચૌહાણ, પરમાર, મૈચાના એક-એક કુટુંબ ૨૦૧૧-૧૨માં નોંધાયેલ. અત્યારે તેમાં થોડા ફેરફાર થયેલ હશે.

આ રવાપર ગામમાં આપણા સમાજ તરફ નજર દોડાવવાનું કારણ ત્યાંથી આવેલ બહેન ધારા બારમેડાનો એક ફોન કોલ છે. જેમણે તેમના કચ્છ યુનિવર્સિટીના એમ.એડ.ના અભ્યાસ દરમિયાનના પ્રોજેક્ટ માટેની માહિતી સંદર્ભે ફોન કરેલ. જે મોકલાવતાં મેં તેમની પાસેથી ત્યાંના સમાજની વિગતો મેળવી, જે તેમણે ટુંક સમયમાં પૂરી પાડેલ છે. જેથી આપણા પરિવારોની એક કડી આગળ વધેલ છે. બહેન ધારાને આપણે આમ તો 'સેતુ'ના માધ્યમથી ઓળખીએ છીએ કારણકે તેમના લેખો અવારનવાર છપાતા હોય છે. પરંતુ આ પાવર પટ્ટી તરીકે ઓળખાતા પશ્ચિમ કચ્છના નખત્રાણા તાલુકાના એક ગામમાં રહેતા આપણા સમાજની આછેરી ઝલક વિશે આપણે હવે જાણીશું.

આમ તો રવાપરમાં ધારાબહેનના પિતાશ્રી રવજીભાઈ અને તેમના ભાઈઓના પરિવારો છેલ્લા ૩૫ વરસોથી ત્યાં રહે છે. તેમની નવ પેઢીની વંશાવળી અહીં પ્રસ્તુત છે, જે અન્યત્ર દૂર-સુદૂર રહેતા આપણા ઘણા બારમેડા પરિવારો સાથે લીંક થતી હશે અને તે રીતે તેઓ પણ પોતાની વંશાવળી તેમની સાથે સરખાવી શકશે.

વિશાલ (બહેન ધારાનો નાનો ભાઈ) – રવજીભાઈ – વિશનજીભાઈ – તુલસીભાઈ – પરસોત્તમભાઈ – પ્રેમજીભાઈ – ગાંગજીભાઈ – પચાણભાઈ – મેતાભાઈ (રવજીભાઈથી નાના બે ભાઈઓ પ્રવીણભાઈ અને રાજેશભાઈ પણ તેઓ બંનેના કુટુંબ સાથે રવાપરમાં સંયુક્ત પરિવાર તરીકે રહે છે.) ત્રણેય ભાઈઓ સોની કામમાં વ્યસ્ત રહે છે. બહેન ધારાએ લખેલ પોતાની અભ્યાસ યાત્રા અહીં એ હેતુથી આપેલ છે કે એક અંતરિયાળ ગામમાં રહેવા છતાં ધગશ હોય તો ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાં પણ શિક્ષણ મેળવી શકાય છે અને પોતાના શોખ પણ કેળવી શકાય છે.

આપણે શહેરોમાં અંગ્રેજી શિક્ષણની પાછળ ભાગતા ગુજરાતીઓ નાના નાના બાળકોને પહેલા ધોરણથી પણ બે-ત્રણ વરસ પહેલા કિંડર ગારટન કે 'કેજી' તરીકે ચલાવાતી ખાનગી શાળાઓમાં મોકલી દઈએ છીએ, ભલે પછી કેટલાક લોકોને તો 'કેજી'નો અર્થ પણ ખબર ન હોય અને ઘરમાં પોષાતું ન હોય તો પણ મોટી ફી ખર્ચતા હોઈએ છીએ. જ્યારે બહેન ધારાએ શરૂઆતનું પ્રાથમિક શિક્ષણ ગામની સરકારી શાળામાંથી પ્રાપ્ત કર્યું અને ધોરણ છ સુધી બીજા ક્રમે રહી ૭મા ધોરણમાં પ્રથમ નંબર મેળવ્યો.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ તેમણે ગામમાં જ મેળવ્યું. સ્નાતકની પદવી પ્રાપ્ત કરવા નખત્રાણા જવાનું થયું. જે ગામથી ૩૫ કિ.મી. દૂર હતું. બસ, ત્યારથી બહેન ધારાનો નાતો 'બસ' સાથે જોડાયો, જે આજ દિવસ સુધી તેણે તોડ્યો નથી. અભ્યાસ દરમિયાનની પોતાની યશસ્વી કારકિર્દી બદલ તેમના પ્રેરણામૂર્તિ તેમના પિતાશ્રી રહેલ છે, જેમના માટે તે કહે છે કે :



*"પિતાશ્રી પાસેથી સખત મહેનતના ગુણ તો મને ગળથૂથીમાં જ મળેલા. આજે પણ જ્યારે ૬૦ વર્ષ વટાવેલો એમનો ચહેરો જોઉં છું ત્યારે મારા માનસપટ પર જ્યારે હું છ કે સાત વર્ષની હતી ત્યારે તેઓ રાતના એક વાગ્યા સુધી ઘરે ચાંદીના તાર (વારા) ખેંચવાના મશીન પર કામ કરતા. પાછા સવારે હું ઊઠું એ પહેલા તો દુકાને પહોંચી ગયેલા હોય (આ લખતી વેળાએ ખરેખર મારી આંખમાં ઝળઝળીયા આવી ગયેલા.) હા, આજે ક્યારેક તેમના ચહેરા પર મને ખૂબ થાક વર્તાયેલ દેખાય, પરંતુ સાથોસાથ મહેનત પણ દેખા દે જ છે. આજની તારીખે પણ અમે બહારગામ ફરીને થાકેલા ઘરે આવ્યા હોઈએ ત્યારે અમે બધા સૂઈ જઈએ પરંતુ પપ્પા આખા વર્તમાનપત્રનું વાંચન કરીને પછી જ સુવે. બસ, આજ બાબત મને શીખવાડી ગઈ કે કાર્યપૂર્તિ કરવી હોય તો રાત-દિવસ, થાક-ઉજાગરાની પરવા કર્યા વિના મહેનત કરવાની."*

"A" ગ્રેડ સાથે સ્નાતક પદવી મેળવી બી.એડ. માટે ભુજની આશાપુરા મહિલા કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને ત્યારથી ધારાએ

વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવાનું શરૂ કર્યું. તેણે નિબંધ અને કવિતાઓમાં પોતાનું કૌવત દર્શાવીને મેળવેલ નંબરોના કારણે તેના શિક્ષકોએ તેને કહેલ, “ધારા, તે ક્યારેય કહ્યું નહીં કે તું આટલા સારા નિબંધ અને કવિતાઓ લખે છે…! હવે ભાગ લેતી રહેજે.' બસ, ત્યારથી તેની શૈક્ષણિક ઉપરાંત બિન શૈક્ષણિક સિદ્ધિઓની ગાડીએ સ્પીડ પકડી, તે અત્યાર સુધી બ્રેક લાગેલ નથી!

B.Ed. ૯૨.૩૦% “O” ગ્રેડ (મહત્તમ ગુણાંક), ને બે વાર યુનિવર્સિટીમાં સ્થાન મેળવવા બદલ સમસ્ત બારમેડા પરિવારે ધારાને બે રજત ચંદ્રક (Silver Medal)થી સન્માનિત કરેલ છે. ગામની સૌથી વધારે ભણેલી દીકરી તરીકે રાષ્ટ્રીય તહેવારમાં ધ્વજવંદનના લહાવો પણ તેને મળેલ છે. B.Ed.ના બે વર્ષ દરમિયાન દરરોજના છ કલાકની બસ મુસાફરીની કસર આ બધી સિદ્ધિઓ સાથે પૂરી કરી ધારાએ M.Com.માં પ્રવેશ મેળવ્યો.

આજકાલ નોકરીઓની કેટલી તકલીફ છે તે આપણે બધા જાણીએ છીએ. પરંતુ હવે ધારાએ અભ્યાસ સાથે કમાવવાનું પણ શરૂ કર્યું. ગામમાં પ્રવાસી શિક્ષકની જરૂર હોઈ, છ મહિના માટે સેવા આપેલ અને ઘરે ટ્યુશન પણ શરૂ કરેલ. સમયની અછતનો ફાયદો તેણે બસની મુસાફરીના સમયનો સદુપયોગ કરીને કર્યો. અભ્યાસ (પ્રેક્ટીકલ)નો લગભગ ૬૦% હિસ્સો બસમાં જ પૂરો કરી અને ૯૬ ટકા જેટલા ગુણ મેળવી 'A' ગ્રેડ સાથે M.Com. પણ પૂર્ણ કર્યું. અભ્યાસ સિવાય પણ ધારાએ પોતાનો લેખનનો શોખ તો ચાલુ જ રાખ્યો. જેના પરિણામે તેના નિબંધ અને કવિતાઓની કદર થતી રહી અને તાલુકા કક્ષાથી લઈને રાજ્ય કક્ષા સુધી પહોંચવાનો મોકો મળ્યો. જેના ફળ સ્વરૂપે આંતરરાષ્ટ્રીય સંસ્થા ઓએસીસ (OASIS), જેનો મતલબ થાય છે 'ઓર્ગેનાઈઝેશન્સ ફોર ધી એડવાન્સમેન્ટ ઓફ સ્ટ્રક્ચર્ડ ઈન્ફોરમેશન સ્ટાન્ડર્ડસ' દ્વારા આયોજીત ત્રણ તબક્કાની સ્પર્ધામાં વિજેતા બનતાં તેને અને તેની મોટી બહેન (નેહા)ને હિમાલયમાં ૧૨,૫૦૦ ફિટની ઊંચાઈએ ટ્રેકિંગનો લહાવો મળ્યો અને તેમાં પણ તેની ટ્રેકિંગ સ્ટાર તરીકે પસંદગી થઈ. આમ, સાહિત્યના શોખની સાથે તેનો સાહસિકતાનો શોખ પણ પોસાતો રહ્યો.

હવે જાણે ધારાને તો ભણવાનો અને છ-છ કલાક રોજ બસની મુસાફરીનો નાદ લાગેલ. તેથી તેણે M.Com. પછી M.Ed. કચ્છ યુનિવર્સિટીમાં શરૂ કર્યું અને સાથે સાથે જે વિદ્યાર્થીઓ તેની પાસેથી ટ્યુશન લઈ ગયેલ તેના વાલીઓએ ખાસ ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ચાલુ રાખવા ખૂબ વિનંતી કરતાં રાત્રે ૮.૩૦ વાગે થાકી-પાકીને ઘેર પરત આવતાં તેમને ભણાવવાનું ચાલુ કર્યું. સાથોસાથ M.Ed.માં ૮૭.૪૮% જેવા યશસ્વી પરિણામો સાથે યુનિવર્સિટીમાં પ્રથમ ક્રમ મેળવવાનું તો ચાલુ જ રાખ્યું!

અભ્યાસ સાથે ધારાએ તેના સાહિત્ય શોખને પોસતા રહીને અત્યાર સુધીમાં ૨૫થી વધુ નિબંધો, ૧૪થી વધુ લેખો (જેને વર્તમાનપત્ર અને સામયિકોમાં સ્થાન મળેલ છે), બે કચ્છી વાર્તા, એક કચ્છી લઘુ નવલ 'સમજણના સૂર', એકાંકી નાટક 'નોકરી', હાસ્ય એકાંકી 'સાસુથી સોનુ સુધી', ૨ લઘુ નવલકથા, ૩ લઘુ વાર્તા, ૨ વાર્તા, ૨૩થી વધુ કવિતા – કચ્છીમાં પણ ખરી, My Quotes એપ પર ૭૦થી વધુ Quotes, ૨૫થી વધુ હાઈકુ અને સાઈજીકીની (હાઈકુ, એ એક પ્રકારની ૧૭ અક્ષરો ધરાવતી કવિતા છે) શરૂઆત કરેલ અને તેમાં તાજેતરમાં તેની સાઈજીકીને તૃતીય નંબર પણ મળેલ છે.

*અહીં પ્રસ્તુત છે તેની એક કવિતાની ચાર લાઈનો…*

***ગામડું એટલે કે જાણે ઢોર અને માણસને***
***રહેવા માટેની વ્યવસ્થામાં કાંઈ ખાસ ફેર ન હોય…***

***ગામડું એટલે કે આખા દિવસમાં એક જ બસ આવે અને***
***ડ્રાઈવરના હોર્નને સૌ કોઈ હાથ ઊંચો કરીને અભિવાદન કરતા હોય…***

***ગામડું એટલે કે જ્યાં ઘેર ઘેર તાજા દૂધની***
***અને છાશની રેલમછેલ હોય…***

***ગામડું એટલે કે જ્યાં સત્સંગ, સંસ્કાર અને***
***સાદા જીવનનો ત્રિવેણી સંગમ હોય…***

ધારાના માનસપટ પર બસનું મહત્ત્વ છવાઈ ગયેલ છે. તેથી આ ગામડાંની તેની કવિતામાં બસનો ઉલ્લેખ બે વખત આવે છે (ઉપર તો માત્ર બે-ચાર પંક્તિઓ જ લીધેલ છે, તેથી તેમાં બસ એક વખત દેખાય છે!) હાલમાં જ તેની જિંદગી વિશેની ફિલોસોફીને નાની નાની પાંચ હાઈકુ રૂપ કવિતામાં સમાવી લેતી અભિવ્યક્તિને મળેલ તૃતીય સ્થાનમાંની કૃતિઓમાંથી ચૂંટેલી ત્રણના શબ્દો આ રહ્યા…

1. ***ઘા ઝીલીને જ અપાય છે, જિંદગીને ખૂબ ઘાટ…***
2. ***બંધ મુઠ્ઠીની જિંદગી, ખોલી મેં તો સરકી ગઈ…***
3. ***ગોઠવી ગોષ્ઠિ જિંદગી પર, સ્વને એકાંત મળ્યું…***


આમ બહુમુખી પ્રતિભા ધરાવતી, અનેક માન-અકરામોની ધની (તેણે મેળવેલ ચંદ્રકો અને બહુમાનોનું લીસ્ટ તો લાંબું છે) બહેન ધારાની ઈચ્છા Ph.D. કરવાની છે અને શૈક્ષણિક ક્ષેત્રે એક અધ્યાપક તરીકે દેશની ભાવિ પેઢીને તૈયાર કરવાની છે. સાથોસાથ સાહિત્ય જગતને કંઈક વિશેષ પ્રદાન કરી શકાય તેવા પ્રકારની રચનાઓનું સર્જન કરવાની ઈચ્છા છે. બહેન ધારાની ધગશ જોતાં 'જ્ઞાતિસેતુ' તેણે આ ધારેલી દિશામાં ઝળહળતી સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવે છે.

■ ***End Piece :***

*Where there is Will, there is Go.*
*મન હોય તો માળવે જવાય.*

# વિશ્વ માનક દિવસ – ૨૦૨૦

**નિકિતકુમાર કંસારા - ન્યુ દિલ્હી**



નિકિતકુમાર કંસારા

**"Just imagine, if the ATM / Debit / Credit Cards of different companies were of different sizes or if the sign language by ground staff handling aeroplanes were different in different countries. These are but a few examples where standards are operating and making the life easy."**

## માનક અપનાવો, સૃષ્ટિ બચાવો

*ગત ૧૨મી ઓક્ટોબરના રોજ 'વિશ્વ માનક દિવસ' ઉજવાયો. આ સંદર્ભે મુંબઈથી પ્રકાશિત અખબાર 'વ્યાપાર'માં, ભારત સરકારના બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના ઉપ-મહા નિદેશક શ્રી નિકિતકુમાર કંસારાનો લેખ, તેમજ દિલ્હીથી પ્રકાશિત સામયિક "AWARE CONSUMER"માં પ્રકાશિત એના મુખ્ય તંત્રી સાથેના નિકિતકુમારના વાર્તાલાપના અંશ અત્રે પ્રસ્તુત છે.*

*આ લેખમાં સુવર્ણ આભુષણ શુધ્ધતાના ધોરણ જાળવવા માટેની 'હોલ માર્કિંગ' સ્કીમ વિશે ખાસ માહિતી છે.*

*અત્રે એ પણ જણાવતાં હર્ષ થાય છે કે, શ્રી નિકિતકુમાર કંસારા, આપણા સામયિક 'સેતુ'ના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ કંસારાના સુપુત્ર છે.*

*અતુલ સોની – તંત્રી*

આપણું જીવનધોરણ સુધારવામાં સ્ટાન્ડર્ડસ અથવા ધોરણોની મહત્ત્વની ભૂમિકા હોય છે. આપણા જીવનમાં વસ્તુની ગુણવત્તાના ધોરણ બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. પેકેજ ડ્રિંકિંગ વોટર, સિમેન્ટ, એલઈડી લાઇટ, હેલ્મેટ, પ્રેશર કૂકર, એલપીજી સિલિન્ડર, ગેસ સ્ટવ વગેરેના સ્ટાન્ડર્ડ નક્કી થયેલા છે. ***ધોરણો ન હોય તો આપણને જીવનમાં ઘણી મુશ્કેલીઓ નડી શકે. ધારો કે વિવિધ બેંકો કે કંપનીઓએ જારી કરેલા એટીએમ, ડેબીટ કે ક્રેડિટ કાર્ડ અલગ-અલગ કદના હોય કે પછી અલગ-અલગ દેશોમાં એટીએમ પર સૂચના અલગ અલગ ભાષામાં હોય તો કેટલી મુશ્કેલી ઊભી થાય! આ વ્યક્તિગત અને રાષ્ટ્રીય સ્તરનો મુદ્દો થયો, વિશ્વ સ્તરે પણ સ્ટાન્ડર્ડ્સનું મહત્ત્વ અદકેરું છે.***

પૃથ્વી પર માનવીનું અસ્તિત્વ પણ પૃથ્વીના વિવિધ સંસાધનોને કારણે ટકે છે. પણ માનવજાતિએ જે પ્રકારે વિવિધ પ્રવૃત્તિ હાથ ધરી છે તેને કારણે જે સંસાધનો છે તે કેટલો વખત ચાલશે તે વિશે થોડા વર્ષોથી શંકા જાગી રહી છે. આ સંબંધમાં સ્ટાન્ડર્ડાઇઝેશન (ધોરણીકરણ) ઘણો મહત્ત્વનો ભાગ ભજવી શકે. તેનો ઉપયોગ અનેક પ્રકારની પ્રવૃત્તિઓમાં થઈ શકે. પૃથ્વીને બચાવવા માટે ધોરણોનો ઉપયોગ થાય તે જરૂરી છે. આ પ્રક્રિયામાં વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓની ગુણવત્તા વગેરે નક્કી કરવામાં આવે છે અને તેની પાયા પર ચકાસણી થાય છે. ભારત આ પ્રક્રિયા વિકસાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

આ વિષયમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે વિકાસ થયો છે તેની સાથે ભારતે તાલમેલ રાખ્યો છે. ભારતની બીઆઈએસ સંસ્થાએ અનેક વસ્તુઓ / પ્રવૃત્તિઓના ધોરણો બનાવ્યા છે. તેને કારણે ઊર્જા બચત, પાણી બચત અને હવાની ગુણવત્તા જેવા વિષયોમાં મદદ થઈ છે. આબોહવા પર ઔદ્યોગિક ઉત્પાદનની થતી ખરાબ અસર તેને કારણે ઘટી શકે છે. ***ઓછા સંસાધનોથી મહત્તમ કામ થઈ શકે તે માટે રિડ્યુસ, રિયુઝ અને રીસાઈકલની વિભાવનાનો સમન્વય થઈ રહ્યો છે.*** ભારતમાં જે ક્ષેત્રોમાં આ પ્રક્રિયા અપનાવવામાં આવી છે તેમાં એનર્જી સેવિંગ, સોલર એનર્જી, વિન્ડ એનર્જી વગેરેનો સમાવેશ થાય છે. તે ઉપરાંત સોલીડ વેસ્ટ, નોનફોરેસ્ટ પ્રોડક્ટ, વેસ્ટ યુટીલાઇઝેશન, બાયો ફર્ટીલાઈઝર, બાયો ફ્યુઅલ વગેરેને પણ આવરી લેવાયા છે. ***સોનામાં હોલ માર્કિંગના સ્ટાન્ડર્ડ અપનાવવાથી ગ્રાહકોને ઘણો ફાયદો થશે.*** આપણે જાણીએ છીએ કે સોનાના આભુષણમાં અમુક બીજી ધાતુનું મિશ્રણ હંમેશાં થતું હોય છે. ઘણીવાર એનું પ્રમાણ સ્થાપિત ધોરણોથી વધારે હોય છે. ***ભારત સરકારે ગ્રાહકોને રક્ષણ આપવા માટે હોલ માર્કિંગ દાખલ કર્યું છે અને તેની જવાબદારી બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સને આપી છે.*** બીઆઈએસે સ્વીકૃત કરેલી અન્ય સંસ્થાઓ આ કામ કરી શકે છે. તેમાં સોનાની શુદ્ધતાની ગેરંટી આપવામાં આવે છે. ૨૨, ૧૮ અને ૧૪ કેરેટના સુવર્ણ આભુષણોની શુધ્ધતાના ધોરણો નક્કી કરવામાં આવ્યા છે. જે આઈટમને હોલમાર્ક કરવામાં આવી હોય તેના પર બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સનો લોગો હોય છે. જો ધોરણ કરતાં ઓછી શુદ્ધતા હોય તો ગ્રાહક તેની સામે વળતર મેળવી શકે. સરકારે જાહેર કર્યું છે કે ટૂંક સમયમાં જ બે ગ્રામથી વધારે વજનના જ્વેલરી આર્ટીકલને ફરજિયાત હોલમાર્ક કરાવવા પડશે. આને કારણે ગ્રાહકોનું હિત સચવાશે. હોલમાર્કનો લોગો લેઝર મશીનથી લગાવવામાં આવે છે અને તેમાં બનાવટના સંજોગો ઘટી જાય છે.

# જ્ઞાતિસેતુ ક્લાસિફાઈડ

VA

Vinod Soni
98254 28255

## M/s. Velji Anandji

**Dealers & Manufacturers of Gold Ornaments**

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

VC

Vinod Soni
98254 28255

## M/s. Vinodchandra & Co.

**Dealers & Manufacturers of Gold Ornaments**

Prime Point Shop No.3, Opp. NCC Office,
Santoshi Mata Mandir Road,
Bhuj- Kutch 370 001
Ph. (02832) 220126, 221451
email:va220126@gmail.com, vco221451@gmail.com

સોની દિલીપ કાનજી
સોની ભરત કાનજી

મો. ૯૮૨૫૨ ૨૬૬૧૭
મો. ૯૮૭૯૫ ૯૯૩૭૧



## એસ. કે. જ્વેલર્સ
(ઢોરીવાળા)

**સોના ચાંદીના દાગીના વેપારી**

શરાફ બજાર, ભુજ-કચ્છ
ફોન : (ઓ) ૨૫૭૦૦૨ (રહે.) ૨૯૯૩૩૧

Arunbhai Soni
982424 14895
Riteshbhai Soni
90338 42533

02836 245572



## BABUBHAI JEWELLERS
MANFARAWALA

*Manufacturers & Dealers of Gold & Silver Ornaments*

Lohar Chowk, 12 Mtr Road, Ganga Bazar, Anjar (Kutch)

MT

## મહેક ટ્રેડીંગ
બુલીયન મર્ચન્ટ

**હરિશભાઇ નરોત્તમભાઇ સોની (ધાણેટીવાળા)**

12 મીટર રોડ, પટણી બજાર, અંજાર (કચ્છ) 370 110.
Ph. No. 02836 - 241043, Mob. 99135 04898, 98258 37767

## V P Jewellers

## વી.પી.જ્વેલર્સ
ચાંદી - સોનાના દાગીનાના હોલસેલ વિક્રેતા

વસંતભાઇ પોમલ
98254 45364

મુકેશ સોની
98257 69258

ધોબી શેરી,
છઠીબારી રીંગ રોડ,
ભુજ-કચ્છ.૩૭૦ ૦૦૧

Sun
SUN BRAND TEJORI



## ચંદન ઈન્ડસ્ટ્રીઝ
AN ISO 9001:2008 CERTIFIED COMPANY

ભાવેશ પીઠવા
૯૮૨૫૧ ૮૭૫૬૭
Chandan.ind.sun@gmail.com

મેન્યુ.: તિજોરી, બેંક લોકર, સ્ટ્રોંગરૂમ ડોર
તથા ફેબ્રિકેશન કામ કરનાર

કે-૨/૩, ઉદ્યોગનગર-૧, ત્રણ ખુણીયા પાસે, ગોંડલ (ગુજ.)
ફોન: ૦૨૮૨૫-૨૨૨૧૩૧

દરેક જાતનાં કાંસાના મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ કળશ, ધ્વજદંડ,
નાગ, જળાધરી બનાવનાર તથા વેચનાર



જગદીશ હરિલાલ : ૯૯૭૯૯ ૨૧૨૫૧
સંદીપ હરિલાલ : ૯૪૨૬૪ ૩૦૩૬૮

## એમ.પી.કંસારા

મચ્છી પીઠ, અંજાર - કચ્છ ૩૭૦ ૧૧૦
ફોન: ૨૪૩૪૫૯

Prakashbhai Soni 98793 22373
Nikul Soni 99254 66200

Narmada
JEWELLERS

Manufacturer of
Gold & Silver
Ornaments

916

Shivaji road,
Nr. Custom chawk
circle, Anjar.

Ketan Enterprise
TYRE | BATTERY | ALLOY WHEEL

MRF apollo BRIDGESTONE CEAT
Continental GOODYEAR JK TYRE TOTAL CONTROL

કેતન સી. પરમાર | ૯૮૨૫૨ ૩૪૬૫૭
ઈમેલ: ketanparmar69@gmail.com
લક્ષ્મી ચેમ્બર્સ, રવિ સિનેમા પાસે, ભુજ-કચ્છ
ફોન: ૦૨૮૩૨ ૨૨૧૪૧૬, ૨૫૩૪૧૬ | ઘર: ૦૨૮૩૨ ૨૫૦૦૫૩

જગદીશભાઈ કંસારા
૯૮૨૫૪ ૬૧૯૨૦

મધુકાંતભાઈ કંસારા
૯૮૨૫૯ ૭૯૬૫૦

આશા
મોલ્ડીંગ વર્કસ્

શુદ્ધ કાંસાના બી.એમ.કે. માર્કાનાં મંજીરા, ઝાંઝ, જાલર તથા ઘંટ બનાવનાર

મચ્છી પીઠ, અંજાર - કચ્છ । ફોન: ૨૪૩૪૫૯

Prdeep Kansara
939 9999 330
Sanjay Kansara
94265 21974

Bharat Petroleum
Pure for Sure

PRADEEP AGENCIES
BHARAT PETROLEUM DEALER

Email: pradeep_kansara25@gmai.com
Petrol Site: 126, M. G. Road, Secundarabad
Diesel & LPG: 1-54/2, Madinaguda Village, Myapur
Bitumen Depot: 8-2-98 Isanpur, Opp. Raasi Ceramics, Medak

સોની નરેશ દામજીભાઈ

પાર્થ
જ્વેલર્સ

સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર

સુભાષ પોળ, સ્ટેશન રોડ, ખેડબ્રહ્મા, (સા.કાં.)
ફોન : (ઓ)૨૨૦ ૫૯૯ (રહે) ૨૨૦૧૨૯ • મો. ૯૪૨૭૬ ૯૬૧૭૬

પ્રેગીનભાઈ 94280 33303
મેહુલભાઈ 99253 55505

મે. સોની મોહનલાલ પ્રાગજીભાઈ

હીરાલાલભાઈ 98791 22160
સ્વ.રમેશભાઈ

પાંજી દુકાન
સોના-ચાંદીના દાગીના
બનાવનાર તથા વેચનાર.

ગંગા બજાર, ચૈતન્ય હનુમાનજીની બાજુમાં, નખત્રાણા-કચ્છ. 97252 22160

VJ વૈશાલી જ્વેલર્સ
સોના-ચાંદી ના દાગીના બનાવનાર તથા વેચનાર

દિનેશ જે. સોની
(M) 9426448597
9601717555

જે. જે. કોમ્પ્લેક્ષ
બેંક ઓફ ઈન્ડિયા ની બાજુમાં, સુભાષ ચોક,
મુ. તલોદ, જી. સાબરકાંઠા

સોની શાંતિલાલ એચ. ૯૮૨૪૨ ૯૯૨૫૦
સોની હરિશ એચ. ૯૮૨૫૨ ૨૪૫૩૫
સોની બિમલ એસ. ૯૬૦૧૩ ૨૮૦૨૨

Roshni Design

દિવ્યા જ્વેલર્સ
શાસ્ત્રી રોડ, અંજાર (કચ્છ)

સોને મઢેલા ફેન્સી ચુડા બનાવનાર

La Pino'z Pizza
GANDHIDHAM
BHUJ

Kekiz
The Cake Shop
AHMEDABAD

The Shake Maker
GANDHIDHAM

Mukesh Soni - 98792 03529

PrabhuKrupa
Jewellers
BIS Approved Hallmark Gold Jewellery
Dealers & Makers of Gold and Silver Ornaments
Symbol of Trust & Beauty
Atul Soni : 97250 38140
Anil S. Soni : 98242 85210
Kirtan A. Soni : 90336 28998
5, Srimadshikhar Complex,
M.P. Road, Anjar-Kutch.
02836-242347
asoni2910@gmail.com
prabhukrupajewellers
prabhukrupajewellers

Pinack. S. Halaie
99225 79995
Vipul. S. Halaie
94221 02427
Macken Jeweller's
Macken Gift
Vipul Wooden Art.
(Govt. Contractor)
Abhyankar Road sitabuldi Nagpur

GAYATRI JEWELLERS
GOLD & SILVER ORNAMENTS
Shop No. 4,
Plot No. 510, Sector 5,
Opp. Bhavnath Temple,
Gandhidham - Kutch
Ph. : 02836 -236644
Email: gayatrijewellers1988@gmail.com
KISHOR P. SONI
98255 33371
NIKUNJ K. SONI
85114 67588

M : 09998694694
Email : gp_hirise@yahoo.co.in
Er. Ghanshyam Soni
B. E. Civil
HI-RISE
CONSULTANT
• Architectural Designer
• Structure Designer
• Consulting Civil Engineer
• Approved Valuer
Let's Live Better...
Office : f/4, AJANTA COMPLEX, B/H S.T. STATION, MODASA-383315 DIST SABARKANTHA (GUJ)

Kiranbhai Soni
Deven Soni
94269 21470
98253 74977
Soni Kiran Kanjibhai
Manufacturer & Dealers of Gold & Silver Ornaments





916
Shivaji Road, Modh Faliya, Nr. Dr. Sorathiya,
Anjar - Kutch. Ph.: (R) 241070, 653628





કંસારા નવનીતલાલ જગજીવનદાસ
સોના ચાંદીના વહેપારી
૪૫૦/૧-૩, સાંકડી શેરીના નાકે,
માણેક ચોક, અમદાવાદ - ૦૧.
ફોન : (દુ) ૨૨૧૪૨૮૮૦, ૨૨૧૪૪૯૭૪
(ઘ) ૨૨૧૪૬૯૪૧
મો.: ૯૮૭૯૫૩૯૩૧૧

Cell: 98254 14935
Pravinchandra Choksi
P Himatlal
Lagdi, Coins, Notes & 92.5 Silver Items
366/1 Ketarpal's Pole, Manek Chawk, Ahmedabad-1
Tel.: 079 2211 0540 | Email: p_himatlal5@yahoo.com


Parth Kansara
PHOTOGRAPHY

# પાર્થ પ્રફુલ્લભાઈ કંસારા (વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર)



પાર્થ કંસારા (વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફર)નો જન્મ નખત્રાણા (કચ્છ)માં ઈ.સ. ૨૦૦૦માં થયો. પિતાનું નામ પ્રફુલ્લભાઈ કંસારા અને માતાનું નામ પ્રજ્ઞાબેન કંસારા. પાર્થના પિતાશ્રી પ્રફુલ્લભાઈની નખત્રાણા (કચ્છ)માં ઑફસેટ પ્રેસ છે. પાર્થના મોટાભાઈ શ્રેયસ, પિતા સાથે પ્રેસનું કામ સંભાળે છે.

પાર્થના અભ્યાસની શરૂઆત અર્ચના સેન્ટ ઝેવિયર્સ ઈંગ્લીશ સ્કૂલ (નખત્રાણા)થી થઈ. ત્યારબાદ હાયર સેકન્ડરીનો અભ્યાસ ધ વ્હાઈટ ઈગલ સ્કૂલ (દેવપર) CBSE ખાતે પૂર્ણ કર્યું. હાલ ભુજ સંસ્કાર ઇન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજીમાં B.Com. (Honours) માં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે.

તેઓ નાનપણથી જ કલાના વિવિધ ક્ષેત્રોમાં રૂચિ ધરાવતા હતા. નાના હતા ત્યારે ડ્રોઈંગમાં વિશેષ રૂચિ હતી અને સારા એવા ચિત્રો દોરી લેતા. તે ઉપરાંત સ્ટેમ્પ કલેક્શન, કરન્સી કલેક્શન વગેરેમાં ખૂબ રસ ધરાવતા. તદુપરાંત રમતગમત ક્ષેત્રે પણ આગવું પ્રદાન રહેતું. જેમાં ક્રિકેટ, હોકી અને બેડમિન્ટનમાં રસ ધરાવતા હતા.

પાર્થે તેમની ફોટોગ્રાફીની શરૂઆત ૨૦૧૫થી કરી. શરૂ શરૂમાં તો તે પોતાના મોબાઈલ વડે જ ફોટોગ્રાફી કરતા. તેમને પ્રકૃતિનો આનંદ માણવાનો ખૂબ શોખ હતો. આમ, તે પોતાની આસપાસના પશુ, પક્ષી, જીવ-જંતુના ફોટા પાડતા રહેતા અને તેમનામાં રહેલી વિવિધતાને ચકાસતા રહેતા અને આ શોખે જ તેમને વાઇલ્ડલાઇફ ફોટોગ્રાફી પ્રત્યે આકર્ષિત કર્યો અને એ સાથે તેના એ કાર્યમાં તેમના પૂરા પરિવાર તથા ખાસ કરીને તેમના મોટાભાઈ શ્રેયસ તરફથી ખૂબ પ્રોત્સાહન મળતું. આમ, ધીરે ધીરે પોતાની આત્મસુઝથી પોતાની કળાને નિખારતા ગયા અને તે મહેનતના તેમને યોગ્ય પરિણામો પણ મળ્યા.

## 2018

- Prism vision awards 2018 1st runnerup
- Winner of Photographer of the world contest
- 2 special recognition award by the camera club
- Elite photo award by international group of Photography : photo space
- Winner of image square Photography awards 2018
- Gold medal by chhobiwala : a Photography community kolkata.

## 2019

- 2 excellence awards & 3 special mention award by international Photography group : Photo space
- Best Wildlife Photographer by Wildlife city Rajkot
- Bronze medal in upc awards 2019 by Utkal Photography club Odisha
- Best Photography award 2019 by the camera club
- Mentors choice award in BV awards 2019-20 by beyond vision
- Critique's choice award by prism vision
- Gold medal, Photo frame, certificate in the lensation 2019 by picto-o-real club, official partner Nikon India
- Photographer of the year award honarable mention in klik awards
- 2nd rank in open gujarat Photography competition organised by rotray club Mandvi

## 2020

- 2nd winner in wild India week photo contest along with prize of holiday package of 3D2N at infinity resort corbett
- Winner of "Nature in lockdown" competition conducted by Saevus Wildlife india
- Ranked Top 100 best Wildlife photos of the world,Ranked in Top 150 best Wildlife Photographer worldwide by 35 international awards Russia
- Winnner of "animal & birds" Photography contest organised by Mitva Group
- 2nd winner in "world Photography day" contest organised by Gujarat Tourism
- Winnner Of best Wildlife & Nature photographer of Gujarat by Gujarat Tourism

## PHOTOS PUBLISHED & EXHIBITED

- (13) ADJ Wildlife magazine
- (3) Shutter world magazin
- (8) Klik publication
- (2) D'art magazine as cover photo

- (1) D'photo cafe international art'n Photography exhibition
- (2) UPC exhibition
- Published in Top 25 wild bird photographs by national geographic
- Published in yearly calander by NLC
- Published in 2019 photo catalogue book by 35 international awards Russia.

★

## 1. Indian Fox



ઇન્ડિયન ફોક્સને બેંગાલ ફોક્સ પણ કહેવામાં આવે છે. ગુજરાતીમાં લોખંડી કહેવાય. ઇન્ડિયન ફોક્સ ભારત સહિત નેપાળ અને પાકિસ્તાનની સાથે આ શિયાળ હિમાલયની તળેટીમાં ભારતીય દ્વીપકલ્પની ટોચ સુધી પણ જોવા મળે છે. ઇન્ડિયન ફોક્સ સામાન્ય રીતે તળેટી અને બિન-જંગલવાળા પ્રદેશોને પસંદ કરે છે. જેમકે ખુલ્લા ઘાસના મેદાનો, કાંટાવાળી ઝાડી, રણ વિસ્તાર અને શુષ્ક વાતાવરણ. તેમજ વાડી કે ખેતરમાં પણ જોવા મળે. તેઓ સામાન્ય રીતે માનવોથી ડરતા નથી.

આ તસવીર કચ્છના મોટા રણમાં સાંજના સમયે લીધેલ છે. તે સાંજે, આશરે બપોરના ૩ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધી અમે તેની ડેન બહાર જમીન પર ઊંધા લટકીને તેની રાહ જોતા હતા. મોડી સાંજે એક જ ફોક્સનું બચ્ચું માત્ર બે થી ત્રણ સેકન્ડ માટે બહાર આવી, પાછું અંદર ચાલી ગયું, તે દરમ્યાન આ ફોટો પાડેલ છે.

## 2. Indian Eagle Owl

ઇન્ડિયન ઇગલ આઉલને રોક ઇગલ આઉલ પણ કહેવામાં આવે છે. ગુજરાતીમાં મોટો ઘુવડ કહેવાય. તેની પાંખની લંબાઈ ૬ ફૂટ સુધી હોઈ શકે છે. આટલી મોટી પાંખો હોવા છતાંય જ્યારે તે ઉડે છે ત્યારે તેનો જરાય અવાજ આવતો નથી કારણકે તે તેના શિકારને ખબર પડ્યા વગર આસાનીથી તેનો શિકાર કરી લે છે.



નર કરતા માદા મોટી હોય છે. તેની હાઈટ ૧૮થી ૨૨ ઇંચ સુધી હોઈ શકે છે. તે તેનું માથું ૨૭૦ ડિગ્રી ફેરવી શકે છે. તે ઉંદર, ખિસકોલી, ડવ જેવા જીવ કે પક્ષીનો શિકાર કરે છે. ઇન્ડિયન ઇગલ આઉલ રોકી કે ખડકોવાળા વિસ્તારમાં સ્ક્રબ ફોરેસ્ટ તેમજ બન્નીના ગીચ વિસ્તારોમાં જોવા મળે છે.

આ તસવીર બન્ની સાઈડ આવેલા ઝાંખરાવાળા ટેકરાઓ પાસે સાંજના સમયે લીધેલ છે. તે સાંજે અમે કુલ ૩ ઇન્ડિયન ઇગલ આઉલ એક સાથે જોયા.

## 3. White napped Tit



વ્હાઇટ નેપ્ડ ટીટને વ્હાઇટ વિંગ ટીટ પણ કહેવામાં આવે છે (વિશ્વ સ્તર પર સંકટગ્રસ્ત જાતિ). ગુજરાતીમાં તેને કાબરી રામચકલી કહેવાય છે. કપાળથી પૂંછડી સુધીના ઉપલા ભાગો ચળકતા હોય છે, જેમાં નીચલા નેપ અને ઉપલા આવરણ પર અસ્પષ્ટ સફેદ પેચ હોય છે. ગાલ અને બાકીના અંડરપાર્ટસ સફેદ છે. તેનો વસવાટ કાંટાવાળા જંગલોમાં જોવા મળે છે. તે જોડીમાં અથવા નાના ગ્રુપોમાં જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં તે ખાલી ગુજરાત, રાજસ્થાન અને પશ્ચિમ ભારતના કેટલાક વિસ્તારોમાં જોવા મળે છે.

આ તસવીર નખત્રાણા તાલુકાના સક્કબ ફોરેસ્ટમાં વહેલી સવારના સમયે લીધેલ છે. આ પક્ષી કેસુડાના ઝાડ પર બેસીને તેના ફૂલ ખાતો હતો. અમે તેની આ પ્રવૃત્તિ આશરે અડધો કલાક સુધી માણી. આમ તો આ પક્ષી વધારે પડતું ઝાડી ઝાંખરા કે ગાંડા બાવળની આસપાસ જોવા મળે છે. આમ આવી રીતે કેસુડાના કે અન્ય ફૂલવાળા ઝાડ પર ઓછું જોવા મળે છે.

## 4. Indian Gazelle



ઇન્ડિયન ગઝેલને ચિંકારા પણ કહેવામાં આવે છે. ગુજરાતીમાં એને ચિંકરો કહે છે. ચિંકારાની હાઈટ ૨.૫ ફૂટ સુધીની હોય છે. તેના શીંગડાની લંબાઈ ૧૫ ઇંચની હોઈ શકે છે. તે ૫૦થી ૬૦ કિ.મી.ની ઝડપે દોડી શકે છે. ચિંકારા ભારત, ઇરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં જોવા મળે છે. તે શુષ્ક મેદાનો અને ટેકરીઓ, રણ, શુષ્ક ઝાડી અને ઝાંખા જંગલોમાં રહે છે.

## 5. White bellied Minivet



વ્હાઈટ બેલીડ મીનીવેટને ગુજરાતીમાં શ્વેત પેટાળ રાજાલાલ કહેવામાં આવે છે. તેની પીઠ ઓરેન્જ બ્લેક અને વ્હાઈટ કલરની હોય છે. તેની છાતી ઉપર ચળકતો ઓરેન્જ પેચ હોય છે. તે વધારે પેક કે નાના ગ્રુપમાં જોવા મળે છે. ખડમાકડી, ક્રિકેટ, તીડ, સિકાડા, કરોળિયા અને ભમરો એ તેમનો પ્રાથમિક ખોરાક છે. વ્હાઈટ બેલીડ મીનીવેટનો વસવાટ કાંટાવાળા જંગલોમાં, ઘાસિયા મેદાનોમાં કે રખાલોમાં હોય છે.

## 6. Peregrine Falcon



પેરાગ્રીન ફાલ્કનને શાહીન, કાળો શાહીન કહેવામાં આવે છે. તેની સાઈઝ કબૂતર જેટલી હોય છે. તેની પાંખ સ્લેટીયા ગ્રે કલરની હોય છે. ચાંચ કાળી અને છાતી સફેદની સાથે તેના પર બ્રાઉન કલરના પટ્ટા / સ્ટ્રીપ્સ હોય છે. પેરીગ્રીન ફાલ્કન વિશ્વનું સૌથી ઝડપી ઉડનાર પક્ષી છે. તે આશરે ૩૨૦ કિ.મી.ની ઝડપે ઉડે છે. ડાઈવ લગાવતી વખતે તેની ઝડપ આશરે ૩૭૦ કિ.મી. સુધીની હોઈ શકે છે. તે લગભગ ૩૦૦૦ ફૂટની હાઈટ પર ઉડી સિકર ગોતીને તેના પર ડાઈવ લગાડીને ગરદન વડે પકડી લે છે. તેની ઉડવાની રીત પર સાયન્ટીસ્ટ રીસર્ચ કરીને એરોપ્લેનની પાંખ બનાવે છે. પેરીગ્રીન ફાલ્કન એન્ટાર્કટીકાને બાદ કરીને વિશ્વના બધા ખંડોમાં જોવા મળે છે. તેનો મુખ્ય ખોરાક મીડિયમ સાઈઝના બર્ડ હોય છે. તે આશરે ૪૦૦ જાતિના બર્ડનો શિકાર કરે છે. નાના પ્રાણીઓ કે તેના બચ્ચાનો પણ શિકાર કરે છે. તે કચ્છમાં નાના રણ (L.R.K.)માં અચૂક જોવા મળે છે.

## 7. Barred buttonquail



બાર્ડ બટન ક્વેલને કોમન બસ્ટાર્ડ ક્વેલ પણ કહેવામાં આવે

છે. તેને ગુજરાતીમાં રાખોડી પગ બીલ બટેર કહેવામાં આવે છે. આ પક્ષી ખૂબ જ શરમાળ હોય છે. તેનો કલર રસ્ટી બ્રાઉન હોય છે. માદાના ગળા અને છાતી પર કાળો પેચ હોય છે. તેના પગનો રંગ વાદળી હોય છે. તે મોટેભાગે જમીન પર જ ચાલે છે. ખતરો લાગે ત્યારે ઊડે છે. તે ઝાડ પર કે છોડ વચ્ચે રહે છે. તે ઘાસ, પાંદડા, નાની જીવાત ખાય છે.

## 8. Indian Golden Oriole



ઇન્ડિયન ગોલ્ડન ઓરિઓલને ગુજરાતીમાં ‘પીળક’ કહેવામાં આવે છે. આ ભારતીય ઉપખંડ અને મધ્ય એશિયામાં જોવા મળે છે. ઇન્ડિયન ગોલ્ડન ઓરિઓલ, એ કાબરની સાઇઝનો પક્ષી છે. તેનો કલર આંખોને ચોંટી જાય એવો સોનેરી હોય છે. પીળા કલરનો હોવાથી તેને એવું નામ મળ્યું છે. નરની આંખોની પાછળ કાળો કલર હોય છે. તે એપ્રિલથી ઓગસ્ટ મહિનામાં ઇંડા મૂકે છે. તેનો માળો ઝાડની ડાળીમાં કપના આકારનો હોય છે. તે ૪થી ૫ ઇંડા મૂકે છે. તે મુખ્યરૂપે ગાઢ જંગલમાં, મેંગ્રોવ્સ, છુટાછવાયા પાનખર જંગલોમાં જોવા મળે છે. તેનો મુખ્ય ખોરાક નાના ફળો તથા નાની જીવાત છે. ઉપરાંત તે ક્યારેક નાના દેડકા, નાના સાપ તથા કાચીંડા પણ ખાઈ લે છે.

## 9. Grey necked Bunting



ગ્રે નેકડ બન્ટીંગને ગ્રે હુડેડ બન્ટીંગ પણ કહેવામાં આવે છે. તેને ગુજરાતીમાં પથરાળ ગંદમ, થોરીયો ગંદમ કહેવામાં આવે છે. તેની સાઇઝ ચકલી જેવી હોય છે. તેની ચાંચ ગુલાબી રંગની હોય છે. તેની આંખની ફરતે સફેદ આઈ રીંગ હોય છે. તેનું ગળું ગ્રે કલરનું હોય છે અને છાતી આછા કેસરી રંગની ટપકા ટપકીવાળી હોય છે. તે કચ્છ માટે વિન્ટર વિઝીટર છે. તે મુખ્યરૂપે કાંટાળા જંગલો, ટેકરા કે રોકી વિસ્તારોમાં કે પાણીની આસપાસ જોવા મળતી હોય છે.

## 10.Yellow crowned woodpecker



યલ્લો ક્રાઉન્ડ વુડપેકરને મરાઠા વુડપેકર પણ કહેવાય છે. તેને ગુજરાતીમાં કાબરો લક્કડખોદ કહેવામાં આવે છે. આ વુડપેકર ભારતીય ઉપખંડમાં જોવા મળે છે. તેની પીઠ કાળી અને તેના પર સફેદ ટપકા હોય છે. તેના કપાળનો ભાગ પીળો અને માથાની પાછળનો ભાગ લાલ રંગનો હોય છે. તે વધારે સૂકા ઝાડવાળા વિસ્તારોમાં, જંગલી કે ગાંડા બાવળવાળા વિસ્તારોમાં જોવા મળે છે. તે તેનો માળો તેની ચાંચ વડે ઝાડના થડમાં હોલ કરીને બનાવે છે. તે છાડની છાલની નીચે રહેતા અને અન્ય જીવાત, ડ્રેગન ફ્લાયર, કેટર પીલર ખાય છે.

## વિચારીને આગળ વધો

*બોલતાં પહેલાં સાંભળો.*
*લખતાં પહેલાં વિચારો*
*ખર્ચતાં પહેલાં કમાઓ.*
*મૂડીરોકાણ કરતાં પહેલાં તપાસ કરો.*
*નિંદા કરતાં પહેલાં ચકાસો.*
*પ્રાર્થના કરતાં પહેલાં માફી આપો.*
*છોડી દેતાં પહેલાં કોશિશ કરો.*
*નિવૃત્ત થતાં પહેલાં બચત કરો.*
*મૃત્યુ પામતાં પહેલાં વહેંચો.*

# કંસારા સેવા સમાજ - કેશોદ

ધવલભાઈ કંસારા - મંત્રી

## કંસારા સેવા સમાજ - કેશોદ આયોજીત વિવિધ હરીફાઈઓનો અહેવાલ

કંસારા સેવા સમાજ - કેશોદ દ્વારા હાલના કોરોના કાળના કપરા તણાવભર્યા સમયને હળવું કરવા તેમજ સમગ્ર દેશના મારૂ કંસારા સોની જ્ઞાતિજનોમાં રહેલ કુશળતાને બહાર લાવવા તેમજ વધુને વધુ જ્ઞાતિજનો એકબીજાની નજીક આવે તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતા થાય એવા અનેકવિધ હેતુઓને પાર પાડવા ડિજીટલ મીડિયાના માધ્યમથી વર્ષ ૨૦૨૦ દરમ્યાન કંસારા સેવા સમાજના ગતિશીલ કાર્યકરો દ્વારા વિવિધ હરીફાઈઓનું ખૂબ જ સુંદર આયોજન કરીને સંપૂર્ણ સફળતાપૂર્વક સંપૂર્ણ કરેલ હતું.

### ૧. ઓનલાઈન સીંગીંગ હરીફાઈ

ઓનલાઈન સીંગીંગ હરીફાઈ તા. ૩૦-૦૪-૨૦૨૦, તા. ૧૦-૦૫-૨૦૨૦ તેમજ તા. ૨૪-૦૫-૨૦૨૦ના રોજ – એમ ત્રણ તબક્કામાં અલગ અલગ વયના જ્ઞાતિજનો માટે આયોજન કરવામાં આવેલ અને ત્રણેય તબક્કામાં કુલ ૫૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઇ, પોતાનામાં રહેલ કળાને બહાર પાડેલ હતી.

આ હરીફાઈના નિર્ણાયકો તરીકે વિવિધ જીલ્લામાંથી કુલ સાત જજોને પેનલ બનાવવામાં આવેલ હતી. જેમાં શ્રી કનૈયાલાલ સોલંકી - વેરાવળ, શ્રી રસિકભાઈ સોલંકી - વેરાવળ, શ્રી રાજુભાઈ બુધ્ધભટ્ટી - જુનાગઢ, શ્રી રવિભાઈ છત્રાળા - રાજકોટ, શ્રીમતી નયનાબેન છત્રાળા - રાજકોટ, શ્રી સુરેશભાઈ બીજલાણી - ભુજ, શ્રીમતી સુધાબેન બુધ્ધભટ્ટી - ભુજ એ પોતાનો અમૂલ્ય સમય ફાળવીને જજ તરીકેની સેવા આપીને ત્રણેય તબક્કામાં હરીફાઈના નિયમાનુસાર કામગીરી કરીને દરેક વયજુથમાં પ્રથમ ત્રણ વિજેતાઓને જાહેર કરેલ અને આ રીતે જ્ઞાતિજનોની કલાને પ્રોત્સાહિત કરવામાં તેઓનું યોગદાન આપેલ.

### ૨. ઓનલાઇન ડાન્સ હરીફાઈ

ઓનલાઈન ડાન્સ હરીફાઈ તા. ૦૭-૦૬-૨૦૨૦ના રોજ અલગ અલગ વયના જ્ઞાતિજનો માટે આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૮૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઇ પોતાનામાં રહેલ કળાને બહાર પાડેલ હતી.

આ હરીફાઈના નિર્ણાયકો તરીકે કુલ ત્રણ જજોની પેનલ બનાવવામાં આવેલ હતી. જેમાં હાર્દિકભાઈ પરમાર - રાજકોટ, કુ. શ્રી કિરણબેન પરમાર - વેરાવળ તેમજ શ્રીમતી સીલ્કીબેન ગુજરાતી - ભુજ એ પોતાનો અમૂલ્ય સમય ફાળવીને જજ તરીકેની સેવા આપીને હરીફાઈના નિયમાનુસાર કામગીરી કરીને દરેક વયજુથમાં પ્રથમ ત્રણ વિજેતાઓને જાહેર કરેલ અને આ રીતે જ્ઞાતિજનોની કલાને પ્રોત્સાહિત કરવામાં તેઓનું યોગદાન આપેલ.

### ૩. ઓનલાઈન યોગા હરીફાઈ

ઓનલાઈન યોગા હરીફાઈનું આયોજન આંતરરાષ્ટ્રીય યોગા દિવસની ઉજવણી પ્રસંગે તા. ૨૧-૦૬-૨૦૨૦ના દિવસે અલગ અલગ વયના જ્ઞાતિજનો માટે આયોજન કરવામાં આવેલ. જેમાં કુલ ૫૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાનામાં રહેલ યોગીક ક્ષમતાને રજૂ કરેલ હતી.

આ હરીફાઈના નિર્ણાયક તરીકે શ્રીમતી સીમીબેન કંસારા - માધાપર રહેવાસીએ અમૂલ્ય સમય ફાળવીને જજ તરીકેની સેવા આપીને હરીફાઈના નિયમાનુસાર કામગીરી કરીને દરેક વયજુથમાં પ્રથમ ત્રણ વિજેતાઓને જાહેર કરેલ અને આ રીતે જ્ઞાતિજનોની કલાને પ્રોત્સાહિત કરવામાં તેઓનું યોગદાન આપેલ.

### ૪. ઓનલાઈન ક્વિઝ હરીફાઈ

અત્યારના આ હરીફાઈના યુગમાં ખાસ કરીને જ્ઞાતિના યુવાનો તેમજ બાળકોમાં જેની ખાસ જરૂરિયાત હોય છે, તે સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી એવા સામાન્ય જ્ઞાન તેમજ તે પ્રકારની પરીક્ષાઓની પ્રારંભિક તૈયારીમાં ઉપયોગી થાય તેવા ઉમદા હેતુથી અને તેની મદદથી જ્ઞાતિના યુવાનો ઉચ્ચ હોદ્દાઓ તેમજ પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે તે ધ્યાનમાં રાખીને તા. ૩૦-૦૬-૨૦૨૦ના રોજ ઓનલાઈન ક્વિઝ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ. જેમાં વય જુથ મુજબ ત્રણ ગ્રુપ A, B, C રાખેલ. જેમાં સ્પર્ધકોને તૈયારી કરવા માટે અંદાજે ૩૫૦૦થી ૪૦૦૦ જેટલા પ્રશ્નો તેના ઉત્તરો સહિતનું મટીરીયલ તૈયાર કરીને દરેક સ્પર્ધકને પૂરૂં પાડવામાં આવેલ. જેમાં સ્પર્ધકોને ઓનલાઇન GOOGLE FONT દ્વારા ૪૫ મિનિટમાં ૧૦૦ પ્રશ્નોના જવાબ શક્ય તેટલી ઝડપથી આપવાના હતા. આ હરીફાઈમાં પણ જ્ઞાતિના ૧૦૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાનામાં રહેલ ક્ષમતાને રજૂ કરી હતી અને ત્રણેય ગ્રુપમાં સમય મર્યાદામાં મહત્તમ પ્રશ્નોના સાચા જવાબ આપનાર પ્રથમ ત્રણ વિજેતા જાહેર કરવામાં આવેલ.

આ હરીફાઈના આયોજન અંગેનો વિચાર વહેતો કરવામાં તેમજ સમગ્ર આયોજનમાં જેનો સિંહફાળો કહી શકાય તેનું શ્રેય મૂળ જામનગર નિવાસી હાલ સાઉદી અરેબિયામાં જોબ કરે છે તેવા શ્રી હેમલભાઈ બીપીનભાઈ છત્રાળાને જાય છે. તેઓએ સમાજથી ભૌગોલિક રીતે આટલા દૂર રહેવા છતાં ડિજીટલી રીતે સમાજની એકદમ નજીક રહીને તેમના વ્યસ્ત જીવનમાંથી પણ સમાજ માટે તેમનું અમૂલ્ય યોગદાન આપેલ છે અને દરેક હરીફાઈના ડિજીટલ માળખાને તૈયાર કરી આપેલ છે. જે અંગે સંસ્થા આ તકે તેમનો ખૂબ ખૂબ આભાર માને છે અને કંસારા સેવા સમાજ - કેશોદ દ્વારા પણ તેઓના કામની કદર કરીને તેમને સંસ્થાની કારોબારી સમિતિમાં સ્થાન આપેલ છે.

### ૫. ઓનલાઈન કુકિંગ હરીફાઈ

આપણી જ્ઞાતિની મહિલાઓ માટે પણ સમાજમાં પ્રથમવાર તા. ૧૦-૦૬-૨૦૨૦ના રોજ ઓનલાઈન કુકિંગ હરીફાઈ રાખેલ હતી. જેમાં ભાગ લેનારે વિવિધ પ્રકારની ગુજરાતી, પંજાબી, સાઉથ ઈન્ડિયન ડિશો જેમાં સવારનો નાસ્તો, જમ્યા પહેલાની સ્ટાર્ટર ડિશ, લંચ, ફરસાણ, મિષ્ટાન્ન, સલાડ, ડેઝર્ટ, ડીનર વિ. પ્રકારની ડિશો બનાવીને રજૂ કરીને ઓનલાઇન વીડિયો સ્વરૂપે રજૂ કરવાની હતી. જેમાં વિદેશમાંથી ૪ મહિલા સહિત કુલ ૮૦ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લઇ પોતાનામાં રહેલ રસોઇની નિપુણતાનો પરિચય કરાવેલ. આ હરીફાઈ યોજવાનો વિચાર તેમજ માર્ગદર્શન સંસ્થાના મંત્રી શ્રી ધવલભાઈ કંસારા દ્વારા પૂરૂં પાડવામાં આવેલ અને તેઓ દ્વારા પ્રથમ ત્રણ વિજેતા જાહેર કરવામાં આવેલ.

### ૬. ઓનલાઈન ગુરૂ પૂર્ણિમા હરીફાઈ

તા. ૦૫-૦૭-૨૦૨૦ના રોજ ગુરૂ પૂર્ણિમાને અનુલક્ષીને તે સંદર્ભે પણ હરીફાઈનું આયોજન કરવામાં આવેલ. જેમાં વિવિધ ચાર વયના જુથ મુજબનું આયોજન કરેલ. જેમાં A ગ્રુપમાં નાની વયના બાળકો માટે સ્લોગન હરીફાઈ; B, C, D ગ્રુપમાં પુખ્ત વયનાઓ માટે અનુક્રમે ધાર્મિક પ્રશ્નોત્તરી ક્વિઝ કોમ્પિટીશન, ૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓના પ્રસંગો વિશે ક્વિઝ કોમ્પિટીશન, ગુરૂ પૂર્ણિમાનું મહત્ત્વ, માતા-પિતાનું ગુરૂ તરીકે મહત્ત્વ – જેવા વિષયો પર નિબંધ લેખન હરીફાઈનું આયોજન કરેલ. આ હરીફાઈ યોજવાનો વિચાર તેમજ માર્ગદર્શન ઓમાન નિવાસી શ્રી આનંદભાઈ બુધ્ધભટ્ટી તેમજ શ્રીમતી હેમાલીબેન આનંદભાઈ બુધ્ધભટ્ટી દ્વારા પૂરૂં પાડવામાં આવેલ. આ હરીફાઈમાં પણ જ્ઞાતિના ૭૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો અને તેમાં પ્રથમ ત્રણ વિજેતા જાહેર કરવામાં આવેલ.

વિશેષમાં, હાલમાં જ્ઞાતિના ફક્ત સિનિયર સિટીઝન વ્યક્તિ પુરૂષ અથવા મહિલા માટે એક નિબંધ લેખન સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવેલ. જે સમાજને તેમની પાસેથી તેમની જીવન ગાથાના નિચોડ રૂપ અનુભવો તેમજ વિચારો જાણવા મળે તે હેતુથી આયોજન કરવામાં આવેલ. જેનું શિર્ષક "અનુભવનું ભાથું" રાખવામાં આવેલ. તેમાં અલગ અલગ પાંચ વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ૮૦૦થી ૧૦૦૦ શબ્દોમાં નિબંધ લખવાનો હતો. આ હરીફાઈમાં પણ બહોળો પ્રતિસાદ મળેલ છે. અને તેનું પરિણામ ટુંક સમયમાં રજૂ થનાર છે. ઉપરાંતમાં આવા આપણા જ્ઞાતિના સન્માનીય વડીલોના અનુભવો તેમજ વિચારો સમાજને પ્રાપ્ય બને અને અનુસરવા ઉપયોગી થાય તે હેતુથી આવા આવેલ નિબંધોને એક પુસ્તિકારૂપે પણ બહાર પાડવામાં આવશે.

હાલના કોરોના જેવા વિપરીત – કપરા સમયમાં પણ જેઓએ આગળ રહી વિશેષ સેવાઓ આપેલ છે, તેવા આપણા સમાજના કોરોના વોરિયર્સનું સન્માન કરવાનું પણ વિચારવામાં આવેલ છે. તો જ્ઞાતિજનોને ખાસ અપીલ કરવામાં આવે છે કે, આવા કોરોના વોરિયર્સ જો આપના ખ્યાલમાં હોય તો તેની માહિતી સંસ્થાને નીચે આપેલા મોબાઈલ નંબર પર જાણ કરવા ખાસ અપીલ કરવામાં આવે છે કે જેથી સમાજના આવા દરેક સભ્યોને સન્માનિત કરી શકાય.

***ધવલભાઈ કંસારા – મંત્રીશ્રી, કંસારા સેવા સમાજ - કેશોદ***
***મો. ૯૨૬૫૦ ૬૯૬૯૬***

## સંતોષી નર સદા સુખી

હે ઈશ્વર! મારી પાસે પૂરતું છે
અમૂલ્ય રત્ન જેવી બે આંખો,
આનંદની બંસરી બજાવી શકાય એવું મુખ છે.
પૈસાથી ખરીદી ન શકાય એવી તંદુરસ્તી છે.
***હે ઈશ્વર! મારી પાસે પૂરતું છે.***

આકાશમાં સૂર્ય છે,
માથા પર છાપરું છે.
મારા હાથને કામ મળી રહે છે.
ખાવાપીવાની ખેંચ નથી,
અને મારી આસપાસ,
પ્રેમ કરી શકું એવા માણસો છે.
***હે ઈશ્વર! મારી પાસે પૂરતું છે.***

# મારૂ કંસારા મહિલા મંડળ - જુનાગઢ

પારૂલબેન બુધ્ધ – મંત્રી

## હિંડોળા શણગાર હરીફાઈ

*"હારે ઝુલે ઝુલે શ્રીનાથજી ઝુલે
હારે દેખી ગોપીઓના હૈયા ફુલે."*

જુનાગઢ મારૂ કંસારા મહિલા મંડળ દ્વારા સમસ્ત કંસારા સમાજની બહેનો માટે તા. ૨૦-૦૭-૨૦૨૦ના દિવસે શ્રી ઠાકોરજીના હિંડોળા શણગારની હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં પ્રાકૃતિક વસ્તુઓ જેવી કે ઝાડ-પાન, ફળ, ફુલ, સુકા મેવાનો ઉપયોગ કરી બહેનોએ કલાત્મક હિંડોળાનો શણગાર કર્યો હતો. જેમાં જુનાગઢ, કેશોદ, અમદાવાદ, મહેસાણા, સુરત, વઢવાણ જેવા અલગ અલગ સ્થળોએથી ૩૫ જેટલી બહેનોએ આ ઓનલાઈન હિંડોળા શણગારમાં ભાગ લીધો હતો.

*"ઝુલત વલ્લભવર સુખદાઈ,
રસના એક કહા લૌ બરનો,
અંગ અંગ સુંદરતાઈ."*

તા. ૨૦-૦૭-૨૦૨૦ના દિવસે હરીયાળી અમાસ હતી. ગોપીના મદથી જ્યારે પ્રભુ રાસમાંથી અંતર્ધ્યાન થઈ જાય છે અને પછી ગોપીઓના વિરહતાપથી પ્રભુ ફરી પ્રગટ થાય છે, એ સમયે બધું હર્યું-હર્યું એટલે કે હરિયાળું થઈ જાય છે. વ્રજ ભક્તોએ લીલા પાંદડાથી લીલો ઝુલો તૈયાર કરી લીલી ઝુલ બાંધી. ઝુલામાં પ્રભુને પધરાવી ઝુલાવવા લાગ્યા અને અમાસની રાત હોવા છતાં પ્રભુ પધારવાથી પ્રભુરૂપી પ્રગટ તેજ થવાથી સમગ્ર વાતાવરણ એકદમ તેજોમય બની ગયું.

*"હિંડોળે માઈ ઝુલત લાલવિહારી,
સંગ ઝુલે વૃિષભાન નંદિની,
પ્રણનહુ તે પ્યારી."*

**હરીફાઈમાં નિર્ણાયકો** તરીકે (૧) ભાવનાબેન પોમલ - જુનાગઢ અને (૨) ગીતાબેન મેવચા - માણાવદરે પોતાની સેવાઓ આપેલ હતી.

**હરીફાઈમાં ઇનામોના દાતાઓ :** (૧) હસમુખભાઈ એન. કંસારા - વડોદરા, (૨) ક્રિષ્નાબેન ડી. બારમેડા - જુનાગઢ. આ બંને દાતાઓ તરફથી વિજેતા થયેલા છ બહેનોને ઈનામો આપવામાં આવશે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ક્રિષ્નાબેન ડી. બારમેડા દ્વારા કરવામાં આવ્યું હતું.

- **હરીફાઈના વિજેતા બહેનોની યાદી :**

૧. રક્ષાબેન પરમાર - જુનાગઢ
(આસોપાલવ - આંબા - જાંબુના પાન, નાગરવેલ પાન બીડા, તુલસીજીની માળાથી શણગાર)

૨. કોમલબેન છત્રાળા - અમદાવાદ
(ફુલ-પાન પીંછવાઈનો શણગાર)

૩. ગીતાબેન ગુજરાતી - જેતપુર
(ફુલ-પાનનો શણગાર)

૪. રાજશ્રીબેન કંસારા - વડોદરા
(સૂકા મેવાનો શણગાર)

૫. પારૂલબેન બુધ્ધ - જુનાગઢ
(વરસાદી શાકભાજીનો શણગાર)

૬. મંજુલાબેન કંસારા - અમદાવાદ
(પર્ણ - તૃણ - લોરીયાનો શણગાર)

*ક્રિષ્નાબેન બારમેડા - પ્રમુખ,*
*હર્ષિતાબેન પરમાર - ઉપપ્રમુખ*

## MATRIMONIAL



**Name** : **KENA BHARATBHAI PARMAR**
**Birth Date** : 20-05-1996
**Birth Time** : 04.41 a.m. (Bhuj)
**Height** : 5.5"
**Weight** : 60 Kg.
**Education** : B.E. (Electronics)
**Occupation** : Trainee at Rajoo Engineers Ltd. At Shapar - Rajkot (Electiral Pur. Dept.)
**Liking** : Reading and Sports like Badminton
**Father** : Bharatbhai Kantilal Parmar
**Mother** : Bhavnaben Bharatbhai Parmar
**Sister** : Megha Harsh Pawar (Married)
**Brother-in-Law** : Harsh Jitendrakumar Pawar
**Community** : Maru Kansara / Hindu – Vaishnav
**Contact** : Father : 99252 09739
Mother : 94288 95850
**E-mail** : kansara_bharat@yahoo.com
**Address** : "Barsana", 246, Kasturi Residency, Jivrajpark, Rajkot-360 004.

# સિનિયર સિટીઝનનું અનુભવનું ભાથું : ભાગ-૧

ધવલ કંસારા

*કંસારા સેવા સમાજ આયોજીત 'સિનિયર સીટીઝનનું અનભવનું ભાથું' અંતર્ગત એક લેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં જુદા જુદા પાંચ વિષયો પર વડીલોએ પોતાના અનુભવોને સર્જનાત્મક રીતે નિબંધ સ્વરૂપે પ્રસિધ્ધ કરેલ છે. આ સુંદર કાર્યના આયોજન બદલ શ્રી ધવલભાઈ કંસારા, શ્રી હેમલભાઈ છત્રાળા અને નિર્ણાયક ડૉ. ઉપેન્દ્ર જોષી સાહેબને વિશેષ અભિનંદન. શ્રી હેમલભાઈ છત્રાળા દ્વારા તમામ નિબંધોને સંકલિત કરી સુંદર ડિજીટલ પુસ્તિકા સ્વરૂપે પ્રસિધ્ધ કરેલ છે. આ સુંદર કૃતિઓ પ્રિન્ટ સ્વરૂપે પણ સમાજના વાચકો સુધી પહોંચે તે માટે 'જ્ઞાતિસેતુ' દ્વારા કંસારા સેવા સમાજના સહયોગથી આગામી અંકોમાં પ્રકાશિત કરવાનું નક્કી કરેલ છે. આ અંકમાં તે પૈકીના બે નિબંધો 'જ્ઞાતિસેતુ'ના વાચકો માટે પ્રકાશિત કરેલ છે.*

**– અતુલ સોની**

*વહાલા જ્ઞાતિજનો,*

*આજથી લગભગ પાંચેક વર્ષ પહેલા જ્ઞાતિના સર્વાંગી વિકાસને મુખ્યત્વે ધ્યાને લઈને કેશોદના ઉત્સાહી યુવકોએ સ્થાનિક કક્ષાએ શ્રી મારૂ કંસારા યુવક મંડળ - કેશોદની સ્થાપના કરેલ. જેને સ્થાનિક જ્ઞાતિજનોએ ખૂબ જ સારો સાથ સહકાર આપેલ. થોડા સમય બાદ કેશોદની આજુબાજુના ગામોમાં કે જ્યાં જૂજ પરિવારો રહેતા હોય, સંખ્યા સીમિત હોય તેવા ગામોના પરિવારોને પણ સંસ્થામાં સમાવીને સંસ્થાના કાર્યક્ષેત્રને વિસ્તારવાનો વિચાર કેશોદના ઉત્સાહી કાર્યકરો દ્વારા રજૂ થતા આજુબાજુના ગામોના પરિવારોએ ઉત્સાહભેર આવકારતા મંડળમાં જોડાયેલ અને મંડળની દરેક પ્રવૃત્તિમાં ભાગ લીધેલ અને આ રીતે જ્ઞાતિજનોમાં આત્મિયતા, પ્રેમભાવના થકી એકબીજાની વધુ નજીક આવેલ.*

*આજુબાજુના ગામોના પરિવારોનો આવો ઉત્સાહ જોતા મંડળના ઉત્સાહી સભ્યોને આ જ રીતે મંડળનું કાર્યક્ષેત્રને વધારીને સર્વે જ્ઞાતિજન સુધી લઈ જવાનો વિચાર આવતા તેને રજૂ કરતા, જેને પણ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર આવકારતા, લગભગ એકાદ વર્ષ પહેલા આ મંડળ 'કંસારા સેવા સમાજ' નામથી સ્થાપના થયેલ.*

*ત્યારબાદ આપણા સમાજને લગતા સામાજીક, શૈક્ષણિક, આર્થિક બાબતોને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ અંગે શક્ય ઉપાયો અંગે સાર્વત્રિત રીતે ચર્ચા વિચારણા થાય તે હેતુને ધ્યાને રાખીને સંસ્થા આયોજીત એક સમારંભનું આયોજન કરેલ. જેમાં સમગ્ર ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાંથી પણ આપણી જ્ઞાતિના જુદા જુદા ઘટકોના સભ્યોએ હાજરી આપીને શૈક્ષણિક, આર્થિક બાબતોને લગતા વિવિધ પ્રશ્નોના નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરીને ભાગ લીધેલ હતો.*

*દુનિયામાં ફેલાયેલ મહામારી કોરોનાએ માર્ચ ૨૦૨૦થી ભારતમાં પણ પગપેસારો કર્યો અને સાથોસાથ લોકોમાં ભયની સાથોસાથ લોકડાઉનને લીધે આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે ધંધા રોજગાર વિ.માં બહુ જ ખરાબ સમય આવ્યો. જે સમયે લોકોમાં આર્થિક તેમજ માનસિક રીતે પણ તનાવભરી સ્થિતિ પેદા થયેલ. આવી તનાવ ભરેલી સ્થિતિ હળવી કરવા તેમજ જ્ઞાતિજનો પરસ્પર એકબીજા સાથે પરીચિત થાય, તેઓમાં રહેલ જ્ઞાન, કૌશલ્ય, કળા વિ. જાહેરમાં આવી શકે તે હેતુથી ડિજીટલ માધ્યમ દ્વારા દરેક ઉંમરના જ્ઞાતિજનો ભાગ લઈ શકે તેવી અલગ અલગ સ્પર્ધાઓ જેવી કે સીંગીગ સ્પર્ધા, ફક્ત સિનિયર સિટીઝન માટેની લેખન સ્પર્ધા, યોગ સ્પર્ધા, જ્ઞાનવર્ધક ક્વિઝ હરીફાઈ, રસોઈ સ્પર્ધા, વિવધ પ્રકારની ડેકોરેશનની સ્પર્ધા, ફેશન શો વિ. જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરેલ. જેમાં દરેક જ્ઞાતિજનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ અને વિજેતાઓને ડિજીટલ સર્ટીફિકેટ આપીને પ્રોત્સાહિત કરેલ.*

**– ધવલ કંસારા**

## અંતઃકરણની અનુભૂતિ



**ક્રિષ્ણાબેન ડી. બારમેડા**
**જુનાગઢ**

*"ક્યારેક સારો લાગે ક્યારેક નરસો લાગે,*
*તોયે માણસ મને હૈયા સરસો લાગે.*
*એને ઓળખતા વર્ષોના વર્ષો લાગે,*
*તોયે માણસ મને હૈયા સરસો લાગે."*

આપણને ડગલે ને પગલે જિંદગીમાં સહારો કે સહકારની જરૂર પડે છે અને સાચું કહું તો એની એક આદત પડી ગઈ હોય છે. સમજવા ખાતર કહું તો સ્વજન આપે તે સહારો, મિત્રો આપે તે સહકાર.

કોઈની આંગળી પકડીને ચાલવામાં શરમ ન હોય. આપણે માતા-પિતાની આંગળી પકડીને પા-પા પગલી માંડતા શીખીએ છીએ. કેટલાય અહેસાન કુદરતી છે. એમનું મૂલ્ય આંકી ના શકાય. માટી છે તો અનાજ છે. માટીનું ઋણ આપણે માટીમાં ભળી જઈએ તો પણ ના ચૂકવી શકીએ. આ એક અંતઃકરણના અનુભવ થકી જ જાણી શકાય છે. સમજણ વિકસતા વાર લાગે છે, અનુભવ તેને વિકસાવે છે.

*"આંસુઓમાં પડે પ્રતિબિંબ, એવા દર્પણ ક્યાં છે?*
*બોલ્યા વિના સઘળું સમજે, એવા સગપણ ક્યાં છે?"*

ઈશ્વરે પ્રત્યેકને કંઈક ને કંઈક શક્તિ આપી છે, જે બીજાથી

અલગ હોય છે. આ શક્તિને ઓળખીને સદુપયોગ કરીને આગળ વધવાનું હોય છે. આપણા સમાજને એ શક્તિના સદુપયોગ થકી આગળ લાવવાનો હોય છે.

મારાં આટલા વર્ષોના નીચોડ પછી હું એટલું સમજી છું કે આનંદ ક્યાંય ઉધાર મળતો નથી. મારા થકી થયેલું કોઈપણ નાનું સરખું સત્કાર્ય મને ખૂબ આનંદ આપે છે. આનંદ માણસને નવો નક્કોર બનાવે છે. ઘણી વખત સાંજના સમયે મારી સખીઓ, મિત્રો સાથે નકામી વાતો કરું અને ટોળટપ્પા મારવામાં પણ મને આનંદનો અહેસાસ થાય છે.

*"અનુભવીએ એટલું આનંદમાં રહેવું રે,*
*કોઈને કોઈ કશું નહીં કહેવું રે."*

વાનપ્રસ્થાશ્રમમાં સૌથી મહત્ત્વનો શબ્દ એ છે અનુભવ.

જે માણસ પાસે અનુભવનો વૈભવ નથી હોતો એ માણસ ગમે એટલો સુખી હોય તો પણ ગરીબ છે. હવે અનુભવ કોને કહેવો તે જાણીએ, તો દરેક કાર્યને અંતે, વ્યવહારને અંતે, ધર્મમાં, નોકરીને અંતે થતી સારી-નરસી અનુભૂતિ એટલે અનુભવ. આ અનુભવનો ઉપયોગ આપણે આપણા વ્યવહારમાં કરતા હોઈએ છીએ. પણ એ સમજતા નથી કે જેમ કુપાત્રે દાન ન કરાય, તેમ દરેક પાસે આપણી જીંદગીના નિચોડ સ્વરૂપ અનુભવનું ભાથું ન ખોલાય.

*"સંગ તરાશુ તો પથ્થર ખુદા બને,*
*ઈન્સાન તરાશુ તો ખુદા જાને ક્યા બને?"*

આટલી ઉંમરે પહોંચ્યા પછી એટલું સમજાયું છે કે જીવનમાં સુખી થવા માટે હકારાત્મક વિચારસરણી ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. જેવા મારા વિચારો હશે એવું જ મારા ઘરનું વાતાવરણ હોય છે. મારા ઘરમાં સભ્યો આનંદિત હશે તો મારો સમાજ પણ સુખી હશે. આખરે તો આપણે (સમાજ), આપણા સમાજ સાથે સંકળાયેલા, બંધાયેલા છીએ. જેટલું બને એટલું સમાજને સારું આપીને જઈએ. સમાજનો ઉત્કર્ષ એ જ મારો, એ દરેકનો ધ્યેય હોવો જોઈએ. અને હું મારો ધર્મ નિભાવું છું અને આ દરેક પાસે આશા રાખું છું.

*"મનમાં હોય એ મુરાદ પૂરી કરી લે,*
*જીંદગીની આ મજધાર પર,*
*ત્યાં પછી આપણે કંઈ નહીં ચાલે,*
*ઊભા હોઈશું જ્યારે ધુમાડાની ધાર પર."*

આપણે આજે જે કંઈ છીએ, સમાજ થકી જ છીએ. સમાજ વગરના માનવીનું અસ્તિત્વ જ નથી કારણકે માણસ એ સામાજીક પ્રાણી છે.

સમાજે આપણને ઘણું આપ્યું છે, આપણે પણ સમાજને આપીને ઋણમુક્ત થઈએ.

*ક્રિષ્ણાબેન ડી. બારમેડા - જુનાગઢ (ઉંમર : ૫૮ વર્ષ)*

## અંતઃકરણની અનુભૂતિ



**મધુબેન નરોત્તમભાઈ છત્રાળા**
**અંજાર**

'અંતઃકરણની અનુભૂતિ'ને શબ્દોમાં સમાવવી આમ તો અસંભવ છે. જ્યાં વાત જ અંતઃકરણની હોય ત્યાં શબ્દો ઓછા પડે છે. એટલે આ અનુભૂતિને શબ્દસ્થ કરવી બહુ જ અઘરું કામ છે. છતાં હું આજે પ્રયત્ન કરું છું એને શબ્દ દેહ આપવાનો, પણ એ હશે તો અધરો જ!

શું લખું, શબ્દો જ મૌન થઈ જાય છે. જ્યાં વાત અંતઃકરણની હોય, એ પાંચે ઇન્દ્રિયોથી પારની અનુભૂતિ છે. ભલે એ ક્યારેય સુખદ પણ હોય, દુઃખદ પણ હોય છે. આશ્ચર્યમિશ્રિત હોય, ક્યારે સાક્ષીભાવની હોય, તે દરેકના જીવનમાં આવી અનુભૂતિની પળો તો આવતી જ હોય છે. બે હાથ જોડી મંદિરમાં મૂર્તિ સામે ઊભા હોઈએ ત્યારે, જઇએ તો છીએ પ્રભુના દર્શન કરવા પણ જ્યારે તારા પ્રભુના તાર સાથે મળી જાયને ત્યારે આંખો તો આપોઆપ બંધ થઈ જાય છે અને અંદર મનના દ્વારે એ પ્રભુ સાથે વાર્તા શરૂ થઈ જાય છે. એ કાલીઘેલી ભાષામાં ભગવાનને કરેલી અરજ કે વિનંતી કોઈ ગોઠવેલું નથી હોતું પરંતુ ભીતરમાંથી ઉઠેલી અરજ ક્યારેક તો વલોપાતનું રૂપ ધારણ કરીને આંખોમાંથી અશ્રુબિંદુ બનીને ઢળી પડે છે. ખબર નથી પડતી આ આંસુઓનું પૂર ક્યાંથી આવી ચડે છે? ક્યારેક એમાં હર્ષના આંસુ હોય છે તો ક્યારેક દુઃખના આંસુ પણ હોઈ શકે છે. અંતરમાં એવા તે કેવા તાર ગોઠવ્યા છે. કુદરતે એને વગાડવા માટે ક્યાંય શીખવા નથી જવું પડતું પરંતુ એ અંતરના તારનો સ્વર ઈશ્વર સાથે મળી જાય છે તો તે અંગે અંગે જાણે આનંદના ફુવારા ઉડે છે. એ અલૌકિક મસ્તીની તો વાત જ ન્યારી છે. વાદ્ય વગર પણ સંગીતના સાતે સૂર આપોઆપ એકરૂપ થઈને વાગવા માંડે છે.

એવું સંગીત કે જે દુનિયામાં ક્યાંય નથી સંભળાતું. તમે પણ ક્યારેક તો આનંદ લહેરીનો અનુભવ કર્યો જ હશે ને?!

દરેક મનુષ્યના જીવનમાં આવી ઘડીઓ ક્યારેક તો આવતી જ હોય છે. પરંતુ કોઈ એ ઘડીની ક્ષણોને અંતરના કેમેરામાં હંમેશ માટે કેદ કરી લે છે, તો એનું જીવન ધન્ય ધન્ય થઈ જાય છે. ને કોઈએ કંઇક અનુભૂતિને આકસ્મિક ગણીને પછી ભૂલી જાય છે. એટલે જ તો કવિએ ગાયું છે કે, 'અંતરના પડદા ખોલો

ભવાની મા...'. તો મીરાને તો અંતરમાં આઠે પહોર અજવાળા દેખાય ને એ ભીતરના પ્રકાશમાં એને એવું તો સુખ ભાડે લીધું કે મીરાને પછી રાજમહેલનું સુખ પણ ઝાંખું લાગ્યું. ને નરસિંહ મહેતાને તો અનુભૂતિઓએ સામાજીક બંધનોથી મુક્ત કરી નાખ્યો. જેનું અંતર મન પુલકિત - પુલકિત થઈ જાય એના માટે બાહ્ય પ્રકાશ કે બાહ્ય દુનિયાનો નજારો ગૌણ બની જાય છે. પરંતુ આ તો બધી વાતો મેં અન્ય લોકોની કરી કે જેના અંતર દ્વારે અલૌકિક પ્રકાશ રેલાયો હોય.

મારી અંતરની અનુભૂતિની તો વાત જ રહી ગઈ. પણ શું વાત કરું? શું લખું? વહેલી સવારે મંદ-મંદ ગતિએ લહેરાતા વાયરાની સાથે મારા બગીચામાં વાવેલા ડોલરના છોડ પર ખીલેલા ફૂલની ખુશ્બુ અંતરને તરબતર કરી દે છે. ને ત્યારે અંતર કેવું સુખદ અનુભૂતિથી છલકાઈ જાય છે. એવી અનુભૂતિ આજના મોંઘા પરફ્યુમ કે સ્પ્રેમાં ક્યાંથી હોય? ને એ ફૂલ પર ક્યાંકથી ઉડતું પતંગિયું આવીને બેસી જાય છે. તો એ દૃશ્યને જાણે જોતાં જ રહીએ એવો અગમ્ય આનંદ અનુભવાય છે. ને ઘણીવાર બસમાં કોઈ મુસાફરીએ જતી હું ને ત્યારે બાજુની સીટ પર બેઠેલા સાવ અજાણ્યા બાળકને પર્સમાંથી ચોકલેટ કાઢીને આપીએ, ત્યારે એ બાળક પોતાની માને બતાવીને બે હાથે તાળી પાડીને ખુશી વ્યક્ત કરે છે. એ દૃશ્ય જોવાની અનુભૂતિ કેટલી આહ્લાદક હોય છે.

આંગણે આવેલા અતિથિને જે બિચારો ભૂખ્યો - તરસ્યો હોય એને જ્યારે પ્રેમથી બેસાડીને ભરપેટ જમાડીએને ત્યારે એના ચહેરા પર પ્રસરેલો સંતોષનો આનંદ ખરેખર અવર્ણનીય હોય છે. કોઈ દુઃખ કે દર્દથી તડપતું બાળક જ્યારે માં ની ગોદમાં છુપાઈને જે નિર્ભયતાનો અનુભવ કરે છે ને એવા અનુભવો ભાગ્યે જ દુનિયામાં ક્યાંય થઈ શકે. આ અંતરની અનુભૂતિ છે જ એવી. અનુભૂતિ કે એ મહેસૂસ કરી શકાય છે રૂહથી અને આત્માથી. પરંતુ એને શબ્દોમાં વર્ણવવી તો અશક્ય જ છે. એના માટે જેટલા પણ પ્રયાસ કરીએ, વામણા જ છે. કારણકે અંતરની અનુભૂતિ એ જ્ઞાનેન્દ્રિયોના રસ છે. આ સ્થૂળ કર્મેન્દ્રિયો દ્વારા એને વર્ણવી ન શકાય. આ તો ભીતરનો રસ છે, ગૂંગાનો ગોળ છે. ગૂંગા માણસને ગોળ ખવડાવીને પૂછો કે કેવો હતો, તો શું કહેશે? અંતરની અનુભૂતિ કરવા માટે અંતરના ઊંડાણમાં જવું પડે ને જે એકવાર અંદર ઉતરી જાય, એને બહારની દુનિયા બેરંગ લાગે છે. તો આવી અંતરની અનુભૂતિ માટે આપણે ખેતરમાં ડૂબકી લગાવીએ. અલૌકિક, અવર્ણનીય, અપ્રતીમ અનુભૂતિનો આસ્વાદ માણીએ.

*મધુબેન નરોત્તમભાઈ છત્રાળા - અંજાર (ઉં.વ. ૫૬)*

# આજની નારી – સુપર વુમન

હમણાં થોડા સમય પહેલાં એક સરસ મેસેજ વાંચેલો કે "અપમાન ન કરેં નારિયોં કા, ઈન્હીં કે બલ પર જગ ચલતા હૈ. પુરુષ જન્મ લેકર આખિર ઈન્હી કી ગોદમેં પલતા હૈ."

આ શબ્દો સ્ત્રી શક્તિની ગરિમાને પ્રકાશિત કરે છે. જો કે સ્ત્રીઓની શક્તિને કોઈ શબ્દોમાં મહત્ત્વની જરૂર નથી. કારણકે એક સ્ત્રીમાં જે શક્તિ રહેલી છે તે અતુલ્ય છે. સ્ત્રીઓની શક્તિ કે સહનશક્તિની તોલે આ દુનિયાની કોઈપણ વસ્તુ આવી શકે તેમ નથી. એક સ્ત્રીમાં જ એટલી શક્તિ રહેલી છે કે તે પ્રસવપીડા સહન કરે છે અને એક નવજાત શિશુને જન્મ આપી આ દુનિયામાં લાવે છે. સાથે જ બાળકના જન્મથી લઇ તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારીને નિભાવે છે.

આજના સમયમાં તો લગભગ સ્ત્રીઓ વર્કિંગ વુમન હોય છે. તે ફક્ત હાઉસવાઇફ બનીને બેસી નથી રહેતી. જો કે વર્કિંગ વુમન કહેવા કરતાં આપણે તેમને સુપર વુમન કહી શકીએ. કારણકે તે બે હાથે ફક્ત ઘર જ નથી સંભાળતી, પણ તે પોતાની બધી જ જવાબદારીઓને સંપૂર્ણ ન્યાય આપે છે. તે ઘર પણ સારી રીતે સંભાળે છે, બાળકોનો ઉછેર પણ સારી રીતે કરે છે. પોતાની જોબમાં પણ તે ૧૦૦ ટકા ન્યાય આપે છે અને સાથે સાથે આજની સ્ત્રીઓ પોતા માટે પણ જીવી જાણે છે. તે આખા દિવસના વ્યસ્ત શિડ્યુઅલમાંથી પોતાના માટે થોડો સમય કાઢી, પોતાની ઈચ્છા કે પસંદ મુજબ જીવે છે અને એમણે જીવવું જ જોઈએ.


આજના સમયમાં એવું કોઈ કામ નથી કે જે સ્ત્રીઓ ન કરી શકે પણ આજે તો ઘણીવાર એવું પણ બને છે કે જે કામ પુરૂષો ન કરી શકે એ કામ સ્ત્રીઓ સારી રીતે કરી શકે. આજે આપણે જોઈએ તો દરેક ક્ષેત્રે સ્ત્રીઓ શ્રેષ્ઠ દેખાવ કરે છે. જેમ કે અભ્યાસ કે રમત-ગમત છે, કલા ક્ષેત્ર છે, એવા ઘણા જ ક્ષેત્રો છે અને આપણે આજે એ પણ જોઈએ છીએ કે જો સ્ત્રીઓ આજે પરિણીત હોય કે સંતાનોની માતા હોય તો પણ તેના શ્રેષ્ઠ પ્રદર્શન કે દેખાવમાં કોઈ ઓછપ આવતી નથી. તે બધી બાજુ પૂરતો ન્યાય આપી શકે છે.

હા, આ સમાજની ફક્ત એટલી જ જવાબદારી છે કે તે સ્ત્રીઓની આ શક્તિને પ્રોત્સાહિત કરે અને એક સ્ત્રી ફક્ત એટલી જ આશા રાખે છે કે આ સમાજ કે તેનો ઘર-પરિવાર તેની સાથે રહીને તેને પ્રોત્સાહિત કરે. બાકી તમામ મોરચે આખો જંગ તે એકલી લડી શકે છે.

*– નીમા કોટડિયા*

# ‘સેતુ’ના સહયોગી ‘કલમકાર’ની વિદાય

**હંસરાજ કંસારા**



**શ્રી દિલીપભાઈ વૈશ્નવ**

જન સામાન્યને સ્પર્શતી અને એમને ઉપયોગી થાય તેવી સ્વાસ્થ્ય સંબંધી માહિતી, ‘કચ્છશ્રુતિ’ના વાચકો માટે ખાસ એમને સમજાય તેવી સરળ ભાષામાં, રસપ્રદ શૈલીથી પ્રસ્તુત કરનાર ‘કચ્છશ્રુતિ’ ના કલમકાર શ્રી દિલીપભાઈ વૈશ્નવની કલમથી તો આપણે સહુ સુપેરે પરિચિત છીએ. આ અંકમાં આપણે એમનો આછેરો વ્યક્તિગત પરિચય પણ મેળવીએ.

ઢળતી સાંજે, આપણા ઘરની અંદરની કોઈ દિવાલ પર એકાદ મચ્છર બેઠું હોય તો તેને જોઈને કદાચ આપણે એના વિષે ખાસ કોઈ વિચાર ન કરીએ. પરંતુ દિવાલ પર બેઠેલો એ મચ્છરને કાંઈ જંતુ વિશેષજ્ઞ જુએ તો ?

એમની અભ્યાસુ દૃષ્ટિ એ મચ્છરના બેસવાનો સમય, એનું સ્થળ અને એની બેસવાની સ્ટાઈલ જોઈએ મચ્છર ખાલી કનડે એવો છે કે કરડે તેવો છે, એની જાત અને જાતી કઈ છે અને જો એ માદા ‘મચ્છરાણી’ હોય તો તેની મેલેરિયા ફાઈલેરીયા, ડેન્ગુ, ચિકનગુનીયા એન્સેફલોઈટીસ જેવા કોઈ રોગના જંતુ વહન કરવાની એની ક્ષમતા કેવી હોઈ શકે તેના પર જરૂર વિચાર કરતો થઈ જાય.

શ્રી દિલીપભાઈ વૈશ્નવ આવા જ એક જંતુ અભ્યાસી જીવ રહ્યા છે. એમની એન્ટોમોલોજી ક્ષેત્રે વ્યવસાયિક કારકિર્દીનો મહત્તમ સમય એમણે આના રોગવાહક વેકટર્સનું રોગ નિયંત્રણ હેતુ મોનીટરીંગ કરવામાં વિતાવ્યો છે. તેઓશ્રીએ રાષ્ટ્રીય મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમમાં ગુજરાત રાજયના આરોગ્ય ખાતામાં ૩૬ વર્ષ સુધી જિલ્લા વિભાગ તેમજ રાજ્ય સ્તરે તેમની સેવાઓ આપી છે.

શ્રી દિલીપભાઈ મૂળ કચ્છ-ભુજના વતની છે. એમના પિતાશ્રી મણીભાઈ ભગવાનજી વૈશ્નવ કચ્છમાં વિવિધ સ્થળોએ પોસ્ટ માસ્તર પદે રહ્યા હતા. શ્રી દિલીપભાઈનો જન્મ તા. ૧-૭-૧૯૩૯ને રોજ કોઠારા (અબડાસા કચ્છ) મધ્યે થયો. પ્રાથમિક શિક્ષણ અંજાર અને લાકડીયામાં તેમજ માધ્યમિક શિક્ષણ માંડવી કચ્છમાં મેળવ્યું. ત્યારબાદ ભુજની લાલન કોલેજમાંથી સાયન્સ ગ્રેજ્યુએટ થયા. ૧૯૫૯માં એમણે ભુજમાં મેલેરીયા નિયંત્રણ ખાતામાં લેબોરેટરી ટેકનીશીયન તરીકે વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કરી. સમયાંતરે ખાતાકીય તાલીમ ્ને અનુભવ આધારે પદોન્નતિઓ મેળવતા કચ્છ સહિત ગુજરાતના અન્ય કેટલાક જિલ્લાઓમાં અને છેલ્લે રાજયસ્તરે પ્રથમ વર્ગ ગેઝેટેડ પોસ્ટ પર એન્ટોમોલોજીસ્ટ તરીકે મેલેરિયા નિયંત્રણ કાર્યક્રમ સાથે સંકળાયેલા રહ્યા. તેઓશ્રી ૧૯૯૫માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા બાદ પણ થોડો સમય એપીડેમીક કન્ટ્રોલ તેમજ એન્ટોમોલોજી ક્ષેત્રે સંશોધન અને તાલીમ હેતુ કન્સલ્ટન્ટ તરીકે રાજ્ય સરકાર તેમજ અન્ય સંસ્થાઓને સેવાઓ આપી રહ્યા.

મારો (આ લેખકનો) એમની સાથેનો પ્રથમ પરિચય ૧૯૮૯માં દિલ્હીમાં થયો. ત્યારે હું દિલ્હી મધ્યે ભારત સરકારના કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયમાં જનસંપર્ક અધિકારી તરીકે કાર્યરત હતો તે દરમ્યાન એક મિટીંગમાં થયેલો. ત્યારબાદ છેક પંદર વર્ષે, ૨૦૦૫માં અમે અમદાવાદ ખાતે, કચ્છશ્રુતિના પ્લેટફોર્મ પર મળ્યા. ત્યારે હું કચ્છશ્રુતિનો માનદ્ તંત્રી હતો અને તેઓશ્રી કચ્છશ્રુતિના નિયમીત વાચક હતા. જોગાનુજોગ એ અરસામાં અમદાવાદ તેમજ ગુજરાતના અન્ય સ્થળોએ મેલેરિયાના ઘણા કેસો થતા હતા. મેં એમને મેલેરિયાથી બચાવ માટે વ્યક્તિ સ્વયં શું કરી શકે તેવી વિગતે સમજ આપતો. લેખ કચ્છશ્રુતિના વાચકો માટે આપવા અનુરોધ કર્યો હતો. એમણે લેખ આપ્યો. અને ત્યારથી એમનો કચ્છશ્રુતિ માટે નિયમીત લેખો આપવાનો સીલસીલો શરૂ થયો. મેલેરિયા ઉપરાંત ડેન્ગુ, ચિકનગુનિયા, સ્વાઈન ફ્લુ તેમજ અન્ય સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ સમજાવતા અને સરળ માર્ગદર્શન આપતા અનેક લેખો એમણે કચ્છશ્રુતિ માટે આપ્યા છે. તદુપરાંત તેમની વૈકલ્પીક ઉર્જા શ્રેણી પાણી, ખનીજ, તેલ, પક્ષી અભયારણ્ય, ટેમ્પોરલ આર્થરાઈટીસ, વેરીકોઝ વેઈન્સ, અંતસ્રાવી ગ્રંથિઓ શ્રેણી, નેનો ટેકનોલોજી, નોર્મનકઝીન્સ અને બ્લડ ગ્રુપીંગ જેવા વિવિધ વિષયો પર અભ્યાસપૂર્ણ લેખો આપ્યા છે. હાલમાં તેઓશ્રી આહાર-વિહાર અને વિટામીન્સ શ્રેણી અંગે રસપ્રદ વિગતો આપી રહ્યા છે.

શ્રી દિલીપભાઈના લેખો અંગે વાચકોના પ્રતિભાવ મળતા

### ‘સેતુ’ના સહયોગી ‘કલમકાર’ની વિદાય

*જન-સામાન્યને સ્પર્શતી અને એમને ઉપયોગી થાય તેવી સ્વાસ્થ્ય સંબંધી માહિતી પ્રસ્તુતકર્તા શ્રી દિલીપભાઈ વૈશ્નવનું ૮૩ વર્ષની જૈફ વયે ૧૪ સપ્ટેમ્બરના રોજ અમદાવાદ મધ્યે દુ:ખદ અવસાન થયું.*

*શ્રી દિલીપભાઈ, અમદાવાદથી પ્રકાશિત સામયિક ‘કચ્છશ્રુતિ’ના કાયમી કલમકાર હતા. ‘જ્ઞાતિસેતુ’ને પણ, એમના લેખોનો અવારનવાર લાભ મળતો. જે બદલ ‘સેતુ’ એમનું સદૈવ ઋણી રહેશે. ‘સેતુ’ એમની કાયમી સ્મૃતિ હેતુ, એમનો પરિચય આપતો, ‘કચ્છશ્રુતિ’ સામયિકમાં પ્રકાશિત લેખ, પ્રસ્તુત કરે છે.*

*સદ્ગત શ્રી દિલીપભાઈના આત્માને પરમાત્મા ચરમ શાંતિ બક્ષે, એમના પરિવારને, એમની ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી સમસ્ત સેતુ-પરિવારની પ્રાર્થના.*

**અતુલ સોની**
**તંત્રી ‘જ્ઞાતિસેતુ’**

**મનુભાઇ કોટડિયા**
**અધ્યક્ષ ‘સેતુ’ સમિતિ**

રહે છે. એમનો મેલેરિયા વિષેનો એક લેખ 'વાત એક માછલી'ની ગુજરાત રાજયના મેલેરિયા નિયંત્રણ ખાતાએ નકલો કરી, સંબંધિત મેલેરિયા કર્મચારીઓને સ્વાસ્થ્ય શિક્ષણ હેતુ મોકલી હતી. એમનો અન્ય એક લેખ (જુલાઈ અંક ૧૩) સ્વાસ્થ્ય પ્રદ જાંબુ, પરિતોષ, (યુવા પેઢીના ઘડતર માટે સંસ્કારી વાંચન સામગ્રીનું સંકલન કરતું ભોળાભાઈ પટેલ સંપાદીત સામયિક)માં પુનઃ પ્રકાશિત થયો હતો જે કચ્છશ્રુતિ માટે ગૌરવપ્રદ છે.

શ્રી વૈષ્નવભાઈએ કચ્છશ્રુતિના સ્વાસ્થ્ય વિશેષાંક માટે ગુજરાત રાજયના આરોગ્ય વિભાગના વિવિધ નિષ્ણાંતો પાસેથી (ટીબી., એઈડ્સ, મેલેરિયા આદિ)ના લેખો મેળવવામાં સક્રિય સહયોગ આપ્યો હતો. તદુપરાંત એમના પ્રયાસો થકી કચ્છશ્રુતિ માટે ડૉ. હેમંત તથા ડૉ. શ્રીમતી દેવલબેન જેવા દંત વિશેષજ્ઞો, નેહાબેન અંતાણી અને ઉષ્માબેન ઠક્કર - આહાર વિશેષજ્ઞ, ડૉ. નિમેષ સંઘવી યુરોલોજીસ્ટ (પ્રોસ્ટેટ વિષેનો લેખ) આદિ વિવિધ ચિકિત્સા વિશેષજ્ઞોના લેખો પણ મેળવ્યા હતા. એમના પ્રયાસો થકી, બાળરોગ વિશેષજ્ઞ ડૉ. આશિષ ચોકસી કચ્છશ્રુતિ માટે અવાર-નવાર લખતા રહે છે. તેમજ શ્રી વૈશ્નવભાઈના લેખોને મેડિકલ એન્ગલથી ચકાસી એમને યોગ્ય માર્ગદર્શન આપતા રહે છે. વૈશ્નવભાઈના અંતસ્રાવી ગ્રંથીઓ અંગેના લેખ વિષે ડૉ. ચોકસીએ નીચે મુજબ પ્રતિભાવ આપ્યો હતો.

અંતઃસ્રાવી ગ્રંથીઓ વિષેનો આપનો લેખ વાંચ્યો. ગુજરાતી ભાષામાં આવા વિષય પર આટલી ઊંડાણપૂર્વકની માહિતી આપવી પ્રશંસનીય કાર્ય છે. થાઈરોઈડ અને એડ્રીનલ ગ્રંથીની સમાનતા વિષે આપે ખૂબ જ સરળ ભાષામાં સમજાવ્યું છે. (માર્ચ-૨૦૧૨) શ્રી દિલીપભાઈના સહયોગથી કચ્છશ્રુતિને અન્ય ગણમાન્ય મહાનુભાવોના લેખો પણ મળતા રહ્યા છે જેમાં શ્રી કે.બી. બુચ (નિવૃત IAS) શ્રી હરિકાન્ત રાણા અને ડૉ. એન. એસ. દવેના નામો ખાસ ઉલ્લેખનીય છે. આમ અમદાવાદમાં વસતા કચ્છી નિવૃત્ત વડીલોમાંના એક એવા શ્રી દિલીપભાઈએ કચ્છશ્રુતિ થકી કચ્છી સમાજ સાથે ઘનિષ્ઠ સંબંધ જાળવી રાખ્યો છે.

સ્વભાવે ઉદ્યમી છતાં નમ્ર અને ઠરેલ પ્રકૃતિના શ્રી દિલીપભાઈના ધર્મપત્ની ભાવનાબેન પણ ખૂબ જ માયાળુ સ્વભાવના છે. દિલીપભાઈને સંતાનોમાં એક પુત્ર દર્શકભાઈ છે જેઓ ભરૂચ ખાતે ગુજરાત ફર્ટીલાઈઝર કોર્પોરેશનમાં સિનીયર મેનેજર છે. એમની પુત્રી બેંગ્લોરમાં છે. જમાઈ શ્રી દર્શકભાઈ વસાવડા સોફ્ટવેર એન્જીનીયર છે. દિલીપભાઈના પૌત્રી બરખાબેન અમદાવાદ મધ્યે એમ.બી.બી.એસ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે. એમના પરિવારના આ બધા સભ્યો દિલીપભાઈને એમની લેખન પ્રવૃત્તિમાં આવશ્યક 'નેટ' સપોર્ટ પ્રોત્સાહન પુરો પાડે છે. અમને વિશ્વાસ છે કે દિલીપભાઈનો કચ્છશ્રુતિના વાચકો સાથેનો નાતો 'મા ભોમ કચ્છ' સાથેના 'નેહ' જેવો જ સદૈવ મજબુત રહેશે.

***– હંસરાજ કંસારા***

***(કચ્છશ્રુતિ, માર્ચ-૨૦૧૪)***

## અભિમાન નહીં સ્વાભિમાન!

એવું કહેવાય છે કે ઈશ્વરે આ સૃષ્ટિની રચના કરી છે. જેમાં તેમણે મનુષ્યને અન્ય પ્રાણીઓ કરતા શ્રેષ્ઠ બનાવ્યા છે. ઈશ્વરે મનુષ્યને એવા ગુણો અને એવી શક્તિઓ આપી છે, જે મનુષ્યને અન્ય પ્રાણીઓ કરતા શ્રેષ્ઠ કે ચડિયાતો બનાવે છે. આવા ગુણો અને શક્તિઓ તેમણે અન્ય પ્રાણીઓને નથી આપ્યા. જેના કારણે ઘણીવાર મનુષ્ય પોતાની જાત પર અભિમાન અનુભવે છે.

અહીં આપણે આજે વાત અભિમાન અને સ્વાભિમાન બંનેની કરવાની છે. અભિમાન એટલે માણસ પોતાને "હું જ શ્રેષ્ઠ છું" અથવા "બધા કરતું હું જ શ્રેષ્ઠ છું" એવો ભાવ. જ્યારે સ્વાભિમાન એટલે "હું પણ શ્રેષ્ઠ છું" એવો ભાવ. આ બંનેની સામાન્ય વ્યાખ્યા છે. અહીં વાત એ છે કે માનવી અભિમાની બની જાય અને બીજા લોકોનું અપમાન કરે એ ખોટું છે. જ્યારે સ્વાભિમાની માણસ બીજા બધાની સાથે પોતાનું પણ સન્માન કરે છે. તેથી માનવી સ્વાભિમાન અનુભવે એ સારું છે અને દરેક માનવીને પોતાનું સ્વાભિમાન હોવું જ જોઈએ.

ઘણા રૂઢીવાદી લોકો અથવા સંકુચિત માનસ ધરાવતા લોકો અભિમાન અને સ્વાભિમાન વચ્ચેનું અંતર અથવા તો તેની વ્યાખ્યાને બરાબર સમજતા નથી. તેઓ સ્વાભિમાન ધરાવતા વ્યક્તિને અથવા લોકોને અભિમાની જ માની લે છે. પણ હકીકતમાં તો તેઓ આવા વ્યક્તિને અથવા તો લોકોને બરાબર ઓળખી કે સમજી શકતા નથી.

આપણા આ સમાજમાં ખાસ કરીને સ્ત્રીઓને, ખાસ આવી ગેરમાન્યતાઓનો સામનો કરવો પડે છે. એક સ્ત્રી જો તે વિવાહિત અથવા તો અવિવાહિત હોય અને ખાસ કરીને જો તે વિવાહિત હોય તો તેને તો ખાસ આવી ગેરમાન્યતાનો સામનો કરવો પડે છે. આવી ગેરમાન્યતાના કારણે તેને ઘણીવાર અપમાન, ગેરવ્યવહાર, ટીકા અને નિંદાનો સામનો કરવો પડે છે.

એક વિવાહિત સ્ત્રી જો પોતાની ઈચ્છા મુજબ જીવન જીવે અથવા જીવવા માંગતી હોય, બીજા શબ્દોમાં કહીએ કે જો તે પોતાની પસંદ-નાપસંદ, પોતાની ઈચ્છા, પોતાની જીવનધારા, જીવનના નિયમો કે આદેશોને અપનાવે કે જો તે પ્રમાણે જીવન જીવે તો તેને અભિમાની કે તુંડમિજાજી કહેવામાં આવે છે, સ્વાભિમાની નહીં. તેની સરખામણીમાં જો પુરૂષ લગ્ન પછી પણ પોતાની ઈચ્છા મુજબ જીવન જીવે તો તેને અભિમાની કે તુંડમિજાજી શા માટે નથી કહેવાતો?

તો આપણા સૌની અને આ સમાજની ફરજ છે કે પુરૂષો અને સ્ત્રીઓ વચ્ચે આવો ભેદભાવ ન કરીએ. સ્ત્રીઓને પુરૂષોની જેમ સમાન દરજ્જો આપીએ અને તેના સ્વાભિમાનને બિરદાવીએ અને અભિમાન અને સ્વાભિમાન વચ્ચેના આ તફાવતને બરાબર સમજીએ.

***નીમા કોટડિયા - ભુજ, કચ્છ***

# પિકનિકની સંસ્કૃતિ લુપ્ત થઈ રહી છે? જાણો પિકનિકનો ઇતિહાસ

**રીટા જગદીશચંદ્ર બુધ્ધભટ્ટી - ભુજ**

પિકનિકનો ઇતિહાસ જાણવા માટે ૧૨મી સદીમાં પ્રવેશ કરવો પડશે. ઘણાં વર્ષો પૂર્વે પિકનિકના નામે રેસ્ટોરામાં ભેગા થઈને સાથે જમતા. લાંબા સમયગાળા સુધી આ ચલણ રહ્યું. ધીરે ધીરે તેમાં કેટલાક બદલાવ આવ્યા. આ બદલાવની સાથે પિકનિક પર જનાર લોકો થોડા થોડા રૂપિયા ભેગા કરીને ખાવા-પીવાની ચીજો ખરીદીને કોઈ સ્થળે ભેગા થઈને ખાતા-પીતા હતા.

આમ જોઈએ તો પિકનિકનો અર્થ થાય છે, નાના-નાના મહત્ત્વવાળી ચીજો. તેના આધારે પિકનિક એક ઉત્પાદન રહેતી. ગણ્યગાંઠ્યા લોકો ભેગા થતા. ત્યાર પછી બહાર જઈને ખુલ્લા મેદાનમાં પિકનિક કરવાનું ચલણ વધ્યું. આમ જોઈએ તો આ ચલણ ખેતી કરતાં ખેડૂતોએ શરૂ કર્યું. ખેતરો કે વાડીમાં ખાવા-પીવાની ચીજવસ્તુઓ ભેગી કરી અને આનંદ - પ્રમોદ કરતા. આનાથી તેમનો મહિનાઓનો થાક ઉતરી જતો. ત્યાર પછી જોઈએ તો રાજાશાહીમાં બગીચાઓ ખોલવામાં આવ્યા અને ફરવા આવનારાઓની ભીડ જામતી રહી. ખાવા-પીવાની વસ્તુઓ અને રમવાના સાધનો સાથે લઈ આવતા. બગીચામાં બેસી સાથે ભોજન પણ લેતા. લોકો મોટી સંખ્યામાં આખા પરિવાર સાથે આખો દિવસ આનંદ માણતા.

ધીરે ધીરે પિકનિકનું ચલણ જોર પકડતું ગયું અને મોટા સ્તરે આયોજન થતું ગયું. પિકનિકને લઈને લોકો એટલા સહજ થઈ ગયા કે મહિનામાં એકવાર તો પિકનિક પર જતા. ઘણા લોકોએ તો પિકનિક સોસાયટીની રચના પણ કરી નાખી અને દર અઠવાડિયે પિકનિકનું આયોજન થતું. પિકનિકની જગ્યાની પસંદગી કરવા લોકોની રૂચિ પણ વધવા લાગી. ધીરે ધીરે પ્રાકૃતિક છટાથી ભરેલી જગ્યાની પસંદગી થઈ. ઘણા સમય સુધી લોકપ્રિયતા જાળવી રાખી.

આજે સમયે પોતાની ચાલ બદલી છે. પિકનિકનું ચલણ ઓછું થયું છે. પિકનિક પર જવાનું લોકોને સમયની બરબાદી લાગે છે. મોટા મોટા શોપિંગ મોલ, ઠેકઠેકાણે ખૂલેલા ફન એન્ડ ફુડ જયાં બાળકોથી લઈને મોટા સુધીના તમામ સાધનો ઉપલબ્ધ છે, લોકોને મજા ત્યાં જ મળી જાય છે.

ધીરે ધીરે ખતમ થઈ જતાં ખેતરો, વાડી અને આસપાસ મોટી મોટી ઇમારતો બની જવાથી ચલણ ઓછું થતું ગયું છે. ખુલ્લા લીલાંછમ ખેતરો ખતમ કરવાની રીતસર હોડ જામી છે.

હવે ખાસ વાત કરીએ આજની પિકનિકની. સંયુક્ત પરિવારથી મોં ફેરવી રહેલી જીવનશૈલીએ લોકોને એટલા વ્યસ્ત બનાવી દીધા છે કે શું મોટા અને શું નાના! બાળકોને મનોરંજન માટે ઇન્ટરનેટની દુનિયા મળી ગઈ છે તો મોટા લોકો એમાં નામ અને દામ કમાઈ લેવાની દોડમાં વ્યસ્ત છે. શોપિંગ મોલથી સારૂં તેમને બીજું કંઈ જ નથી દેખાતું. મોબાઇલ ફોન અને ઇન્ટરનેટ પર ઉપલબ્ધ નેટવર્કિંગ સાઇટને પિકનિક સ્પોટથી કમ નથી માનતા અને કહેતા હોય છે કે, "પિકનિક ઇઝ આઉટડેટ કલ્ચર." હવે પિકનિક પર કોણ જાય? પરિવારના પરસ્પર પ્રેમ અને સંબંધોની મીઠાશ રાખવા ઝુંબેશ ચલાવવી જોઈએ. બનાવટી દુનિયામાંથી નીકળીને પ્રાકૃતિની નૈસર્ગિક પગલા માંડવા માટે, પરિવાર સાથે તાણા-વાણા વણવાની સાથે પિકનિકનું આયોજન કરવું જોઈએ.

આશા રાખું છું, જ્ઞાતિજનો પિકનિકની સારી એવી શરૂઆત કરી સ્વજનો વચ્ચે ખુશીઓ વહેંચવાની શરૂઆત કરીએ.

## શ્રદ્ધાંજલિ

*नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।*
*न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥*



**સ્વ. સૂર્યકાંત મોહનલાલ સોની**

*અમદાવાદ નિવાસી સૂર્યકાંત મોહનલાલ સોની તા. ૧૦-૧૧-૨૦૨૦ના રોજ શ્રીજીચરણ પામેલ છે. સ્વ. સૂર્યકાંતભાઈ અમદાવાદ જ્ઞાતિના પૂર્વ ઉપપ્રમુખ અને સંસ્થાના સ્થાપક સભ્ય હતા. અમદાવાદ જ્ઞાતિ સમાજ દુઃખની લાગણી વ્યક્ત કરી તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પે છે અને પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના કરે છે.*

**ગીરીશભાઈ સોની, પ્રમુખ**
**અતુલ સોની, તંત્રી 'જ્ઞાતિસેતુ'**
**મનુભાઈ કોટડિયા, અધ્યક્ષ 'જ્ઞાતિસેતુ'**

# લવ યુ મહેક....

**સુરેશ બીજલાણી "સુબી"**

નીરવ શાહ, ભુજના જાણીતા ઍડવોકેટ. જટીલમાં જટીલ કેસ લડવામાં માહિર... ભાગ્યે જ કોઈ કેસ હારે... અને એટલે જ એમની ફીસ પણ ઊંચી હોય એ સ્વાભાવિક છે. સાંઇઠની નજીક પહોંચેલા નીરવની પત્ની પાંચ વર્ષ પહેલા બીમારીને લીધે સ્વર્ગે સિધાવી હતી અને એકનો એક દીકરો સની ઉર્ફે સંજય લંડનમાં લવમેરેજ કરી, પત્ની અને એક બાળક સાથે વેલસેટ હતો. નીરવ પાસે ગાડી, બંગલા, નોકર-ચાકર, પૈસા બધું જ હતું પણ દિલના એક ખૂણામાં હંમેશાં ખાલીપન રહેતું હતું. જેને દૂર કરવા ક્યારેક મદિરાપાનનો સહારો લેવો પડતો. એ માટે કાયદેસર લાયસન્સ મેળવ્યું હતું.

એક દિવસ એમના કોલેજકાળના મિત્ર વિશાલનો ફોન આવ્યો. "હેલો નીરવ, વિશાલ બોલું છું મુંબઈથી... મારી ઓફિસમાં કામ કરતી, મારી સેક્રેટરી મહેક ફર્સ્ટ ટાઇમ કચ્છ ફરવા આવે છે તો પ્લીઝ કોઈ સારી હોટલ, ગાડી અને ફરવા માટે ગાઈડની વ્યવસ્થા કરી આપજે. તારા ફોન નંબર આપ્યા છે.... ભુજ પહોંચીને ફોન કરશે..."

આટલું કહીને વિશાલે ફોન કટ કરી નાખ્યો. "મહેક" નામ સાંભળીને નીરવના મનમાં ફૂલોની ખુશ્બુ પ્રસરવા લાગી. થોડીવાર રહીને નીરવે વિશાલને ફોન કર્યો.

"સાંભળ વિશાલ, મહેકને કોઈ પ્રોબ્લેમ ન હોય તો મારા ઘરે જ ભલે ઉતરતી. આટલું મોટું ઘર છે અને ફરવા માટે મારી ગાડી પણ યુઝ કરી શકશે. યુ ડોન્ટ વરી, એને ક્યાંય તકલીફ નહીં પડે અને હા, એનો ફોટો મને વોટ્સઍપમાં મોકલી આપજે, તો મારો ડ્રાઇવર સ્ટેશનેથી લઇ આવશે."

વિશાલે મહેકના કેટલાક ફોટો મોકલ્યા.

"બ્યુટીફુલ, મોડર્ન ગર્લ... ફોટો પરથી ચોવીસ-પચ્ચીસની લાગે છે..." મનોમન નીરવ બબડ્યો. ચાર દિવસ રહીને મહેક ભુજ પહોંચી આવી.

"હેલ્લો સર, આઈ એમ મહેક." મહેકે ગાડીમાંથી ઉતરતા પોતાનો પરિચય આપ્યો.

"વેલકમ મહેક, હાઉ આર યુ? રસ્તામાં તમને કોઈ તકલીફ તો નથી થઈ ને..." નીરવે મહેકને આવકારી અને સામે ઊભેલી સુંદર યુવતી પર આંખો ચોંટી ગઈ.

"સર, આઈ એમ જસ્ટ ટ્વેન્ટી એઈટ... સો આ 'તમે' સારું નહીં લાગે... 'તું' કહેશો તો ચાલશે..." મહેકે ઘરમાં પ્રવેશતા કહ્યું. નીરવે ઉપરના રૂમમાં એની વ્યવસ્થા કરી હતી. નોકર સામાન લઇને ઉપર મૂકી આવ્યો. મહેક ફ્રેશ થઇને નીચે આવી. એના પરફ્યુમની મહેક નીરવના કાન સુધી પહોંચી. ચા-નાસ્તો કર્યા બાદ નીરવે મહેકને કચ્છ ફરવાનો પ્લાન સમજાવ્યો અને એક ગાઇડનો કોન્ટેક્ટ નંબર આપ્યો. આજે આરામ જ કરવો છે. આવતીકાલે સવારે સફેદ રણ જોવા જઇશ, એવું કહી મહેક એના રૂમમાં ગઈ.

દરરોજની જેમ નીરવ મોડી રાત સુધી ટી.વી. ન્યુઝ ચેનલો ફંફોસતો રહ્યો. ખાસ કરીને ક્રાઇમ ન્યુઝમાં એને વધુ દિલચસ્પી રહેતી. પોતે એક વકીલ હોવાને નાતે આવા કેસ જોવાનો વધુ ઇન્ટરેસ્ટ હોય એ સ્વાભાવિક હતું...

"સર, ઊંઘ નથી આવતી?" ઉપરની બાલ્કનીમાંથી મહેકે પૂછ્યું. શોર્ટ પીંક નાઇટ ડ્રેસમાં ખુલ્લા વાળ સાથે મહેકનું માધુર્ય નીરવની આંખોથી છાનું ન રહ્યું.

"હા, રોજની આદત છે... સોરી, ટી.વી.ના અવાજથી તું ડિસ્ટર્બ થઈ હોઈશ." નીરવે કીધું.

"ના ના સર, એવું નથી. હું તમારા માટે કોફી બનાવી આપું? તમને કોફી પીવામાં કંપની પણ આપીશ..." મહેકે નીચે આવતા કીધું. નીરવને કોફીની ઑફર ગમી અને હસીને મહેકને કંપની આપવા કહ્યું. "વાહ, વેરી નાઇસ કોફી... વર્ષો પછી કોફીનો આ ટેસ્ટ મળ્યો."

નીરવે કોફી પીતા પીતા કહ્યું. મહેકને પણ કોફીના વખાણ ગમ્યા. ઓફિસમાં એની બનાવેલી કોફી બોસને ગમતી અને ટ્રીપમાં જતા ત્યારે દોસ્તોને... ખાસ કરીને કપીલને... કપીલ એનો બોયફ્રેન્ડ... વેલનોન ફોટોગ્રાફર... ફોટોગ્રાફી જ એની દુનિયા અને જીમ એનું બીજું ઘર. બસ બોડી મેઇન્ટનિન કરવી અને મસ્તીમાં જીવવું... બંને વચ્ચે ગજબની દોસ્તી હતી.

"ક્યાં ખોવાઈ ગઈ મહેક?" નીરવના પ્રશ્નથી મહેક થોડી ઝંખવાણી.

"નો નો સર... સર, તમે અને વિશાલ સર કોલેજમાં સાથે હતા એવું એ કહેતા હતા." મહેકે પૂછ્યું.

"હા, અમે સાથે જ હતા અને નીલમ પણ..." નીરવ એમની સ્વર્ગવાસી પત્નીના ફોટો સામે ઊભીને અતીતમાં ખોવાયા.

"હું, વિશાલ અને નીલમ બહુ જ સારા મિત્રો... કોલેજ કેન્ટીનમાં સાથે ચા પીવાની, છુપકે છુપકે ફિલ્મ જોવા જવાનું, ટ્રીપ કરવાની... ખૂબ એન્જોય કર્યું... હું નીલમના પ્રેમમાં ક્યારે પાગલ થઈ ગયો ખબર જ ન પડી. નીલમ પણ મને ચાહતી હતી... લગ્નના કેટલાક વર્ષો પછી ખબર પડી કે વિશાલ પણ નીલમને ચાહતો હતો... અમે ખૂબ હસ્યા... વિશાલે ક્યારેય એને કહેવાની હિંમત ન કરી... પણ હા, અમારી દોસ્તીમાં કોઈ ફર્ક ન પડ્યો. વિશાલની નિખાલસતા અમને સ્પર્શી ગઈ. પછી એ મુંબઈ સેટલ

થયો. સફળ બિઝનેસમેન બન્યો અને હું ભુજ રહ્યો.

કોફીનો છેલ્લો ઘૂંટ પીતા નીરવે પોતાની કથની વર્ણવી... મહેક ખાલી કપ લઈ કીચનમાં મૂકી આવી. સવારે સફેદ રણ જોવા જવાનું યાદ આવતા નીરવને ગુડ નાઈટ કહી, પોતાના રૂમમાં ગઈ. નીરવ ક્યાંય સુધી મહેકના વિચારોમાં ખોવાયેલો રહ્યો.

સવારે જ્યારે રેડી થઈને મહેક ગાડી પાસે પહોંચી તો નીરવ પણ એની સાથે જવા રેડી હતા. "ગુડ મોર્નિંગ મહેક, તને વાંધો ન હોય તો હું પણ તારી સાથે આવું. ઘણા સમયથી મેં પણ સફેદ રણ નથી જોયું તો..." નીરવે હસતા હસતા કહ્યું.

"ઓહ સર, ઈટ્સ સરપ્રાઈઝ ફોર મી. પ્લીઝ... તમે સાથે હશો તો કચ્છ જોવાની વધુ મજા પડશે."

મહેક ખુશીથી નીરવને ભેટી પડી. નીરવના શરીરમાં જાણે વીજળી પસાર થઈ ગઈ... ડ્રાઈવરે ગાડી સ્ટાર્ટ કરી. બંને પાછળની સીટમાં ગોઠવાયા. રાત્રે રીટર્ન થયા. મહેકને ખૂબ મજા આવી, સફેદ રણ જોઈને. નીરવને મહેક સાથે સફેદ રણ રંગીન લાગ્યું. આમ ને આમ એક વીક પસાર થી ગયું. મહેકે કચ્છના ઘણા જોવા જેવા સ્થળો જોયા. ક્યારેક નીરવ એની સાથે જતા, તો ક્યારેક કોઈ ગાઈડ સાથે... પણ ખરેખર 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'વાળી પંક્તિ મહેકને સાર્થક લાગી. ફરીને આવ્યા બાદ દરરોજ નીરવ સાથે ડીનર લેવાનું... રાત્રે મોડે સુધી વાતો કરતા, ક્યારેક ગીતો ગાતા, ટી.વી. પર મુવી જોતા, ક્યારેક નીરવના કહેવાથી મહેક વ્હીસ્કીના બે ઘુંટ પણ લઈ લેતી. નીરવ અને મહેક એકબીજાની નજીક આવી રહ્યા હતા. મહેકને નીરવમાં દિલચશ્પી વધવા લાગી. અહીં સુખ સાહ્યબી, ગાડી, બંગલા બધું જ હતું. મુંબઈની ભાગદોડવાળી જીંદગી કરતાં અહીં શાંતિ હતી. અહીં જ સેટલ થવાતું હોય તો કેટલું સારું... ધીરે ધીરે મહેક નીરવની આગોસમાં સમાવવા લાગી. નીરવ પણ જીંદગીના વેરાન બગીચાને મહેકતા ફૂલોથી સજાવવાના સપના જોવા લાગ્યો.

"હેલો નીરવ, બે દિવસ પહેલા મહેકની રીટર્ન ટિકીટ હતી. પણ હજુ મુંબઈ પહોંચી નથી, ઓફિસમાં પણ કામ બહુ છે. એના પપ્પા ચિંતા કરે છે, ફોન પણ કવરેજ બહાર બતાવે છે." મુંબઈથી વિશાલે ફોન કર્યો. નીરવે ફોન મહેકને આપ્યો.

"સર, કચ્છ બહુ વિશાળ છે અને અહીંના લોકો પણ... આઈ એન્જોઈંગ... પ્લીઝ, મને હજુ બે ચાર દિવસ ફરવા દોને... હજુ તો મેં શોપિંગ પણ નથી કર્યું.... પ્લીઝ પ્લીઝ..." મહેકે એના બોસ વિશાલને મનાવી લીધા. નીરવને પણ મહેકનો સાથ વધુ થોડા દિવસ મળશે એનો આનંદ હતો. ફરવાની સાથે સાથે મહેક નીરવની ઓફિસે પણ જવા લાગી. નીરવ ઈચ્છતા હતા કે મહેક જેવી બ્રિલિયન્ટ છોકરી એમની ઓફિસમાં હોય અને લાઈફમાં પણ...

"હાય મહેકુ..." ફોન પર અચાનક કપીલનો અવાજ સાંભળીને મહેક ચોંકી ગઈ.

"કપીલ, કેમ અચાનક આજે મારી યાદ આવી ગઈ...?" મહેકે કીધું. બાજુમાં બેઠેલા નીરવે ઈશારાથી કોણ છે એવું પૂછ્યું. મહેક ફોન લઈ, બહાર ગઈ. નીરવને જરા ન ગમ્યું... ઘણીવાર વાતો કરીને મહેક અંદર આવી.

"મારો મુંબઈનો ફ્રેન્ડ હતો કપીલ. એ આવતીકાલે કચ્છ આવે છે ફોટોગ્રાફી કરવા... હી ઈઝ વેલનોન ફોટોગ્રાફર ઈન મુંબઈ... વેરી હેન્ડસમ, ટેલેન્ટેડ મેન... યુ નો સર, એ બોડીબિલ્ડર પણ છે અને રનર્સઅપ રહી ચૂક્યો છે. મેં જ્યારે કચ્છ વિશે વખાણ કરેલા તો એનાથી રહેવાયું નહીં. મને કહે કે મારે કચ્છમાં ફોટોગ્રાફી કરવી છે. ત્યાંના લોકેશન, કલ્ચર, વિલેજીસ, બધું જ મારા કેમેરામાં ક્લીક કરવું છે."

મહેકની ખુશી એના ચહેરા પર દેખાતી હતી પણ નીરવને એ ન ગમ્યું. નીરવ મહેકને ખોવા નહોતો માંગતો. બીજા દિવસે કપીલ ભુજ પહોંચ્યો. મહેક એને રીસીવ કરવા ન ગઈ. એ કોઈ હોટલમાં ઉતર્યો.

"તારો હેન્ડસમ, ટેલેન્ટેડ બોડી બિલ્ડર બોયફ્રેન્ડ આવી ગયો?" નીરવે પૂછ્યું.

"સર, તમે વિચારો છો એવું કંઈ નથી અમારા વચ્ચે... વી આર જસ્ટ ફ્રેન્ડ..."

મહેક નીરવના કહેવાનો ભાવાર્થ સમજી ગઈ. નારાજ થઈને ઉપરના રૂમમાં ચાલી ગઈ. નીરવ પણ એની પાછળ ગયો એને મનાવવા...

"સોરી ડિયર, મારો એવો ઈરાદો ન હતો. તું એને આવતીકાલે લંચ પર બોલાવી શકે છે. બટ આપણી વચ્ચે હવે કોઈ નહીં... ઓકે?" એટલું કહી નીરવે મહેકને પોતાની બાંહોમાં લઈ લીધી. બીજા દિવસે બપોરે કપીલ જમવા માટે નીરવના ઘરે પહોંચ્યો. અરજન્ટ કેસ હોવાથી નીરવને કોર્ટમાં રહેવું પડે એમ હતું. એટલે લંચ માટે ઘરે નહીં આવી શકે એવો ફોન આવી ગયો હતો.

"હાય સ્વીટ હાર્ટ..." કપીલે ઘરમાં પગ મૂકતા જ મહેકને ઊંચકી લીધી. એ જોઈને ઘરનો નોકર બહાર જતો રહ્યો.

"કપીલ, આ મુંબઈ નથી યાર, મર્યાદા રાખવી પડશે. સરને ખબર પડશે તો નારાજ થઈ જશે... સો પ્લીઝ બી કેરફુલ."

મહેકે બહાર ગયેલા નોકર બાજુ જોઈને ધીમા અવાજે કીધું.

"ઓકે ઓકે ડાર્લિંગ... બટ યાર, તારા વગર મુંબઈ ખાલી ખાલી લાગે છે. ફોટોગ્રાફી તો બહાનું છે. હું તો તારા માટે જ અહીં સુધી આવ્યો છું..." કપીલે બંગલામાં નજર ફેરવતા કહ્યું.... "વકીલસાહેબ ખોટા કેસ લડી લડીને ખૂબ માલદાર બન્યા લાગે છે. આલીશાન બંગલો છે, તને તો અહીં ફાવી ગયું લાગે છે... તારા મુંબઈવાળા બોસના ફ્રેન્ડ છે નહીં?"

"હા કપીલ, નીરવ સર દિલના બહુ જ સારા છે. મુંબઈથી આવી ત્યારથી એમના ઘરે જ રહું છું. ખૂબ કેર રાખે છે મારી."

"તું ચીજ જ એવી છો કે કોઈને પણ તારી કેર કરવાનું મન થાય. એટલે તો જો ને હું પણ તારા માટે મુંબઈથી અહીં દોડી આવ્યો."

મહેકે કપીલને ઇશારાથી ધીમે બોલવા કહ્યું. નોકરને બોલાવી લંચ માટે તૈયારી કરી. સાંજે નીરવ ઘરે આવ્યા તો મહેક ઘરે ન હતી. નોકરને પૂછતા જાણવા મળ્યું કે એ કપીલ સાતે ભુજની બજારમાં શોપિંગ કરવા ગઈ છે. થોડીવારમાં ગાડીનું હોર્ન વાગ્યું અને મહેક ઘરમાં પ્રવેશી. કપીલને સાથે ન જોઈ નીરવે પૂછ્યું, "કપીલ ક્યાં છે? હું તો એને મળ્યો જ નથી."

"એ સીધો હોટલે ગયો... આવતીકાલે સફેદ રણ જોવા સાથે આવવાનું કહેતો હતો પણ મેં ના પાડી."

નીરવને મહેકનો ઉત્તર ગમ્યો છતાં પૂછ્યું, "કેમ...?"

"કેમકે મેં તો જોઈ લીધું છે અને તમે સાથે ન હો તો મને ન ગમે. ડિયર, સોરી, હું તમને પૂછ્યા વિના કપીલ જોડે બજાર ગઈ, પણ એણે જીદ જ એવી કરી કે મારે જવું પડ્યું."

નીરવ મહેકની વાતોમાં પીગળી ગયો. બીજે દિવસે નીરવ મહેકને એની ઓફિસમાં લઈ ગયો અને કેટલાક ડોક્યુમેન્ટ પર સાઇન કરવા કહ્યું. મહેકે પેપર્સ પર નજર કરી. એમાં ઓફિસમાં જોબની સાથે 'મૈત્રી કરાર'નો ઉલ્લેખ હતો. મહેકે વિચારવાનો સમય માંગ્યો. બીજા દિવસે મહેકે પેપર્સ પર સાઇન કરી.

"વ્હોટ નોનસેન્સ! તું આવું કેવી રીતે કરી શકે? મહેક તું મારી છો, હું તારા વગર નહીં રહી શકું. હું એ નીરવને પતાવી દઈશ." કપીલ એકદમ ગુસ્સાથી બોલ્યો. મહેકે એને શાંત થવા કહ્યું. હોટલના રૂમની બહાર બેઠેલા નીરવના ડ્રાઇવર સુધી અવાજ ન પહોંચે એનું ધ્યાન રાખતા કપીલને પૂરો પ્લાન સમજાવ્યો... કપીલ સમજી ગયો અને એ સાંજે જ મુંબઈ જવા રવાના થયો.

"મહેક, કપીલને કોલ કરી દેજે. આજે સાંજે કોઈ હોટલમાં સાથે ડીનર પાર્ટી કરીએ. એ બહાને હું પણ એને મળી લઉં." નીરવે ઓફિસેથી આવતા મહેકને કહ્યું.

"એ તો મુંબઈ જવા નીકળી ગયો.. કોઈ મોડેલનું ફોટોશુટ કરવાનો અરજન્ટ કોલ આવ્યો એટલે જવું પડ્યું. એ પણ તમને મળવા માંગતો હતો. સર, તમને વાંધો ન હોય તો હું પણ એકવાર મુંબઈ જઈ આવું. પપ્પાને મળી આવું. વિશાલ સરથી પણ વાત કરી આવું કે હું કચ્છમાં જોબ કરવા માંગું છું" મહેકે જણાવ્યું.

"વિશાલને તો હું ફોનથી જણાવી દઈશ. તું પણ તારા પપ્પા સાથે વાત કરી લે. એક કેસની સુનાવણી પૂરી થાય પછી આપણે સાથે જ મુંબઈ જઈશું" નીરવે કહ્યું.

મહેકને મુંઝવણ એ વાતની હતી કે વિશાલ સર શું વિચારશે.

"નીરવ, આ બધું શું છે? આ ઉંમરે શોભે છે? તારા દીકરાના ઉંમરથી પણ નાની છે મહેક. અને તું આ ઉંમરે મૈત્રી કરાર કરે છે? અને મારા જ હિસ્સાને તું છીનવે છે? કોલેજમાં નીલમને છીનવી ગયો અને હવે મારી સેક્રેટરી મહેક?" વિશાલ એકદમ ગુસ્સામાં હતો પણ નીરવે એને શાંત પાડ્યો. મહેક અને એ સંબંધોમાં ઘણા આગળ વધી ગયા હતા વગેરે વગેરે વાતો કરી વિશાલને સમજાવ્યો.

"હું અને મહેક થોડા દિવસોમાં મુંબઈ આવીએ છીએ ત્યારે રૂબરૂ જ વાત કરીશું."

નીરવે ફોન મૂક્યો અને એક ખૂનના કેસની સ્ટડી કરવા લાગ્યો. થોડીવારમાં નીરવ ઘરે જવા નીકળ્યા. રસ્તામાં નીરવની તબિયત બગડી, છાતીમાં દુઃખાવો ઉપડ્યો. ડ્રાઇવરે સમયસૂચકતા વાપરી સાહેબના ફેમિલી ડોક્ટરની હોસ્પિટલે ગાડી વાળી.

"કપીલ, ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ, હું એકલી મુંબઈ નહીં આવી શકું. નીરવ સાથે આવવાનું કહે છે. એવું હોય તો તું ત્યાં જ કોઈ પ્લાન બનાવ. ફરવાના બહાને નીરવને ક્યાંક લઇ જઇશું અને ત્યાં જ ખેલ ખતમ... થોડા દિવસની વાત છે પછી બધું આપણું જ છે. નીરવે અમુક પ્રોપર્ટી મારા નામે કરી દીધી છે, બાકીનું જોઈ લેશું." મહેક કપીલ સાથે વાતો કરી રહી હતી ત્યારે ડ્રાઇવર ક્યારે ઘરમાં એન્ટર થઇ ગયો હતો એની ખબર જ ન પડી... મહેક થોડી ગભરાઈ ગઈ કે ડ્રાઇવર એની વાતો સાંભળી ગયો હશે તો...


"મેડમ, સાહેબને હોસ્પિટલમાં એડમિટ કર્યા છે... તમે જલ્દી ચાલો."

ડ્રાઇવકે મહેકને સૂચિત કરી. મહેક જલ્દીથી ડ્રેસ ચેન્જ કરી હોસ્પિટલ જવા નીકળી. રસ્તામાં ખૂબ ટ્રાફિક હતો. ડ્રાઇવરે એક જગ્યાએ સાઈડમાં ગાડી ઊભી રાખી મહેકને ટચલી આંગળી બતાવી સામે રહેલી મુતરડી તરફ ગયો. મહેક છાના અવાજે કપીલથી નીરવની તબિયત અંગે વાત કરી રહી હતી ત્યાં પાછળ આવી રહેલી ટ્રકે જોરદાર ટક્કર મારી. પાછળ બેઠેલી મહેક દરવાજામાંથી બહાર ફંગોળાઈ અને ટ્રક એને કચડતી નીકળી ગઈ. મહેકના પ્રાણ ત્યાં જ નીકળી ગયા.

ડ્રાઇવરે લંડન ફોન જોડ્યો : "સની સાહેબ, કામ થઈ ગયું છે."


SHIV™
innovation is our most important asset
WE AT SHIVAM STEEL
BELIEVE THAT BUYING
A SHIV SAFE WILL
PROVIDE YOU WITH
PEACE OF MIND.
chaitanya 9428011134
An ISO 9001:2015 Certified Company
SHIVAM STEEL
MFG. OF : SAFE , STRONG ROOM DOOR , BANK LOCKERS
1, Udhyog Nagar, Shade No. K-11, Jetpur Road, Gondal - 360 311 Gujarat (INDIA)
t : +91 2825 222047, m : +91 98252 15047, w : www.shivsafe.in, e : shivamsteel47@gmail.com

RNI No. GujGuj/2005/16692/Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad- 380 021. Published at: Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chanlla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00